# પ્રભુ ગુણ પ્યાલા પીએ મતવાલા

૧૨૫



લેખક : પ.પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

સંપાદક : મુનિશ્રીકલ્પત્નવિજય મ.સા.



ગૃહમંદિરમાં બિરાજમાન
પૂ. સુમતિનાથ ભગવાન

# પ્રભુ ગુણ પ્યાલા
# પીએ મતવાલા

(૧૨૫)


લેખક

પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ

શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

સંપાદક

મુનિશ્રી કલ્પરત્નવિજય મ.સા.

**લેખક પરિચય**

**સિદ્ધાંત મહોદધિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. સ્વ. આચાર્યદેવ**
**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના**
**પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ, ન્યાય વિશારદ,**
**ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય**
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**સંપાદક**
**મુનિશ્રી કલ્પરત્નવિજયજી**


| પ્રત | કિંમત | સંવત |
|---|---|---|
| ૧૫૦૦ | ૩૦-૦૦ | ૨૦૭૧ |

**ટાઈપ સેટિંગ :**
**પ્રિન્ટ હબ**
બી-૩૦૬, ઓક્સફર્ડ એવન્યુ,
સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ-૧૫
ફોન : ૨૭૫૪૦૬૨૬

**મુદ્રક :**
**યશ પ્રિન્ટર્સ**
૩૮, ફરિયાવાલા એસ્ટેટ,
અવતાર હોટલની સામે,
નારોલ-ઈસનપુર હાઈવે રોડ,
અમદાવાદ ૩૮૨૪૪૩

**પ્રાપ્તિસ્થાન**

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

**C/o. કુમારપાળ વિ. શાહ**
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા ૩૮૭૮૧૦, જિ. અમદાવાદ
ફોન : ૦૨૭૧૪ - ૨૨૫૯૮૧

**અજય સેવંતીલાલ વી. જૈન**
ડી-વિંગ, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ લેન, મુંબઈ-૪
ફોન : ૨૨૪૧૨૪૪૫ / ૨૨૪૦૪૭૧૭

**દિવ્યદર્શન કાર્યાલય**
**C/o. કલ્પેશ વી. શાહ**
૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, ફન રિ-પબ્લિકની સામે, રામદેવનગર ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫, ફોન : ૨૬૮૬૦૫૧૭

.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ



શ્રીમતી મંગળાબેન સુભાષભાઈ ઘોટીવાળા
(હાલ-શાંતુક્રુઝ-મુંબઈ) પરિવારની પૂજ્યશ્રીના
ચરણોમાં કોટિશઃ વંદનાવલિ

# પ્રકાશકીય

પરમ શ્રદ્ધેય ન્યાયવિશારદ આચાર્યદેવશ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિજી એટલે હાલતી ચાલતી જ્ઞાનશાળા. તેઓશ્રી જે પણ વિષય હાથમાં લે તે વિષયના ઊંડાણમાં એવી ડૂબકી લગાવે કે પેલો મરજીવો સાગરમાં ડૂબકી મારીને મોતી-રત્નો લઈને આવે, એમ પૂજ્યપાદશ્રી તે તે વિષયોના હાર્દ સુધી પહોંચી આપણને એનો સરસ સ્વાધ્યાય કરાવે.

પૂજ્યશ્રીએ પૂજ્ય ઉપા.યશોવિજયજી સ્તવન ચોવીશી ઉપર ૧થી૧૫ ભગવાન તથા પૂ. આનંદઘનજી ચોવીશી ઉપર ૧ થી ૬ ભગવાન ઉપર સુંદર મજાની વાચના દ્વારા ગૂઢાર્થ એવા શબ્દોને ખૂબજ સરળભાષામાં એના રહસ્યો આપણને સમજાવ્યા છે. એજ સ્તવન ચોવીશીમાંથી પાંચમાં સુમતિનાથ પ્રભુના સ્તવનો ઉપરની વાચનાનો સંગ્રહ આ પુસ્તિકામાં ધર્મપ્રેમિ સુભાષભાઈ ઘોટીવાળાની અત્યંત ભાવનાથી પુસ્તિકારૂપે પ્રકાશન કરવામાં આવતા અત્યંત હર્ષ અનુભવું છું.

સુભાષભાઈ પૂજ્યશ્રી પ્રત્યે અનહદ ભક્તિ ધરાવનાર છે. તેઓશ્રીના ગૃહમંદિરમાં પણ બિરાજમાન સુમતિનાથ પ્રભુની ભક્તિથી પ્રેરાઈ આ પુસ્તિકા "પ્રભુ ગુણ પ્યાલા-પીએ કિસ્મતવાલા (પુ.નં.૧૨૫) તેમના સહયોગથી પ્રકાશન થઈ રહી છે સાથોસાથ આ પુસ્તકને સુંદર ગેટ - અપ આવવા બદલ નવભારત સાહિત્ય મંદિર વાળા ધર્મપ્રેમિ મહેન્દ્રભાઈનો પણ આભાર માનું છું.

પૂર્વે' સાચા સુમતિનાથ' પુસ્તિકા સુભાષભાઈના સહયોગથી પૂ.આ.રત્નચંદ્રસૂરિ મ.સા.એ પ્રકાશિત કરેલ – તે પુસ્તિકામાંથી સુમતિનાથ સ્વામિનું ચરિત્ર જે ત્રિષષ્ઠીમાંથી તેઓશ્રીએ ટુંકમાં લખેલ તે ચરિત્ર પણ તેમની પુસ્તિકામાંથી પ્રકાશન કરતાં તેમનો પણ આભાર માનું છું.

દિવ્ય દર્શન ટ્રસ્ટ

કુમારપાળ વિ. શાહ

## પ્રસ્તાવના

## ગૃહ જિનાલયનું મૂળ

અમારા પરમ પુણ્યોદયે માનવજન્મની સાથે-સાથે જિનેશ્વર દેવનું શાસન મળ્યું. માતા-પિતાના સુસંસ્કારોનો વારસો મલ્યો.

**પ્રેરણા મળી પુણ્યદાયી**

વિ.સં.૨૦૫૦ની સાલમાં મલાડ-હિરસૂરિ સંઘમાં પૂ. ગચ્છાધિપતિ **આ.શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજ**ના મુખે જિનવાણી શ્રવણ દરમ્યાન ગૃહ જિનાલયના ફાયદા અને દરેક શ્રાવકોએ ઘરમંદિર કરવુંજ જોઈએ.. તે વાત જાણી ને ગૃહ જિનાલયનો સંકલ્પ દૃઢ બન્યો.

ત્યારબાદ, વિ.સ ૨૦૫૧માં પૂ.આ.શ્રી રત્નસુંદર સૂ.મ.સા.ની પ્રેરણાથી સંકલ્પ અતિ પ્રબળ બન્યો. અને, એજ અરસામાં સાંતાક્રુઝ વિસ્તારમાં ફ્લેટ લીધો. અને એજ વખતે પૂ.ઉપા.શ્રી વિમલસેન વિ.મ.સા.ના માર્ગદર્શન અને મુહૂર્ત અનુસારે વિ.મ.સા.૨૦૫૩ કા.વદ-૫, તા. ૩૦-૧૧-૧૯૯૬ના રોજ ગૃહ જિનાલેય પંચધાતુના ભવ્ય સુમતિનાથભગવાન બિરાજમાન કર્યા.

આ સ્થાનમાં ભગવાન લગભગ ૧૬ વર્ષ રહ્યા. અનેક આત્માઓએ પરમાત્માની ભક્તિ આદિ કરી ખૂબજ પુણ્ય ઉપાર્જન કરેલ.

શાંતાક્રુઝમાં આવ્યા બાદ ધર્મની સારી આરાધના થઈ શકે એટલે શ્રીસંઘ મંદિરની નજીક નવી જગ્યામાં રહેવા જતાં પ્રથમ પ્રભુજીને

માટે દેવકુલિકાનું નિર્માણ કરી સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંત દીવાકર પૂ.આ.જયઘોષસૂરિ મ.સા.પૂ.આ જયસુંદરસૂરિ મ.સા.પૂ.આ. રત્નચંદ્રસૂરિ મ.સા.તથા પૂ.આ હરિકાંતસૂરિ મ.સા. આદિ વિશાલ મુનિ ભગવંતોની નિશ્રામાં સં.૨૦૬૯ માગસર સુદ ૩ ના શુભ દિવસે નૂતન ગૃહમંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા ઉલ્લાસ પૂર્વક ભવ્ય રીતે થઈ આજે પણ અનેક આત્માઓ દર્શનાદિ દ્વારા સમ્યકત્વાદિ ગુણોને વધુને વધુ નિર્મળ કરી રહ્યા છે. ધન્ય ધન્ય હે પ્રભુજી ! ધન્ય આપનું શાસન.

– સુભાષભાઈ ઘોટીવાળા

શાંતાક્રુઝ
મુંબઈ

## સુકૃતના સહભાગી

પરમ પૂજ્ય પિતાશ્રી વેણીચંદભાઈ

તથા

પરમપૂજ્ય માતુશ્રી લીલાબેનના

જીવનની સુકૃત્યોની અનુમોદનાર્થે

અ.સૌ. મંગલાબેન સુભાષભાઈ

ઘોટીવાલા

જતિન – ટિવંક્લ

સૌરિન – કુંજ – શૈલ પરિવાર

Tel. ૨૬૪૬૩૦૨૪

B/૩૦૧, સેવાય રેસિડેન્સ

પોદાર સ્કુલ પાસે

જૈન દેરાસર રોડ

શાંતાક્રુઝ (વેસ્ટ) મુંબઈ. ૫૪

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રી સુમતિનાથજિન સ્તવન વિવેચના-૧ | ૧ |
| ૨. | અભિમાન રોકવા ૪ વિચારણા | ૭ |
| ૩. | 'સુમતિ' નામ શા માટે ? | ૧૪ |
| ૪. | લાલભાઈ શેઠનો માતૃપ્રેમ | ૧૮ |
| ૫. | કવિ પંડિત ધનપાલનો પ્રભુગુણ - પ્રેમ | ૨૦ |
| ૬. | શ્રી સુમતિનાથ જિન સ્તવન | ૨૫ |
| ૭. | અવધૂત યોગી પ.પૂ. આનંદઘાજી કૃત પાંચમાં સુમતિનાથ જિન સ્તવન | ૨૬ |
| ૮. | શરીરધારી આત્માની ત્રણ અવસ્થા છે | ૩૨ |
| ૯. | સુરતના યુવાનની સાધર્મિક ભક્તિ | ૩૮ |
| ૧૦. | બહિરાતમ ભાવને છોડ | ૪૨ |
| ૧૧. | બહિરાત્મભાવ તજવાનો એટલે શું ? | ૫૧ |
| ૧૨. | સંત તુલસી | ૫૭ |
| ૧૩. | સાંતુ મહેતા | ૬૧ |
| ૧૪. | શાલિભદ્રનો- ગજ સુકુમાલ આદિના દૃષ્ટાંતો | ૬૪ |
| ૧૫. | અંતરાત્મભાવમાં સ્થિર થવા વિચારણા | ૭૧ |
| ૧૬. | ઢંઢણઋષિનું વીતરાગ દર્શન કેવું ? | ૭૩ |
| ૧૭. | ભ્રમણા શું છે ? | ૮૨ |
| ૧૮. | સાઇકોલોજીસ્ટ ડૉક્ટર | ૯૨ |
| ૧૯. | પરમ પદાર્થ એટલે શું ? | ૧૦૨ |
| ૨૦. | જિનવચનનો રસ | ૧૦૪ |
| ૨૧. | શ્રી સુમતિનાથ ભગવાન ચરિત્ર | ૧૦૮ |
| ૨૨. | ચૈત્યવંદન વિધિ વિભાગ | ૧૨૨ |
| ૨૩. | નિત્ય આરાધના વિધિ | ૧૩૦ |
| ૨૪. | શ્રી સુમતિનાથજિનેશ્વરના પૂર્વભવ, જન્મ, દીક્ષા-છદ્મસ્થકાળ વિગેરેના ૬૨ બોલ | ૧૩૩ |
| ૨૫. | અમારા પરમ ઉપરકારી પૂજ્ય પિતાશ્રી વેણીચંદભાઇ પૂજ્ય માતુશ્રી લીલાબેન | ૧૩૬ |

## શ્રી સુમતિનાથજિન સ્તવન

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ...૧

સજજનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહેંકાય... સોભાગી...૨

આંગળિયે નવી મેરુ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ; સોભાગી...૩

હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સૌભાગી...૪

ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
**વાચક યશ** કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર...૫

# પ.પૂ. ઉપાધ્યાય યશોવિજય કૃત

## શ્રી સુમતિનાથજિન સ્તવન વિવેચના-૧

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ...૧

**ભાવાર્થ :** મારા મનની પ્રીત સુમતિનાથ ભગવાનના ગુણો પર ઢળવાથી વધતી રહે છે. જેમ કે, તેલનું ટીપું (પાણી પર પડે તો) પાણી પર વિસ્તાર પામી જાય છે. (પ્રભુના ગુણો પર પ્રીતિનાં વિસ્તારનું કારણ) 'સોભાગી જિનશું'... સૌભાગ્યવંતા જિનેન્દ્ર ભગવાન પરમને અવિહડ (વિઘટન ન થાય એવો) રંગ લાગ્યો છે.

**વિવેચન :** ચોથા અભિનંદન સ્વામીની સ્તુતિમાં જિનમૂર્તિ અને જિનવાણી મળતાં કેટલો બધો અનહદ આનંદ થાય છે એ ઉપમાઓથી વ્યક્ત કર્યો. હવે એ પ્રશ્ન છે કે 'પ્રભુ મળી ગયા તેટલા માત્રથી શું ?' પણ મનમાં પ્રભુ પર અવિહડ અવિચળ રંગ જમાવવો જોઈએ, અને તે શી રીતે બને ? તો કે પ્રભુના ગુણની પ્રીતિ એવી ઊભી કરાય કે એ વધતી ને વધતી જ રહે. તો રંગ જામે. તેથી કવિ અહીં કહે છે –

**'સુમતિનાથ ગુણશું મિલીજી...'** સુમતિનાથ ભગવાનના ગુણો જે બીજા દેવી-દેવતાઓમાં જોવા ન મળે એવા ઉત્કૃષ્ટ, અજોડ અને અપરંપાર છે કે એ વીતરાગ અરિહંતના ગુણો પર મારા મનની પ્રીત જામી પડી છે.

**પ્રભુમાં અજોડ ગુણો શાથી ?**

**પ્રશ્ન :** ભગવાનમાં આ અન્યત્ર અલભ્ય એવા ઉત્કૃષ્ટ, અજોડ, અને અપરંપાર ગુણો શીરીતે આવ્યા ? તો કે,

**ઉત્તર : (૧) પહેલું તો અરિહંત પ્રભુના આત્મામાં અનાદિ કાળથી વિશિષ્ટ તથાભવ્યત્વ હોય છે, અને અજિનસિદ્ધ થનારા બીજા ભવ્ય જીવો કરતાં વિશિષ્ટ પ્રશ્ને અનેરું તથાભવ્યત્વ હોય છે; એથી એ ગુણો પ્રગટ થાય છે.**

**(૨) પ્રભુની અંતિમ પૂર્વના ત્રીજા ભવની ત્રણ સાધના : જેવી કે –**

**(A) જ્વલંત સમ્યગ્દર્શન, (B) સર્વજીવ કરુણા અને (C) અરિહંતાદિ ૨૦ સ્થાનકની જ્વલંત સાધના. એટલી બધી ઉચ્ચ કોટિની હોય છે કે એથી આત્માના કંઈ કચરા સાફ થઈ જવાથી આવા અતિ દુર્લભ અને અનુપમ અપાર ગુણો પ્રગટે એમાં નવાઈ નથી. ઇતર દર્શનોમાં પરમાત્મા બનવાની આ કોઈ પ્રક્રિયા જ નથી. એમને તો અનાદિસિદ્ધ પરમાત્મા માનવા છે, પરંતુ**

**અનાદિ પરમાત્મા માનવા એ યુક્તિહીન માન્યતા છે. એવા પરમાત્મા હોય એ કોઈ યુક્તિથી સિદ્ધ નથી. વળી એવા પરમાત્મા જગતને કશા ઉપયોગના પણ નહિ; કેમ કે અનાદિસિદ્ધ અને અરૂપી નિરંજન નિરાકાર આત્માને શરીરાદિ નહિ, પછી ભગવાન ધર્મ – ઉપદેશ પણ શી રીતે દે ? અને ધર્મસંઘ પણ શી રીતે સ્થાપે ? અને સંઘને ઉચિત કર્તવ્યો અને હિતમાર્ગ પણ શી રીતે બતાવે ? જ્યાં અનાદિસિદ્ધને બોલવાનું જ નહિ, ત્યાં અજ્ઞાન જગતને જ્ઞાન – પ્રકાશ કોણ આપે ? તેમ એવા પરમાત્માને જગત ઓળખે પણ શી રીતે ?**

**પ્રશ્ન : મહર્ષિઓ ઉપદેશ આપે ને ? એ અનાદિસિદ્ધ પરમાત્માની ઓળખ કરાવે ને ?**

**ઉત્તર : પણ મૂળ વાત તો એ છે કે મહર્ષિઓ પણ શી રીતે મહર્ષિ બની શક્યા ? મહર્ષિ બનવાનો માર્ગ ક્યાંથી શીખ્યા ? જો કહો કે પૂર્વમહર્ષિ પાસેથી શીખ્યા ? તો શું મહર્ષિની પરંપરા અનાદિથી ચાલી આવે છે ? એમ હોય તો પછી અનાદિ શુદ્ધ પરમાત્મા માનવાની જરૂર જ શી રહે ? તેથી ખરી વસ્તુ એ છે કે મહર્ષિઓમાંથી કોઈક**

વિશિષ્ટ સાધનાના બળે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા થાય છે, અને એ ધર્મશાસન સ્થાપે છે. હિતનો ઉપદેશ આપે છે. યોગ્ય જીવોને દ્વિવિધ ધર્મ ગૃહસ્થધર્મ – સાધુધર્મ આપે છે. એમ અરિહંત પરમાત્મા બનનારમાં અપાર ગુણસમૂહ હોય છે. એ ગુણો મન પર ઓવારી જાય એવું હોય છે; કેમ કે આપણી નાની બાબતમાં ય રાગ–દ્વેષ, હરખ – શોક વગેરે ખરાબીઓ ક્યાં ? અને પરમાત્મામાં ભારે અનુકૂળતા છતાં રાગ નહિ ! ભયંકર દુશ્મન પર દ્વેષ નહિ ! એવી વીતરાગ અવસ્થા ક્યાં ? આ જોઈને અરિહંતના ગુણ પર હૈયું ઓવારી જાય ! તેમ એમનાં ગુણો પર અથાગ પ્રેમ પ્રીતિ થાય એ સહજ છે.

કવિ કહે છે : 'ભગવાનના ગુણો પર લાગેલી પ્રીતિ વધતી ચાલે છે.' કેમ ?

પ્રભુભક્તને સંસારની વિટંબણા અધિકને અધિક ખટકતી જાય છે; તેથી પ્રભુ પર પ્રીત વધતી જાય એ સહજ છે.

**'તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહી ભલી રીતિ...'**

પાણી પર તેલનું ટીપું પડે, તો એ નાનું પણ ટીપું જળની સપાટી પર ફેલાઈ જાય છે. એમ પ્રભુના ગુણો પર મારી પ્રીતિ ફેલાઈ જાય છે, પ્રસરી જાય છે. વળી પાણીમાં બીજું પાણી પડીને અથવા એ જ પાણી પહોળી સપાટીના વાસણમાં નંખાઈ જાય તો પાણીની સપાટી મોટી થાય તો તેલબિંદુનો પ્રસાર વધે છે. તેલનો સ્વભાવ છે કે એનો સ્થૂળ અણુ અણુમાં વિભાજિત થઈ, જલના અણુ અણુ પર પ્રસરી જાય છે. એમ પ્રભુના ગુણો પર લાગેલી પ્રીતિનો સ્વભાવ એવો છે કે જેમ જેમ પ્રભુના અધિકાધિક ગુણ મન પર આવતા જાય તેમ તેમ એના પર મનની પ્રીતિ વધુને વધુ પ્રસરતી જાય. ત્યારે પૂછો –

**પ્રશ્ન :** પ્રભુના ગુણો કયા કયા ?

**ઉત્તર :** પ્રભુના ગુણો અનંતા છે, શે ગણાવાય ? પરંતુ સંક્ષેપમાં પ્રભુના ગુણો કયા ? વીતરાગતા, નિર્વીકારતા, ઉદાસીનતા, ઉપશમ,

સહિષ્ણુતા, નિર્વિકલ્પતા, વાત્સલ્ય, કરુણા... વગેરે વગેરે. આપણે **ચરમાવર્તમાં આવ્યા પછી, અને એમાંય ભવાભિનંદિતાના પાયાનો દોષ ટાળ્યા પછી સહેજે ગુણ પર પ્રીતિ થાય.** એમાં વળી વીતરાગ પ્રભુના ગુણ જોવા મળ્યા, એટલે તો એના પર આપણા હૃદયની પ્રીતિ ઊછળી પડે, અને એમાં એવી ભળી જાય કે એ પછી બીજે જવી મુશ્કેલ બને. અર્થાત્ વીતરાગના ગુણો જોવા ગમે, અને એના પર હૈયું જેવું ઓવારી જાય, એવું દુન્યવી કશું ન ગમે, દુન્યવી કશા પર હૈયું ન ઓવારી જાય.

**પ્રશ્ન :** આમ પ્રભુના ગુણો પર પ્રીતિ વધવાનું મુખ્ય કારણ શું ?

**ઉત્તર : કવિ કહે છે –'સૌભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ.'**

ગુણો પર પ્રીત થવાનું કારણ એ, કે એ ગુણો કોના ? જિનેશ્વર ભગવાનના; અને મૂળ પાયામાં એ ભગવાન જ એવા સૌભાગી છે, એવા સૌભાગ્યવંતા છે કે મને એમના પર અવિહડ રંગ લાગ્યો છે. જે વ્યક્તિ પર 'અવિહડ' યાને 'અવિઘટ' એટલે કે 'વિઘટન'– વિનાશ ન પામે એવો રંગ લાગ્યો હોય, એના ગુણ બહુ ગમે.

**ગૌતમ મહારાજને પ્રભુ પર અવિહડ રંગ :**

ઇંદ્રભૂતિ ગૌતમને મહાવીર પ્રભુથી પોતાનો સંશય ભેદાઈ જવા માત્રથી મહાવીર પ્રભુ ગમી ગયા. પ્રભુશું અવિહડ રંગ લાગી ગયો ! તે એવો કે હવે ઘરે પાછા જ જવું નથી ! તો પછી પ્રભુના ગુણોમાં એમની પ્રીત કેવીક ભળી ગઈ ?

પ્રભુના ગુણો સિંહાવલોકન દૃષ્ટિથી જોઈએ તો – દા.ત. પ્રભુમાં સહિષ્ણુતાનો મોટો ગુણ દેખાય, જેણે ઉત્થાન અને પ્રગતિ કરવી હોય એને આ અતિ જરૂરી ગુણ છે. આપણે કાંઈક પણ સહન કરવાની વાત આવે ત્યાં મન કચવાટ અનુભવે છે, ઝટ ભાગવાનું કે સામનો કરવાનું મન થાય છે. ત્યારે પ્રભુએ એક હિસાબ રાખ્યો છે.

પ્રભુનો એક હિસાબ – કે 'જે આવે તે આનંદથી સહી લેવું, મનથી વધાવી લેવું.'

મહાવીર ભગવાન જનમથી મહાજ્ઞાની છે, છતાં માતાપિતા એમને મોહથી મહેતા પાસે ભણાવવા માટે નિશાળે મૂકવા ચાલ્યા ! સરસ્વતીને ભણવા બેસાડવી એના જેવું આ તદ્દન અજુગતું વર્ધમાન કુમારને પંતુથી પંડિત પાસે નિશાળે ભણવા બેસાડવાનું કાર્ય છે; પણ વર્ધમાનકુમાર કશો ઇનકાર કરતા નથી કે એક અક્ષર પણ બોલતા નથી કે 'મહેતો કેટલું ભણ્યો છે ? મને શું ભણાવશે ?'... ના, એ

'તો જે આવ્યું તે શાંતિથી સહી લેવાનું, વધાવી લેવાનું.'

આ જ હિસાબ રાખ્યો છે, તો પૂછો –

**પ્રશ્ન :** આમલકી ક્રીડામાં પરીક્ષા કરવા આવેલ દેવતાએ પ્રભુને ખભે લઈ તાડ જેટલું ઊંચું રૂપ કરીને ડોળાં કાઢી પ્રભુને બીવડાવવાનું કર્યું, ત્યારે કેમ પ્રભુએ એ સહીં ન લીધું ? કેમ વધાવી ન લેતાં દેવને મુઠ્ઠી મારીને નીચે બેસાડ્યો ?

**ઉત્તર :** આનાં બે કારણ – (૧) એક તો સાથે રમવા આવેલા નાના છોકરાં ગભરાઈ ગયા હોય, એમને શાંતિ અને હિંમત આપવા માટે પ્રભુએ દેવતાને બોધપાઠ ભણાવ્યો. (૨) બીજું કારણ આ, ઇંદ્રસભામાં ઇંદ્રે કરેલી પ્રભુ–પ્રશંસા પર મિથ્યાત્વી દેવતા પ્રભુને એક સામાન્ય મનુષ્ય બાળક સમજી અહીં પ્રભુને ડરાવવા આવ્યો છે, તો એને સમજાવી દેવું હતું કે 'અનંત બળી અરિહંતજી, આ કોઈ સામાન્ય બાળક નહિ આ તો અસાધારણ બાળક છે.' માટે એને પ્રભુએ મુઠ્ઠી મારી, તે મુઠ્ઠી પ્રહાર દેવને પણ અસહ્ય હતો, તેથી હવે દેવતાને ભાન થતાં એ પ્રભુને નમી પડ્યો અને ભગવાનની ક્ષમા માગી.

મહાવીર ભગવાનનો એક ગુણ 'સંસારી લાલચો ફગાવી દેવાનો' :

ભગવાને ચારિત્ર લીધું ને કઠોર સાધનામાં લાગ્યા. ત્યાં પૂર્વના સંસારસુખ – સગવડ, માન – સન્માન, ખાનપાનાદિ લેશમાત્ર પણ એ યાદ નથી કરતા કે 'હું તો આવા સુખ–સન્માનવાળો રાજકુમાર હતો ને મારે આ સહવાનું ?' ના, કેમ કે સાંસારિક લાલચો કશી રાખી નથી. ભગવાનનો વૈરાગ્ય કેવો ? તો કે ભગવાન જન્મથી મહાવૈરાગી છે. ભગવાન ઘરે હતા ત્યારે એમને સારું ખાવાપીવા – પહેરવા – ઓઢવા માટે મનાવવા પડે. એટલે તો મહાવીર મોટા થયા ત્યારે પિતા સિદ્ધાર્થરાજાને વિચાર આવે છે કે આવા વૈરાગીને વિવાહ કરવાનું કહેવું કેવી રીતે ? પ્રભુને ભોગાવલિ બાકી છે એ પોતે જાણે છે છતાં પ્રભુને પરણવાની લાલચ નથી.

પ્રભુનો એક મહાન ગુણ નિરભિમાનતાનો :

જન્મતાં ઇંદ્ર – ઇંદ્રાણીઓ ભગવાનનો મેરુ પર જન્માભિષેક ઊજવે છે છતાં પ્રભુને લેશ માત્ર અભિમાન નથી કે 'મારું કેવું સન્માન થઈ રહ્યું છે ?' જન્મતાં મેરુને ડોલાવનારા મહાવીર ભગવાન તેમના કાનમાં ખીલા ઠોકવા ઇચ્છતા ગોવાળિયાને અનુકૂળ થઈને રહ્યા ! જેથી પેલો સહેલાઈથી પ્રભુના કાનમાં ખીલા ઠોકી શકે ! કેવી પ્રભુની વત્સલતા ! સહિષ્ણુતા ! ધીરતા ને વીરતા ! કેવી ક્ષમા ! ને નિર્વિકારતા ! 'ગુણશું મિલીજી વાધે મુજ મન પ્રીત' એટલે કે પ્રુભના આ આવા ગુણો આપણને ગમ્યા. એટલે આપણને પણ ભગવાનની સહિષ્ણુતા – નિસ્પૃહતા – નિરાભિમાનતા – નિર્વિકારતા – ક્ષમા – સમતા વગેરે ગુણો પર અહોભાવ થાય, એ ગુણબીજાધાન છે, ગુણોના બીજનું વાવેતર છે. 'બીજં સત્પ્રશંસાદિ' એમ શાસ્ત્ર કહે છે – પણ ગુણ – પ્રશંસા ત્યારે જ થાય કે જો ગુણ ગમે, ગુણ પર પ્રીતિ થાય તેમ પ્રભુ ગુણ પરની પ્રીતિ વિસ્તારી તેના પર અહોભાવ થયો એટલે દોષ ને દોષ પ્રેરક વિષયો પરથી મન ઊભગે, 'છટ્ ! દોષો કેવા નઠારા !' એમ મનને થાય.

# અભિમાન રોકવા ૪ વિચારણા

**પ્રશ્ન :** ભગવાનને એવી ઇંદ્રો-ઇંદ્રાણીઓથી મેરુ પર્વત પર અભિષેક કરવાની મહાસન્માનની અવસ્થામાં અભિમાન કેમ નહીં ?

**ઉત્તર :** કારણ એ છે કે પ્રભુને ખ્યાલ છે કે –

(૧) 'હું અનંત કર્મોનો ગુલામ છું' આ વિચારથી લાગે કે 'ગુલામને શું અભિમાન શોભે'?

(૨) મેં પૂર્વ ભવેથી ભવયાત્રા પડતી મૂકી મોક્ષયાત્રા આરંભી છે, એટલે હું સર્વથા કષાય – ક્ષયનું જીવન જીવવા નીકળ્યો છું. તેમ વચ્ચે આવી પડતાં આ માન-સન્માનમાં અભિમાન કષાય કેમ કરાય ?

(૩) 'મારી પહેલા અનંતા અરિહંતના આ રીતે મેરુ પર્વત પર મહોત્સવ થયા તે બધાએ અભિમાન નથી કર્યા, તો મારે અભિમાન શા કરવાના ?' આ વિચારે ભગવાનને અભિમાન નહીં, તેમ

(૪) ભગવાન 'આ સન્માનમાં પોતાના આત્માનું શું વળ્યું ?' આ વિચારથી પણ અભિમાન નથી કરતા.

**ભગવાનની બાળપણમાં ય અનાસક્તિ :**

આ બધાં ભગવાનના અદ્ભુત ગુણો છે. તેમ ભગવાન બાળપણમાં પોતાના અંગુઠામાંથી અમી પીએ છે, પણ ત્યાં માતાનું સ્તનપાન નથી કરતા; એમને માતાને બાઝી પડવાના કોડ નથી ! બાળ ભગવાન રમવા જતા, તે પણ પોતાના રસથી નહિ કિન્તુ બીજા નાના બાળકોનાં આગ્રહને વશ એમનું મન રાખવા માટે જ જતા. તેમ ભગવાનને વળી મોટા થયે રાજપાટ – પત્ની – પરિવાર – ખજાના વગેરે કશા પર આસક્તિ – આકર્ષણ નથી હોતું. લગ્નમાં કે રાજ્ય ચલાવવામાં એ અનાસક્ત જ રહે છે. ભગવાન જીવંત છે, નીરોગી છે, છતાં દિલમાં આની કશી ઊર્મિ જ ઉઠવા દેતા નથી.

તેમ સાધુપણામાં ભગવાનને આવીને હાલી - મવાલી જેવા દુષ્ટો સતાવી જાય છે, છતાં અતુલબળી ભગવાન રોષ કરતા નથી, છંછેડાતા નથી. ભગવાને બળનો ઉપયોગ શત્રુનો સામનો નહિ પણ સહન કરવામાં કર્યો ! એ અનંતબળી ભગવાનની સહિષ્ણુતા સહન કરવાની વૃત્તિ કેવી ! કે ચાહીને કર્મક્ષયાર્થે અનાર્ય દેશમાં ગયા ! આ બધા ભગવાનના ગુણોમાં મારી પ્રીતિ તેલની જેમ વિસ્તાર પામે છે !

ભગવાનનું સૌભાગ્ય કેવું ?

આમેય દુનિયામાં સામાન્ય સૌભાગ્યવાળાનાય પગલાં સૌને ગમે છે, તો તીર્થંકર ભગવાન તો વિશિષ્ટ સૌભાગ્યવાળા ! તે કેવા ? તો કે ઓછામાં ઓછા એક કરોડ દેવતા તો ચોવીસે કલાક એમની સાથે હોય, તે પણ લોકાચારમાં આવેલાની જેમ સુસ્ત મુખમુદ્રાવાળાને મૂંગા મૂંગા બેઠેલા નહિ, પરંતુ ગીતગાન, વાજિંત્રનાદ, નૃત્ય, રાસડા વગેરે કરતા ત્યાં રહેલા હોય; આ પ્રભુનો વિહાર હોય તો પ્રભુની સાથે ચાલતા હોય. પ્રભુનું વિશિષ્ટ સૌભાગ્ય કેવું તો કે પ્રભુ ચાલે ત્યારે વૃક્ષો નમે ! પંખેરા ગગનમાં પ્રદક્ષિણા ઘૂમરી દેતા ચાલે ! ચારેકોરથી ટોળેટોળા લોકો જોવા દોડ્યા આવે ! એમને પ્રભુ પાસેથી ખસવાનું મન ન થાય. અરે ! ઇંદ્રો ને દેવતાઓ આવ્યા કરે ! દેવીઓ - ઇંદ્રાણીઓ આવે ! તેઓ પ્રભુને હરખભેર ટગરટગર જોતા જ રહે. પ્રથમ જિનેશ્વરના સ્તવનમાં કહ્યું -

'કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય'

અર્થાત્ જેમ ભૃંગ - ભમરા કલ્પવૃક્ષ પર લપટાય એમ ઇંદ્રાણીઓનાં નયન પ્રભુ પર લપટાય છે. આવા અવ્વલ સોભાગી-સૌભાગ્યવંતા જિનેશ્વર પ્રભુ સાથે અવિહડ - અવિઘટ રંગ - અવિનાશી રંગ લાગે એમાં શી નવાઈ ?

પાણી પર તેલબિંદુની જેમ આ પ્રભુના ગુણો પર પ્રસરનારી પ્રીત દિલમાં દાબી રાખી શકાય એવી નથી એ વાત કવિ હવે બીજી ગાથામાં કહે છે -

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહેંકાય... સોભાગી...૨

ભાવાર્થ : સજ્જન પુરુષ સાથે જે પ્રીત ઊભી થાય તે છૂપી રાખી શકાતી નથી (દા.ત.) કસ્તુરીની સુવાસ (છૂપી ન રહેતાં) પૃથ્વી પર મહેંક મહેંક થાય છે.

વિવેચન : સજ્જન સાથેની પ્રીતિનું કાર્ય : કોઈ સજ્જન પુરુષ પ્રત્યે આપણાં દિલમાં જો આવી કોઈ પ્રીત ઊભી થઈ ગઈ હોય, તો એ દિલમાં ગુપ્ત દાબી – દબાઈ ન રહેતાં વ્યવહાર અને વાણીમાં વ્યક્ત થાય છે. દા.ત. એ સજ્જન 'અહો ! અહો ! પધારો પધારો સાહેબ !' પછી આસન–પ્રદાન, કુશલ–પૃચ્છા જલપાનાદિ ભક્તિ... વગેરે કરી એમનાં ગુણગાન કરીએ છીએ. ઇત્યાદિ ઇત્યાદિ વાણી – વર્તાવનો વ્યવહાર સજ્જન પ્રત્યેની પ્રીત પર ચાલે જ છે, ને બધાં વ્યવહારોથી પ્રીત વ્યક્ત થઈ જ જાય છે; પરંતુ આવા કશા વ્યવહાર વિના સજ્જન સાથેની પ્રીતિને દિલમાં ગુપ્તપણે દાબી શકાતી નથી. અંતરમાં જો ખરેખર પ્રીત છે તો તે વાણી – વર્તાવમાં ઊતર્યા વિના રહે જ નહિ. દા.ત. કસ્તુરીની સુવાસ એવી હોય છે કે એ છૂપી રાખી શકાતી નથી; એ તો પૃથ્વી પર પ્રસરે જ છે. એમ સજ્જન પરની પ્રીત દિલમાં છૂપી ન રહેતાં વાણી – વર્તાવના વ્યવહારમાં ઊતરે જ છે. કવિ કહે છે, બસ એજ રીતે મારા દિલમાં જાગેલી પ્રભુ પર ને પ્રભુનાં ગુણો પરની પ્રીતિ એમ જ અંદરમાં છાની છૂપી ગુપ્ત રહી શકતી નથી, બલકે એ પ્રીત પ્રભુનાં દર્શન – પૂજન – સ્તુતિ વગેરે વગેરેમાં પ્રગટ થઈ જ જાય છે.

વાત સાચી છે. બીજા દેવોને છોડીને વીતરાગ પ્રભુનાં દર્શન – પૂજનાદિ થાય તે એ પ્રભુ પ્રત્યે પ્રેમથી આકર્ષાયા વિના થોડા જ થાય છે ? પ્રેમથી આકર્ષાઈને જ દર્શન – પૂજનાદિ થાય છે. એટલે એ દર્શન – પૂજનાદિમાં પ્રેમ વ્યક્ત થાય છે. આમ પ્રેમ ગુપ્ત રહી શકતો

નથી. એ સજ્જનના માત્ર સન્માન જ કરવાનાં હોય એવું નથી. કિંતુ સજ્જનના ગુણોનું અનુકરણ પણ કરવાનું હોય છે; જેમ કે, સજ્જન જો સારો દાતાર છે, તો એના દાનનું અનુકરણ થાય, યથાશક્તિ દાન દેવાય. જો તપસ્વી છે તો એના તપનું અનુકરણ થાય. ત્યારે પ્રભુ તો શ્રેષ્ઠ સજ્જન છે, તો પ્રભુ સાથેની પ્રીતમાં પ્રભુનાં પૂજન - બહુમાન-ગુણગાન ઉપરાંત પ્રભુના ગુણોનું અલ્પાંશે પણ અનુકરણ થાય. 'મારા ભગવાનને મહાત્યાગ કર્યા હતા, તો હું પણ મારાં જીવનમાં થોડો થોડો તો ત્યાગ અપનાવું !' એમ ભગવાનની તપસાધના - સંયમસાધના વગેરેને લઈને સ્વજીવનમાં એ અલ્પાંશે ઉતારાય અને એ માટે 'ભગવાન્ ! તારા સેવકપણાનું નામ ધરવા ખાતર આટલું તો મારે કરવું જ જોઈએ ને એમ જીવનમાં ત્યાગ તપ વગેરે આચરતા રહેવાય, એમાં અંતરમાં રહેલો પ્રભુપ્રેમ વ્યક્ત થાય છે.

એમ, જેવી રીતે પત્નીને જો પતિ પર હૈયામાં પ્રેમ છે, તો એ જ વિચારે છે, કે 'અમુક બાબત હું કરું એ એમને ગમતું નથી, તો તો મારે એ નહિ જ કરવી જોઈએ' અને એમ એ ન કરે, એમાં પતિ પ્રત્યે પ્રેમ વ્યક્ત થાય છે.

**પ્રભુના પ્રેમ ખાતર :**

એવી રીતે જો આપણા હૈયામાં પ્રભુ પર પ્રેમ છે તો મનને એમ થાય કે, 'મારા પ્રભુને હું હિંસા - જૂઠ - ચોરી આદિ કરું એ નથી ગમતું'. અને હૈયામાં એવું થવાથી પ્રભુની ખાતર એ પાપોનો અપકૃત્યોનો જીવનમાંથી ત્યાગ થાય. એ ત્યાગમાં પ્રભુનો પ્રેમ વ્યક્ત થાય છે આપણે પ્રભુના પ્રેમની ખાતર રોજ પ્રભુની સુંદર પૂજાભક્તિ કરતા હોઈએ એમ સાથે સાથે ૧૨ તિથિ કાંઈ ને કાંઈ તપ કરતા રહીએ, ને અવસરે અવસરે બોલતા હોઈએ કે પ્રભુ પરના પ્રેમથી, પ્રભુ ખાતર આટલું થઈ જાય છે, તો એ જોનાર એમ બોલે છેકે 'ભાઈ ! આમનામાં પ્રભુ પર ભારે રાગ છે, તે પ્રભુની ખાતર આવા તપ જપ

કરતા જ રહે છે. એમના ત્યાગ તપ કહી રહ્યા છે કે, એમના હૈયામાં પ્રભુ પ્રત્યે પ્રેમ ઉછળી રહ્યો છે. તાત્પર્ય, સજ્જન સાથેની પ્રીતની જેમ પ્રભુ સાથેની પ્રીતિ અંતરમાં છૂપી રહેતી નથી; પરંતુ એને અનુરૂપ પૂજા – ભક્તિ – સન્માન – ગુણગાન વગેરે કરવા – કરાવવા દ્વારા બહાર પ્રગટ થાય છે. અહીં પ્રશ્ન થાય –

**પ્રશ્ન :** અંતરમાં પ્રભુ પર પ્રેમ તો અમારે છે, છતાં કેમ અમારાથી બહારમાં એવા ઉત્તમ ભક્તિ આદિ કાર્યો નથી થતા ?

**ઉત્તર :** એ થાય, જો એમ વિચારવામાં આવે કે જે આ પ્રભુભક્તિ આદિના શુભ કાર્યોમાં હું શિથિલતા કરું છું, એની પ્રત્યે તદ્દન આંખ મિંચામણા કરું છું, તેનું કારણ ધન, વેપાર, કુટુંબ આદિની અતિશય રાગભરી ભરચક પ્રવૃત્તિ છે. પરંતુ એમાં ભય મોટો છે કે **'એમ ધન – વેપાર – કુટુંબને ખાનપાનાદિને બહુ ગમતા કરવામાં રખેને પ્રભુ મારે અણગમતા થઈ જાય તો ?'** જો આ વિચાર વારેવારે મનમાં આવ્યા કરે તો પ્રભુ અણગમતા થઈ જવાના ભયથી, એ ધન – વેપાર – ખાનપાનાદિ બહુ ગમતા ન કરાય; અને એ બહુ ગમતા ન રહે એ માટે એની બહુ પ્રવૃત્તિ પર કાપ મૂકાય, પ્રવૃત્તિ ઓછી કરાય, ને એથી બચતા સમયમાં એના સ્થાને ધર્મપ્રવૃત્તિ – શુભપ્રવૃત્તિ વધારાય.

**પુદ્‌ગલની બહુ પ્રવૃત્તિ પુદ્‌ગલના પ્રેમને પોષે છે :**

બીજી વાત એ છે કે આપણે પ્રભુને બહુ ગમતા કરવા છે, અર્થાત્ મનને એમ ઠસાવવું છે કે 'મને પ્રભુ બહુ ગમે' તો સાથે આ અવશ્ય ધ્યાનમાં રહે કે **પ્રભુ પરની પ્રીત જીવનની બધી વાતમાં ઉતારવી જોઈએ.** દા.ત. 'મારા પ્રભુને હું અપ્રિય બોલું, અસત્ય બોલું, બીજાના હૃદયને આઘાત લગાડે એવું બોલું, એ મંજૂર નથી; તો પ્રભુ પરના પ્રેમની ખાતર પ્રભુને અમંજૂર એવું મારે નહિ બોલવાનું–નહિ કરવાનું.

આમ જો વારે વારે અસત્ બોલ, ચાલ અને વિચાર પર પ્રભુની ખાતર અંકુશ રાખીએ, તો પ્રભુ પરની પ્રીત વિકસે છે, ને એ વિકસેલી પ્રીત બીજા નવા અસત્ ત્યાગની અને નવા સત્ વિચાર – વાણી – વર્તાવની પ્રવૃત્તિને પ્રેરે છે.

સારાંશ, જો પરમ સજ્જન પરમાત્મા પર અંતરમાં સાચી પ્રીત ખરેખર જાગી હોય, તો એ શુભ પ્રવૃત્તિ કરાવે જ; ને એ પ્રવૃત્તિમાં ભગવત્ પ્રીતિ છતી થાય છે. કસ્તૂરીની મહેંક ઢાંકી રહેતી નથી, એને પેકેટમાં મૂકી હોય તો ય પેકેટની બહાર એની સુવાસ આવે છે; એમ પ્રભુ પરની પ્રીત પ્રવૃત્તિમાં ઉતરે છે. અહીં પ્રભુ પ્રત્યેનો પ્રેમ કેવો છે ? તો કહ્યું, કસ્તૂરીની સુવાસ જેવો છાનો – છૂપો રહે જ નહિ એવો.

હવે કેટલો પ્રેમ છે એ કહે છે –

**આંગળિયે નવી મેરુ ઢંકાયે, છાબડિયે રવિ તેજ;**
**અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ; સોભાગી...૩**

ભાવાર્થ : મેરુની આડે કે મેરુની ઉપર આંગળી ધરી દેવાથી કાંઈ મેરુ ઢંકાઈ જતો નથી, તેમજ રવિની આડે છાબડી ધરી દેવાથી રવિનું તેજ ઢંકાઈ જતું નથી, એમ હાથની અંજલિમાં કાંઈ ગંગા સમાઈ શકતી નથી, તેમ મારા મનમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ સમાતો નથી.

વિવેચન : પૂર્વે સ્તવનમાં છેલ્લે 'કહિયે મ દેજો છેહ' કહીને પ્રભુને વિનતિ કરી છે કે 'પ્રભુ ! મને છેહ દેતા નહિ', અર્થાત્ 'મારા મનમાંથી ખસી જતા નહિ, દર્શનનું સુખ આપ્યા જ કરજો. આ દાવાપૂર્વક વિનવું છું, કેમ કે મારા મનમાં પ્રભુ ! તમારા પર અપરંપાર પ્રેમ છે.'

પ્રભુ પર પ્રેમ કેટલો ? તો કે જેમ આંગળીની સામે મેરુનું ક્ષેત્રફળ એટલું બધું મોટું છે કે આંગળી કાંઈ મેરુને ઢાંકી શકે નહિ, એમ મારા આત્મામાં પ્રભુ પ્રત્યે પ્રેમ એટલો બધો વિશાળ છે

કે એ મારા મનમાં સમાઈ શકતો નથી, એટલે જ એ પ્રભુના ગુણગણની સ્તવનારૂપે યા બીજી રીતે બહાર નીકળી પડે છે. દા.ત. પ્રભુની કોઈ ભવ્ય અંગરચના કરવામાં પ્રભુપ્રેમ એમાં ગૂંથાઇ પડે છે. વ્યવહારમાં દેખાય છે કે નિકટના અંગત સ્નેહી માટે કોઈ કાર્ય કરવાનું હોય તો એમાં તન – મન – ઇન્દ્રિય પ્રેમથી એકાકાર થઈ જાય છે. કવિ કહે છે : 'આ જ રીતે મારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અંતરમાં સમાતો નથી. તેથી પ્રભુના એકેક ગુણ યા સુકૃત લઈ લઈને અખંડ વિચારધારામાં પ્રગટ થાય છે; અર્થાત્ ખૂબ જ પ્રેમભરી ગુણ – વિચારધારા ચાલવા માંડે છે.

**કવિ ગુણો કેમ ગાય છે ?**

અહીં આંગળી અને મેરુ, છાબડી અને રવિતેજ, અંજલિ અને ગંગાનાં દૃષ્ટાંત મૂક્યા, એ સૂચવે છે કે જેમ મેરુ રવિતેજ અને ગંગાને સમાવા માટે આંગળી છાબડી અને અંજલિ તો કશી વિસાતમાં જ નથી તેમ અહીં પ્રભુપ્રેમ સમાવવા માટે મન, વાણી વગેરે કશી વિસાતમાં નથી. પ્રેમ એટલો બધો વિશાળ છે કે પ્રભુપ્રેમથી મનની વિચારસરણી ગમેતેટલી લંબાવાય, તોય એમાં પ્રેમ પૂરો વ્યક્ત થતો જ નથી. પ્રેમ આગળ આગળ વિચારણા કરાવતો જ રહે છે. એમ પ્રભુનાં ગુણગાન ગમે તેટલા કરાય પણ પ્રેમ સંતોષાતો નથી. પ્રભુના કેવા કેવા ગુણો શોધીએ ? દા.ત.

કવિ પ્રભુને આ એટલા માટે કહી રહ્યા છે કે પ્રભુ પાસેથી કરુણા માગવાનો પોતાનો દાવો યથાર્થ થાય. પોતે જ્યારે પોતાના દિલમાં પ્રભુ પ્રત્યે આટલો બધો પ્રેમ–પ્રીત ઉભરાવે છે, તો પ્રભુને હકપૂર્વક કહી શકે કે 'મારા પર કરુણા કરો'.

**પ્રભુમાં ગુણો કેવા કેવા ?**

કવિ પ્રભુના ગુણો ગાતાં ગાતાં થાકતા નથી. પ્રભુના ગુણો કેવા કેવા ? દા.ત. મહાવીર પ્રભુ માતાના ઉદરમાં હતા ત્યારે એમને મનોરથ

થયો કે ‘હું ઉદરમાં હાલં ચાલં થાઉં છું તો માતાને કેટલો ત્રાસ થાય ? એના કરતાં સ્થિર થઈ જાઉં તો એમને મારા તરફથી કોઈ તકલીફ નહીં’ એમ કરીને ભગવાન સ્થિર થઈ ગયા ! અહીં વિચારવા જેવું છેકે આપણે તો સ્થૂળ શરીરવાળા છીએ, એમાં માત્ર ૪૦ લોગસ્સના કાઉસ્સગ્ગમાં સ્થિર થઈ જવું હોય, તો જાણે ‘બાપ રે બાપ ! એમ કેવી રીતે સ્થિર થવાય ?’ એમ થાય ! થોડો ટાઇમ પણ મોટા શરીરે પલાંઠી વાળીને સ્થિર બેસવું મુશ્કેલ ! ત્યારે ભગવાને અતિ નાના શરીરે ભારે કષ્ટ વેઠીને સ્થિર રહેવામાં એક તો પોતાનો મહાન સહિષ્ણુતા – ગુણ અને બીજો માતા પ્રત્યેનો વાત્સલ્ય ગુણ કેવો સુંદર ઊભરાવ્યો !

## ‘સુમતિ’ નામ શા માટે ?

**સુમતિનાથ ભગવાન** ગર્ભમાં પણ કેમ જાણે એમનું શરીર ગુણોથી જ રચાયેલું ! તે એની સુવાસ બહાર આવ્યા જ કરે. તે આ રીતે, કે એક્વારે રાજદરબારમાં બે શોક્ય બાઈઓનો એક બાળક માટે ઝઘડો આવ્યો, કે એક કહે : ‘આ બાળક મારું છે’, બીજી કહે ‘મારું છે.’ મહારાજ વિચારમાં પડ્યા કે ‘આમાં સાચું શી રીતે શોધી કાઢવાનું ?’ પરંતુ મહારાણી, તે ભગવાનના માતા સિંહાસન પર બેઠા કહે છે કે ‘સિપાઈ, આ બાળકનાં બે સરખા ટુકડા કરી એકેકને એકેક ટુકડો આપી દો.’

ત્યાં બનાવટી માતા કહે છે કે ‘ભલે.’

પણ સાચી માતા કહે છે કે ‘ના રે ના, મહારાજ ! ટુકડા કરાવશો નહિ. દીકરો આખો ને આખો ભલે એને આપી દો, મારો દીકરો ભલે મને ન મળે. છતાં એ જીવતો રહેશે તોય બસ છે.’ પ્રભુની માતાએ તરત ફેંસલો આપી દીધો કે, ‘દીકરો, આ દીકરા પ્રત્યે સાચી લાગણીવાળી આ માતાનો જ છે, માટે એને સોંપી દો.’

તાત્પર્ય, પ્રભુ આવા ગુણિયલ હતા કે એમના સાંનિધ્યથી માતામાં સુમતિનો ગુણ આવ્યો. એટલે પ્રભુનું સુમતિનાથ નામ રાખવામાં આવ્યું. પ્રભુ ગુણિયલ કેવા ! ૫૬ દિગ્ કુમારી અને ૬૪ ઇન્દ્રો દ્વારા થતા જન્માભિષેક વખતે ભગવાન હરખપદુડા થયા નહિ, ફૂલાયા નહિ, તેમ અભિમાન પણ કર્યું નહિ કે 'મારાં કેવાંક અલૌકિક સન્માન થાય છે !'

ભગવાને અભિમાન ન કરવાનું કારણ –

(૧) અવધિજ્ઞાની ભગવાન જીવની 'કર્મ નચાવત તિમહી નાચત' દશા જુએ છે કે 'આજે માન પામનાર હું, એકવાર પરમાધામીને વશ છેદન – ભેદન પામેલો ! કર્મોની વિટંબણા આગળ આ માન–સન્માન શી વિસાતમાં છે ? કશી જ વિસાતમાં નહિ. તો પછી આનંદ શા ?

(૨) 'અભિમાન નહિ'નું બીજું કારણ આ, કે પ્રભુ જુએ છે કે અત્યારે જે વખતે મારાં સન્માન થાય છે એ જ વખતે અત્યારે નરકોમાં મારા ભેરુ જીવો બિચારા રેંસાઈ રહ્યા પ્રત્યક્ષ દેખાતા હોય, ત્યાં મારે આનંદમંગળ શા ? દીકરીના લગ્નમાં કરોડપતિની જાન આવી હોય ને ત્યાં જ અચાનક ભાઈના છોકરાનું અકસ્માતથી મૃત્યુ થયું, તો એના દુ:ખમાં લગ્નના હરખ ડુલ થઈ જાય છે ને ? એમ પ્રભુને ઇન્દ્રોના માન – સન્માનમાં નારકીના જીવોના દુ:ખ જોતાં, આનંદમંગળ નથી, પ્રભુના એવા એવા અનેક ગુણો પર સહેજે અમાપ હેત રહે છે.

અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ.'

જેમ મોટી ગંગા નદી અંજલિમાં ન સમાય, તેમ મારો પ્રભુ પરનો પ્રેમ નાના મનમાં, ને નાના સ્તવન – કાવ્યમાં સમાતો નથી.

અહીં સવાલ થાય કે જ્યારે અપાર પ્રભુપ્રેમ મનમાં સમાતો નથી, અર્થાત્ મનથી પણ જો એને પૂરો વિચાર શકાતો નથી, તો પછી વાણીથી એને અવગાહવાનું તો શી રીતે થવાનું હતું? એટલે જ સ્તવન – રચના શા માટે ? એના જવાબમાં હવે કવિ કહે છે –

**હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;**
**પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સૌભાગી...૪**

**ભાવાર્થ :** (જેમ) રંગીલું પાન ખાતાં હોઠ લાલ થયેલો છૂપો રહેતો નથી, તેમ મારા મનમાં જાગેલા પ્રભુપ્રેમની સ્થિતિ છે. જેમ જેમ પ્રભુ – ગુણરસના પ્યાલા ભરી ભરીને પીવામાં આવે છે, તેમ તેમ મારા અરિહંત પરનો પ્રેમ અભંગ–અતૂટ બને છે.

**વિવેચન :** પ્રભુગુણ પરનો પ્રેમ કેવો ? કોઈ પૂછે,

**પ્રશ્ન :** તમે કેમ નવા નવા સ્તવનો રચ્યા કરો છો ? શું તમને કાવ્ય બનાવવાનો શોખ લાગી ગયો છે ?

**ઉત્તર :** ના ભાઈ ! ના આ તો અમારા ચિત્તમાં ઉઠેલો અરિહંત પરનો પ્રેમ છૂપો રાખી શકાતો નથી, તે એ જ આપ મેળે પ્રભુ ગુણગાનરૂપે બહાર પડે છે. માણસ પાન ખાય અને ખાતાં ખાતાં હોઠ પર લાલિમા આવી જાય છે, તે છૂપાવવા મથે તો શું એ લાલાશ છૂપી રહી શકે ? ના, એ તો લાલિમા હોઠ પર પ્રગટ થઈ જ જાય છે. બસ, એ જ રીતે અરિહંત પ્રભુ પર આપણને એવી પ્રીતિ જાગી ગઈ હોય, તો તે નવનવા ગુણગાનમાં વ્યક્ત થયા જ કરે છે. કોઈ સરબત જેવા મીઠા રસની મહેફિલ જામી હોય, તો ત્યાં પ્યાલા ભરી ભરી રસપાન કરાય છે, એમ અહીં 'પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, પ્રભુગુણના રસના પ્યાલા રસ ભરી ભરીને પીવાનું થાય છે.'

કવિ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે : પ્રભુ ગુણ પ્યાલા–પીએ મતવાળા... આમ પ્રભુગુણ રસના પ્યાલા ભરી ભરીને પીવાનું પરિણામ એ આવ્યું કે જેમ જેમ રસ પીતો ગયો, તેમ તેમ પ્રભુ પર મારો પ્રેમ અભગ્ન અતૂટ થતો ગયો છે.

જિનગુણના પ્યાલા ભરી ભરીને પીવા એટલે શું ? એ જ કે જિનગુણના સ્તવન – સ્તોત્ર બનાવી બનાવીને ગાવાના. એમ સીધા આડકતરા જિનગુણ અર્થાત્ જિનોક્ત તત્ત્વોના શાસ્ત્ર બનાવી બનાવી,

એની વાંચના, અનુપ્રેક્ષા... વગેરે કરવું. એ કરવાની મજા કેવી થાય ? તો કે સ્તોત્ર કે શાસ્ત્ર રચતા પહેલાં પ્રભુ પર જે પ્રેમ હોય, એ એની રચના પછી વધી જાય છે ! યા કહો, મજબૂત થાય છે, અતૂટ થાય છે. એટલે કહ્યું : 'પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.'

**વીતરાગ પર પ્રેમ અભંગ કેમ ?**

ઉપાધ્યાયજી મહારાજનો આ વીતરાગ પરનો પ્રેમ અભંગ થયાનો એમની અનેકાનેક શાસ્ત્રરચનાઓમાં દેખાઈ આવે છે. એઓશ્રીએ પોતે જ પોતાના રચેલા દ્રવ્ય – ગુણ પર્યાય રાસમાં ઉલ્લેખ કર્યો છે કે 'દો લાખ બૌદ્ધન્યાય લિખી' અર્થાત્ બે લાખ શ્લોક પ્રમાણ બૌદ્ધમતનાં ખંડનનો ન્યાય લખ્યો. આ હિસાબે વિચારો કે બીજા તો કેટલાય અપરંપાર શાસ્ત્રો, જૈન તત્ત્વ સિદ્ધાંતો અને યોગ, ધ્યાન, કે પ્રભુગુણરસના પ્યાલે પ્યાલા પીતાં પીતાં પ્રભુપ્રીતિ, એ પ્રભુગુણ પ્રીતિ, અભગ્ન – અતૂટ અવિનાશી થઈ જાય એમાં નવાઈ નથી. વિચારવા જેવું છે કે માત્ર બૌદ્ધ ન્યાયનું ખંડન કરવા બે લાખ શ્લોકપ્રમાણ સંસ્કૃત ગ્રંથ લખ્યા, ત્યારે એમની વિદ્વત્તા કેવી ? સંસ્કૃતમાં અનેક વિષયના મહારથી ગ્રંથો લખ્યા છે ! જૈન ધર્મનો અજોડ રૂપક ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચ કથા'– એ ગદ્ય–પદ્યમાં છે, એને ઉપાધ્યાયજી મહારાજે વિશેષ તત્ત્વ ભરપૂર બનાવી '**વૈરાગ્યકલ્પલતા**'– કાવ્યમય સંસ્કૃત મહાગ્રંથ બનાવ્યો ! પ્રભુના એ ગુણોમાં આપણી પ્રીતિ ભળે એટલે આપણને એ ગુણ જ ગમે; એના પ્રતિપક્ષી દોષ ન ગમે.

**પ્રભુગુણ–પ્રીતિમાંથી અનેક સુકૃતો :**

સારાંશ, પ્રભુગુણમાં, આપણી પ્રીત ભળવાથી અર્થાત્ એ ગુણોની મનને લગન લાગવાથી, એના પર એમાંથી પ્રેરણા લઈને મન – વચન – કાયાના અનેક સુકૃતો સરજાય છે. પ્રભુગુણો પર ઊછળતી પ્રીતિ વાંઝણી નથી હોતી, એ પ્રભુગુણ – પ્રીતિમાંથી સુંદર

અને સ્વ-પર-કલ્યાણકારી સુકૃતો જન્મે છે. પુત્રને માતા જો સારી મળી હોય, તો પુત્ર માતાના ગુણ ગાયા જ કરે છે, પછી અવસરે એમાંથી સેવાનાં સુકૃત ટપકી પડે છે, એ શેનો પ્રભાવ ? માતા પર ગુણ – પ્રીતિનો.

## લાલભાઈ શેઠનો માતૃપ્રેમ

લાલભાઈ દલપતભાઈ શેઠને ગુણિયલ ગંગામા પર અનહદ પ્રેમ તે એવો કે લાલભાઈ શેઠ જમવા આવે ત્યારે એમની પત્ની રસોડામાં હોય તો બહાર નીકળી જાય, અને ગંગામા ત્યાં હાજર થઈ જાય, અને એ લાલભાઈના ભાણામાં પીરસી પીરસીને જમાડે ! આ કળિયુગની વાત છે હોં, બની શકે ? હા, બનાવવું હોય એને બની શકે. અને જે સમજે કે પત્ની પીરસે એમાં ભોગો અપવિત્ર કામરાગ પીરસાય, ત્યારે માતા પીરસે એમાં પવિત્ર પુત્રવાત્સલ્ય પીરસાય; જે અવસરે ધર્મનો ઉત્તેજક બને. જુઓ –

લાલભાઈ શેઠ પાસે સંઘવાળા આવી કહે : 'શેઠ ! સમેતશિખર પર દિગંબરો તરફથી આફત છે. આપ રક્ષાનું કાંક કરો.' શેઠ કહે : 'ભાઈ એટલે બધે દૂર આપણે પહોંચવું મુશ્કેલ છે.' સંઘવાળા નિરાશ થઈને ગયા ગંગામા પાસે, બધી વાત કરી. માતા કહે : 'ફિકર ન કરો. હું લાલભાઈને સમજાવીશ'. પછી જમવાના ટાઈમે લાલભાઈના ભાણામાં રોટલીને બદલે બંગડી-કંકણિયા મૂક્યા.

લાલભાઈ કહે : 'આ શું ?'

મા કહે, 'ભાઈ ! હવે તું એમ કર, તારાથી શિખરજીની રક્ષા નહિ બને, અમારા કંકણિયા ને સાડી તું પહેરી લે, અને મને તારા પહેરણ – ધોતિયું વગેરે કપડાં લઈ દે, જેથી એ પહેરીને હું શિખરજીની રક્ષા કરવા જઈશ.'

બસ, લાલભાઈ શેઠની આ ઠપકો સાંભળવાની જીગર નહોતી, તરત માતાને હાથ જોડી કહે: 'મા ! ક્ષમા કરો મને,હમણાં જ જઈને તજવીજ કરું છું.'

લાલભાઈશેઠને માતા પર અપાર પ્રેમ હતો, એ પ્રેમ પર માતાને ઇષ્ટ શિખરજી રક્ષાનું સુકૃત શેઠે ઉપાડી લીધું.

તિમ મુજ પ્રેમ અભંગ –

પ્રભુ પરનો મારો પ્રેમ રોક્યો રોકાય તેમ નથી.

**ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;**
**વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર...૫**

ભાવાર્થ : મોટી ઊગી ગયેલી શેરડી ઘાસથી ઢંકાયેલી (હોવા છતાં) વિસ્તાર પામ્યા વિના રહેતી નથી; તેમ વાચકયશ કહે છે કે પ્રભુ પર મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે કે જે છૂપાયો છૂપાવી શકાતો નથી; અને જે શેરડીની જેમ વિસ્તાર પામ્યા વિના રહેતો નથી.

વિવેચન : વૃદ્ધિ પામેલી શેરડી ઘાસથી આચ્છાદિત કરવા છતાં પણ છૂપી રહી શકતી નથી. તે ઊંચી વધેલી જણાઈ જ આવે છે. તેમ કવિએ પોતાનો અતુલ પ્રેમ પ્રભુ પ્રત્યે દર્શાવ્યો છે કે તે છૂપાયો છૂપાવી શકાતો નથી. એટલે કે કવિની પ્રભુ પ્રત્યેની પ્રીત થોડા સ્તવનથી – થોડા ગુણગાનથી સંતોષાતી નથી, પણ વિસ્તાર પામતી જાય છે. આપણે પણ આવો વિસ્તારવાળો, ઝાલ્યો રખાય નહીં ને અટક્યો અટકે નહીં તેવો પ્રભુગુણનો પ્રેમ કરવો છે. વીતરાગ પ્રભુના ગુણોનો અભંગ પ્રેમ એવો, કે જેની સામે મોટા સુખ–સન્માનની લાલચ આપે તો પણ એની લેસ પણ મહત્તા ન ગણી, એ પ્રેમ ન છૂટે; ભલે સન્માન મળવાના રહી જાય તો કાંઈ નહિ. આવા પ્રભુ ગુણના પ્યાલા તો કોઈ કિસ્મતવાળા જ પી શકે. જુઓ કવિ ધનપાલના પ્રભુ પ્રેમને.

# કવિ પંડિત ધનપાલનો પ્રભુગુણ - પ્રેમ

રાજા ભોજની સભામાં મહાન જૈન પંડિત ધનપાલ તે એણે ગદ્ય સંસ્કૃતમાં શ્રી ઋષભદેવ અને ભરત ચક્રવર્તીની અદ્‌ભુત કથા લખી. સંસ્કૃત ભાષા–લાલિત્ય કેવું કે ઇતરોમાં બાણકવિની કાદંબરી કથા પ્રસિદ્ધ છે, જે એમનામાં એ અજોડ ગદ્યકાવ્ય (Prose-Poetry) તરીકે ઓળખાય છે, એને કંઈગુણી ટપી જાય એવી આ ધનપાલ કવિની '**ઋષભકથા**' ! પછી એ કથા એણે રાજા ભોજને બતાવી, ભોજ પણ સંસ્કૃત ભાષા સારી જાણતો હતો, એણે પોતે સંસ્કૃત વ્યાકરણ રચ્યું છે, એવા વિદ્વાને આ અદ્‌ભુત રચના જોવા મળી એટલે તો એ રાજીનો રેડ થઈ ગયો ! પછી રાજા ભોજ ધનપાલને કહે –

**રાજાની બેહૂદી માગણી :**

ધનપાલ ! ધનપાલ ! તમે કથા તો અદ્‌ભુત આલેખી. મને લાગે છે કે આનો વિશ્વમાં પ્રચાર થવો જોઈએ. જો તમે આ કથામાં અયોધ્યા નગરીના સ્થાને ધારાનગરી, ઋષભદેવના સ્થાને શંકરમહાદેવ, અને ભરતની જગાએ ભોજને ગોઠવી દો, તો આ તમારી કથાની પ્રતિઓ કરાવીને દુનિયાભરમાં પ્રસિદ્ધ કરાવી દઉં.

શું ચુસ્ત સમ્યક્‌ત્વધારી ધનપાલ પંડિત આ સહન કરી શકે ? એ તરત તાડૂકી ઊઠ્યો, અને કહે છે –

**ધનપાલનો પ્રતિકાર :**

'મહારાજા ! માફ કરજો, ક્યાં મેરુ ? ને ક્યાં સરસવ ? એમ ક્યાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી ઋષભદેવ ? અને ક્યાં અલ્પજ્ઞ શંકર મહાદેવ ? ઐરાવણ હાથીના સ્થાને ગધેડાને જો મૂકી શકાય તો જ આ ફેરફાર થઈ શકે.

રાજા આ સાંભળીને શું કરશે, એની પરવા ધનપાલે ન કરી. એણે તો પરમાત્માની હલકાઈ સાંભળતાં જ તત્કાળ એનો ફેંસલો

સંભળાવી દીધો ! ત્યારે રાજાએ પણ ગુસ્સે ભરાઈને આ પુસ્તકને આખું ને આખું પાસેની સગડીમાં નાખી દીધું. પુસ્તક બળીને સાફ !

બોલો, ધનપાલને કેટલું દુ:ખ થયું હશે ? કહો, પાર વિનાનું ! અતિ દુ:ખિત થઈને ત્યાંથી ચાલ્યા ગયા ઘરે, ઘરે એમને ઉદાસ જોઈ એમની દીકરી તિલકમંજરી પૂછે છે, 'બાપુ ! કેમ આજે ઉદાસ ?'

**ધનપાલનો કલ્પાંત :**

ત્યારે ધનપાલ કહે છે : 'બચ્ચી ! શું પૂછે છે ? આજ રાજાએ મારી આખી કથાપોથી સગડીમાં નાખી બાળી નાંખી ! મને બાળી નાખ્યો હોત તો મને આટલું દુ:ખ ન થાત. જ્યારે ઋષભદેવ ભગવાનના ગુણગાનથી ભરેલી આ તૈયાર કરેલી મારી કથા તો ત્રિભુવનના રાજ્ય કરતાં પણ અતિ અતિ કિંમતી શાસ્ત્ર હતું. હવે તો મારે એ સ્વપ્નું જ રહ્યું, હાય ! આ દુષ્ટ રાજાએ શું કર્યું ? હવે એ ફરીથી લખવા બેસું તો થોડી જ એ એ ભવ્ય સ્ફુરણાઓ મગજમાં આવે ? ઓ મારા નાથ ! આ અણમોલ નિધાન ગુમાવીને હવે હું ક્યાં જાઉં ? શું કરું ? આ વ્યથા કોને કહું ? ઓ પ્રભુ ! પ્રભુ ! કેવો મારો મહાન પાપોદય !'

**પુત્રીને આખો ગ્રંથ મોઢે :**

ધનપાલ પંડિતનો આ કલ્પાંત જોતાં પુત્રી તિલકમંજરી કહે : 'બાપુ ! બાપુ ! શું કામ આ કલ્પાંત કરો ? જરાય ચિંતા ન કરો. મારા મગજમાં આપનો આખો ગ્રંથ તૈયાર છે. આપ જ્યારે મહાગ્રંથ લખી રહ્યા હતા ત્યારે હું એ વાંચતી રહેતી, ને તે આજે સંપૂર્ણ ગ્રંથ મને કંઠસ્થ છે. હું બોલતી જાઉં છું, આપ લખવા માંડો !...'

ધનપાલ સાંભળીને ચકિત થઈ જાય છે ! અને ખોવાઈ ગયેલ અપૂર્વ મહાન નિધાન પાછું મળ્યા જેવો અવર્ણનીય આનંદ અનુભવે

છે. તિલકમંજરીએ આખો ગ્રંથ અક્ષરેઅક્ષર લખાવ્યો; અને એના એ ગુણની સ્મૃતિરૂપે ગ્રંથનું નામ મહાકવિએ 'તિલકમંજરી' એવું રાખ્યું.

આ હતી ધનપાલ પંડિતને અનહદ ને અનન્ય જિનગુણ – પ્રીતિ ! અને એના પર જે તિલકમંજરી મહાશાસ્ત્રનું સર્જન કર્યું, એ જાણે પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા ! અને યશોવિજયજી મહારાજ કહે છે : 'તિમ મુજ પ્રેમ અભંગ'. ઉપાધ્યાયજી મહારાજે લાખો શ્લોક –પ્રમાણ શાસ્ત્રો રચ્યા ! કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે ૩।। કરોડ શ્લોક–પ્રમાણ શાસ્ત્રો લખ્યા ! સૂરિપૂરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ૧૪૪૪ શાસ્ત્રો લખ્યા ! આ બધું શું છે ? પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા'. પીએગા કિસ્મતવાલા. પ્રભુગુણરસના પ્યાલા ભરીભરી પ્રેમપૂર્વક પીતાં પીતાં 'તિમ મુજ પ્રેમ અભંગ,' મારો પ્રેમ અભંગ અતૂટ થઈ ગયો. પ્રેમ તૂટવાની વાત જ ન રહી. પ્રેમની ધારા ચાલી ચાલી તે ચાલતી જ રહી. અંગ્રેજીમાં કહેવત છે. 'Practice makes a man perfect' જેનો અભ્યાસ કરો એની પૂર્ણતા આવે, નિષ્ણાતતા આવે. છોકરીઓ પહેલાં રસોઈની પ્રેક્ટિસ કરે છે. એ કરતાં કરતાં પછી રસોઈમાં નિષ્ણાત થઈ જાય છે. એમ સીવણ વગેરે કાર્યમાં પ્રેક્ટિસથી એની નિષ્ણાતતા આવે છે. એમ પ્રભુના ગુણોથી આકર્ષાઈ એ ગુણોને ગીતમાં ઉતાર્યે જઈએ, તો એવી નિષ્ણાતતા આવે છે કે પછી ગુણ – ગીતની ધારા ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે... એ રીતે પ્રભુગુણનો પ્રેમ અભંગ અતૂટ બની જાય.

**પ્રશ્ન** : પણ મૂળ પાયામાં (૧) પ્રભુના એટલા ગુણ મનમાં સ્ફુરતા જ ન હોય, ને નજર સામે આવતા જ ન હોય, તેમજ

(૨) કાવ્ય બનાવવાની કશી આવડત કે મહાવરો જ ન હોય, પછી શું થાય ?

ઉત્તર : (૧) પ્રભુના ગુણો મનમાં સ્ફુરે એવું કરવા માટે અર્થાત્ આપણા મનમાં પ્રભુના ગુણ એક પછીએક સ્ફુરતા આવે, એ માટેનો એક ઉપાય આ પ્રમાણે છે –

**(૧) પ્રભુના ગુણો સહેજે સ્ફુરે એનો ઉપાય :**

પ્રાચીન કવિઓના પ્રભુનાં સ્તવનો લઈ, પછી એકેક સ્તવનની એકેક કડીમાં જોવું કે પ્રભુના કયા ગુણની એમાં સ્તવના કરી છે ? એમાં એક ગુણ હોય તો એક, ને બે – ત્રણ ગુણ હોય તો ૨–૩, યાદ કરી લેવા. પછી બીજી કડીના ગુણ લઈ એને પૂર્વની સાથે જોડવા. એમાં વળી પછી ત્રીજી કડીના ગુણ લઈ જોડવા... એમ એમ કરતાં ગુણોનું એક લંગર તૈયાર થાય તે આપણે સરળતાથી પ્રભુ આગળ 'હે અરિહંત ! હે ભગવંત ! હે વીતરાગ ! એમ સળંગ ચલાવી શકીએ. 'માતા મરુદેવીના નંદ' સ્તવન છે, તો એમાંથી 'હે મરુદેવાનંદન ! તમારી મૂર્તિ મનને લોભાવનારી છે. હે ઋષભદેવ ભગવાન ! એ મૂર્તિ – મુદ્રાની પાછળ કારણભૂત તમારું રૂપ અનુપમ ! વળી એ રૂપને પેદા કરનારી સર્વજીવ – કરુણાના હે સ્વામી ! વળી એ કરુણાથી કંચનવર્ણી દેહને પ્રાપ્ત કરનારા હે પ્રભુ ! વળી એ કરવાનો ઉપયોગ શો ? તો કે એ કાયાથી જોજન ગામિની મીઠીમધુર તત્ત્વવાણી વરસાવનારા હે અરિહંત વિભુ ! વાણી એવી મીઠી રેલાવી કે જેણે રંભા–ઉર્વશીને ત્યાં નાચતી કરી દીધી ! હે વીતરાગ ! આપ કેવા જગત સોભાગી કે એ રંભા–ઉર્વશી મૂંગી નહોતી નાચતી પરંતુ નાચતી ને ગાતી કે '**તું હી બ્રહ્મા... તું હી ભ્રાતા...**' હે સિદ્ધાચલના રાજા ! આમ સ્તવનો ચૈત્યવંદનોને સ્તોત્રો પરથી પ્રભુના ગુણોની હારમાળા બનાવી શકાય. એમાંથી ૩–૩ ગુણોનું ગ્રુપ કરી કરી બોલીને જોડતાં જોડતાં લાંબી હારમાળા યાદ રહી જાય. પછી સળંગ એનાથી ગુણગાન કરી શકીએ.

(૨) પછી એ ગુણોને ગીતમાં – કાવ્યમાં કેમ ઉતારવા ? એની એક ચાવી આ છે, કે –

પ્રાચીન પુરુષોનાં સ્તવનોમાં જ આપણે જાતે જ એકેક ગુણથી એકેક કડી બનાવી બનાવી એમાં જોડી દઈએ દા.ત. 'જગજીવન જગવાલહો' સ્તવનની છેલ્લી કડીમાં છેલ્લે આવ્યું... 'દેજો સુખનો પોષ' પછી એમાં નવી કડી જોડવા માટે ભાવ () કે 'પ્રભુ તમે અખૂટ ખજાનાવાળા છો, અને એમાંથી થોડું દેતાં તમારે કાંઈ ઓછું થવાનું નથી, તો અમને દો.' હવે આને કાવ્યમાં જોડવાનું આ રીતે–

'ગુણ ગણાનંત છે તુમ વિષે, તુમ ઉદારમુનીશ લાલ રે;
વિશ્વાસ છે મુજ મોટકો, દેશો ગુણનો અંશ લાલરે.'

વાત આ છે કે જીવનભર પ્રભુ ગુણ – પ્યાલાની એષણા – લગની લાગી જવી જોઈએ. છેવટે કવિએ કહ્યું : જેમ શેરડી વધતાં વધતાં પછી ઘાસના આચ્છાદનથી ઢાંકવા જાય તો ઢાંકી રહેતી નથી. એમ મને પ્રભુનો પ્રેમરંગ, પ્રભુના ગુણનો પ્રેમ... એવો વધતો ને વધતો રહે છે કે પ્રભુનાં સ્તવન – સ્તોત્રોથી એ પ્રેમને છીપાવવા જાઉં, તો એ છીપતો નથી. અરે ! પ્રેમ વધતો વધતો અટકતો નથી, વધતો જ જાય છે. જિનેશ્વર ભગવાનના સ્તવનનો ચમત્કાર એવો છે કે જેમ જેમ સ્તવન રચાતા જાય, તેમ તેમ પ્રભુપ્રેમ વધતો જ જાય. એ પરથી સૂચિત થાય છે કે શુદ્ધ હૃદયથી પ્રભુના ગુણગાન કરતા ચાલો, તેમ તેમ તમારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધતો જ રહેશે, ગુણ–પ્રીતિ વધતી જ રહેશે. પ્રભુ ગુણ પ્યાલા... પીએ કિસ્મતવાળા

卐 卐 卐

શ્રી અવધૂત યોગી આનંદઘનજી કૃત

# શ્રી સુમતિનાથ જિન સ્તવન

સુમતિ ચરણકજ, - આતમ અરપણા, દરપણ જિમ અ-વિકાર સુજ્ઞાની;
મતિ તરપણ બહુ સમ્મત જાણિયે, પરિસરપણ સુવિચાર સુજ્ઞાની...૧

ત્રિવિધિ સકલતનુ ધર ગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની;
બીજો અંતર આતમ, તીસરો પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની...૨

આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘ રુપ સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખી ધર રહ્યો, અંતર આતમ રુપ સુજ્ઞાની...૩

જ્ઞાનાનંદે હો પુરણ પાવનો, વર્જિત સકલ ઉપાધ સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણ-ગણ-મણિ-આગરુ, એમ પરમાતમ સાધ સુજ્ઞાની...૪

બહિરાતમ તજી અંતર-આતમ રૂપ થઈ સ્થિર ભાવ સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ સુજ્ઞાની...૫

આતમ અર્પણ વસ્તુવિચારતાં, ભરમ ટળે મતિ દોષ સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન-રસ-પોષ-સુજ્ઞાની...૬

# અવધૂત યોગી પ.પૂ. આનંદઘનજી કૃત
# પાંચમાં સુમતિનાથ જિન સ્તવન

**સુમતિ ચરણ કજ આતમ અરપણા-દરપણ જિમ અ-વિકાર સુજ્ઞાની,**
**મતિ તરપણે બહુ સમ્મત જાણિયે, પરિસરપણ સુવિચાર સુજ્ઞાની-૧**

કજ = કમળ. સુમતિનાથ ભગવાનના ચરણ કમળમાં આત્માનું અર્પણ કરું છું. આત્માને અર્પવો એટલે શું? અર્પિ દો એટલે તમારું પ્રતિબિંબ જુઓ. સુમતિનાથ ભગવાનનાં ચરણ એ દર્પણ જેવાં છે. ભગવાનનાં ચરણ દર્પણ જેવાં અવિકારી છે. અવિકારી એટલે એમાં રાગદ્વેષનાં વિકાર નથી, જેમાં હલન ચલનની ક્રિયા નથી. અશુભ યોગો નથી. ક્ષણં રૂષ્ટં ક્ષણં તુષ્ટં એવા વિકાર નથી એટલે નિર્મળ છે. એવાં ભગવાનનાં ડાઘ ડુઘ વિનાનાં અરિસામાં આપણા મોઢાનાં ડાઘ ડુઘ સાફ દેખાય. એવા ચરણમાં તમારા આત્માને સર્વે સર્વા જોશો તો તમને તમારા પોતાનાં વિકારોનું દર્શન થશે.

ભગવાન રૂપી દર્પણમાં આપણા આત્માને જોઈએ એટલે આપણા આત્માની મલિનતા અને અશુભ યોગોની ચંચલતા દેખાય. ઘડી ઘડીમાં ખોટીવાણી – વિચારનું ભાન થાય. અસત્ મન –વચન કાયાનાં યોગોનું ભાન થશે. ભગવાન કેવા નિર્વિકાર છે. આપણી મલિનતા ને અસત્ સક્રિયતા એ આપણા આત્માને ભારે કરનારી છે. કોશેટો લાળ કાઢી કાઢી રાત દિવસ પોતાના શરીરને વિંટાળે રાખે છે. પોતાની જાતને માને છે કે હું જાડો – તગડો થઈ ગયો, પરાઈ વેઠમાં પોતાની જાતને આનંદિત માને છે. અને પરાઈ પુષ્ટતામાં પોતાની પુષ્ટતાનો આનંદ માને છે પણ એનું પરિણામ ભયંકર આવે છે. ઉકળતા પાણીમાં બફાવું પડે છે.

ભગવાન નિર્વિકાર છે એમનામાં આપણી જાતનું પ્રતિબિંબ જોવાનું એટલે એમનું જીવન રાગદ્વેષ વિનાનું ને અક્રિય છે. શરીરે ખણવા કે માખી ઉડાવવા તૈયાર નથી, – એવા તો અવિકારી છે.

**દર્પણ જેમ અવિકારી :** દર્પણ સામે કોઈ ધોકો લઈને જાય, હરામખોર ફોડી નાંખું આમ બોલે તો પણ દર્પણ સ્વસ્થ છે. દર્પણ પાસે ધોકો લઈને જાય તો તે કોઈ ઉપર ઉકળતું નથી એમ ફુલહાર લઈને જાય તો તે નાચવા માંડતું નથી એમ ભગવાનનું જીવન નિર્વિકાર છે. હર્ષ કે શોક નથી. એવું પ્રભુનું જીવન જોઈને આપણી જાતમાં જોવાનું છે કે આપણે ક્યાં ઊભા છીએ ? જે ધરતી પર ભગવાન વિચરતા હતા એ જ ધરતી પર આપણે છીએ. ભગવાન નિર્વિકાર જીવન જીવી શકતા હતા અને આપણને રાગદ્વેષ હર્ષ – ખેદાદિ વિકાર વિના ચાલતું નથી. વિવિધ ભાવો અને વિવિધ મન વચન કાયાનાં યોગો વિના ચાલતું નથી. ઘડી નવરાશ મળે તો આંટો મારવા – ગપ્પા મારવા ચાલ્યા જવાનું મન થાય છે. આ દુર્દશા પર ગ્લાનિ થાય તો ભગવાનનો માર્ગ લેવાનું મન થાય.

**મતિ તર્પણે બહુસંમત :** આ ભગવાન બહું થોડાને મળ્યા છે. ઘણાને રાગી દ્વેષી દેવ મળ્યા છે, મિથ્યા શાસ્ત્રો ઘણાને મળ્યા છે. બહુ સંમત મિથ્યા દેવ દેવીને મિથ્યા શાસ્ત્રો છે. એ વિષય મતિને–બુદ્ધિને આનંદ આપે છે. શંકર ભગવાન આવા આવા વાંછિત આપી દે. એ તો પાર્વતી જોડે નાચતા હતા. તો કહે એ તો ભગવાનની લીલા છે. અને એ વખતે એમની પાસે માંગીએ તો વાંછિત જલદી ફળે. ભગવાન ખુશમાં હોય ત્યારે ઇષ્ટ જલદી મળે. શેઠ પાસે કાંઈ જોઈતું હોય તો શેઠ ખુશખુશાલ હોય તો મળે. રાહ જુએ. એ જ પ્રમાણે શંકરજી ખુશીમાં હોય તો શીઘ્ર ફળદાયી છે માટે મુક્તાવલીમાં લીલા

તાંડવ પંડિત એવી શંકરની સ્તુતિ કરી. આ બધું મતિ તર્પણ-તુચ્છ મતિ-ટૂંકી મતિવાળા ને આનંદ આપનાર છે. તમે એમાં ભોળવાતા નહીં, નહિતર કુટાઈ મરશો. કેમ કે દઈ દઈને મિથ્યા દેવ - દેવી મિથ્યા શાસ્ત્રો - રાગદ્વેષ ને રાગદ્વેષના સાધનો અને એનો આદર્શ આપે છે. બહુ સંમત દેવ - દેવી શાસ્ત્રોને વળગવા જશો તો ટૂંકી બુદ્ધિ અર્થાત્ પરિણામ દર્શન વિનાની માત્ર વર્તમાનકાલિન બુદ્ધિને આનંદ આપશે પણ ભવિષ્યનો અનંતકાળ કાળો મેશ જેવો થઈ જશે. વર્તમાનમાં માત્ર તુચ્છ આનંદ આપશે. માટે તમે ડાહ્યા થજો, ત્યાંથી ખસી જજો. ઊભા ન રહેતા.

તમે શું કરશો ? સુમતિનાથ ભગવાનનાં ચરણ દર્પણ જેવાં નિર્વિકાર છે, ભગવાનમાં કોઈ રાગ - દ્વેષ અસત્ પ્રવૃત્તિ નથી. ભગવાન વ્યાખ્યાન કરે પણ પછી આખો દિવસ શું કરતાં હશે ? ગણધરો કે હજારો શિષ્યો સાથે વાત - વિસામો કરતાં હશે ? ના, કાંઈ જ નહીં. ભગવાનને એવી ખણજ - આતુરતા - જિજ્ઞાસા ઝંખના જ ઊઠતી નથી. એથી અસત્ પ્રવૃત્તિ કરવાની જરૂર જ નથી. વિહાર કરવો હોય ત્યારે કરી લે. તો શું દેવ-દેવીનાં ગીત - ગાન - નૃત્ય જોતાં હશે ? ના, ભગવાન તો નિર્વિકાર છે. એવું જોવાની કોઈ જ આતુરતા-એષણા નથી.

એષણા - આતુરતા - ખણજ આ બધા જીવનાં વિકાર છે.

દુન્યવી દષ્ટિએ પણ આત્માની દશા = સ્ટેજ ઊંચી વધે તેમ એનામાં વિકાર ઘટતા જાય છે. ઉપર ઉપરનાં દેવતાઓ વધારે સુખી કેમ ? વિષયોનો કાફલો ઓછો છે. અર્થાત્ જેમ સરંજામ ઓછો તેમ સુખ વધારે. પહેલા દેવલોકના ઇન્દ્રને ૩૨ લાખ વિમાનો બીજા દેવલોકના ઇન્દ્રને ૨૮ લાખ વિમાનો એમ ઉપર ઉપર વિષયનો સરંજામ ઓછો થતો જાયછે. અને દેવીઓનો સરંજામ, પ્રવૃત્તિનો સરંજામ ઓછો થતો જાય છે. નીચેનાં દેવોની ક્રીડા વધારે, ઉપરનાં

દેવોની ઓછી. આ કુદરતી ક્રમ શાસ્ત્રોમાં બતાવ્યો છે. એટલે સંયમધર મનુષ્યમાં પણ સુખ ઘણું કેમ કે જેમ જેમ પર્યાય વધે તેમ તેમ વિકાર ઘણા ઓછા. સાધુ જેમ જેમ ચારિત્ર પાળતો જાય તેમ તેમ દેવતાઓનાં સુખ લંઘતો જાય. સુખ મુખ્યતયા માનસિક છે. દેવતાને જે માનસિક શાંતિ પ્રશમસુખ છે એનાં કરતાં એક મહિનાનાં પર્યાયવાળા સાધુને વ્યંતર કરતા વધારે શાંતિ પ્રશમસુખ. બે મહિનાનાં પર્યાયવાળાને ભુવનપતિ કરતાં વધારે એમ ૧૨ મહિનાનાં પર્યાયવાળાને અનુત્તરવાસી દેવ કરતાં વધારે શાંતિ વધારે પ્રશમસુખ. માનસિક શાંતિ એટલે વિષયનાં વિકારોમાં ઇન્દ્રિયોને જોડે નહીં. વિષયોની તરતમતામાં ઇન્દ્રિયોની મજાની ટકાવારી માપવા બેસે નહીં કેમ કે, આ વિષયો અંતે અસાર–નિઃસાર છે, ક્ષણ ક્ષણમાાં વિષયો પલટાતા રહે છે. એટલા માટે મુનિઓ આ વિષયોમાં નિર્વિકાર બનતા જાય છે. ને સુખ વધતું જાય છે. ૧૨ મહિનાના પર્યાયમાં એવાં નિર્વિકાર બની ગયા હોય છે કે, અનુત્તરવાસીનાં સુખને પણ લંઘી જાય છે. એટલે આ જે આનંદ છે એ સુમતિનાથ ભગવાનનાં ચરણકજે આતમ અર્પણા ભગવાનનાં ચરણકમલનાં પોતાનાં આત્માનું અર્પણ કરવાથી છે. એ અર્પણ જો કરવું હોય તો બહુ સંમત મતોથી ખસી જજે.

આ સ્તવનમાં સુમતિ ચરણકજ આતમ અર્પણ કેમ વાત કરી ? પૂર્વસ્તવનમાં દર્શનનો તલસાટ છે પણ દર્શન દુર્લભ છે એ પ્રભુની કૃપાથી સુલભ થાય એ વાત કરી. પ્રભુની કૃપા કેવી રીતે મળે ? સુમતિ ચરણ કજે આતમ અર્પણ કરે તો. તમારે દુનિયાની સામું જોયા કરવું છે ને પ્રભુ કૃપા કરો તો શું તમારો સંસાર પોષવા માટે ? રંગરાગ ઉડાડવા માટે ? પ્રભુની કૃપા મળે પ્રભુનાં ચરણમાં આત્માનું અર્પણ કરે તો. અર્પણ એટલે પ્રભુ દર્પણ જેવાં છે એમાં તારા આત્માને જો. આટલું પણ જેને આવડે એના ઉદયનો પ્રારંભ થયો. પ્રભુનાં

આત્મામાં પોતાનાં આત્માની તુલના કરે... હું ક્યાં છું ને પ્રભુ ક્યાં છે ? પ્રભુ પણ એકવાર મારા જેવાં હતા. આજે આપ ઊંચે ચડ્યા. એક વાર તું પણ ઊંચે ચડી શકીશ. પરમાત્મા બની શકીશ. બીજા ધર્મમાં માનેલા ઈશ્વર – પરમાત્મા અને જૈન ધર્મે માનેલા પરમાત્મા એમને માનવામાં લાભ શો? બીજાનાં માનેલાં પરમાત્મામાં એનો પરમાત્મા બનવાનો કોઈ ક્રમ જ નથી; વિધિ જ નથી, બ્યાન નથી કે પરમાત્મા કઈ રીતે બન્યા. ઊલટું એતો અનાદિકાળથી જ છે એ સાંભળીને કોઈ ઉન્નતિનું માર્ગ દર્શન મળતું નથી. એ કેવી રીતે પરમાત્મા બન્યા એનું કાંઈ દિગ્દર્શન જ નથી. એક પરમાત્મા છે એટલે બીજું કોઈ પરમાત્મા ન થઈ શકે એટલે પરમાત્મા બનવાનો અધિકાર બીજાને મળતો નથી. માટે મતિ તર્પણ કર = કાંઈ સમર્પણ કર. જ્યારે તીર્થંકર ભગવાન કેવી રીતે પરમાત્મા બન્યા એ બધુ એમનાં જીવનમાં જોવા મળે છે એ જોઈને તને તારા આત્માનું પરમાત્મપણાનું બ્યાન મળશે.

જેમ ભગવાન મહાવીરના જીવે નયસારનાં ભવમાં સાધુને જોયા ને ભક્તિ કરી આ શરૂઆત કરી પરમાત્મા બનવાની. એમ દરેક તીર્થંકરનાં જીવનમાં જુઓ તો શરૂઆતમાં આવું જ કાંઈ દેખાશે. એમ જોવામાં ભગવાનની કૃપા મળશે. કૃપા મળશે એ શી રીતે મળી ગણાય ? ભગવાનની કૃપા એટલે ભગવાનનાં જ્ઞાનમાં આપણી યોગ્યતાની છાપ પડવી એ જ ખરી કૃપા છે. શેઠની દુકાનમાં ૧૦–૧૫ નોકર હોય પણ શેઠની કૃપા કોનાં ઉપર ? આ લાયક નોકર છે એમ શેઠ જુએ એનાં પર. એમ ભગવાનની નજરમાં આપણી યોગ્યતાની છાપ પડે એ કૃપા થઈ.

યોગ્યતાની છાપ આતમ અર્પણાથી પડે. ભગવાનનાં જીવન સાથે તમારું જીવન મીલાઓ. નયસારને જૈન ધર્મ મળેલો નહીં, સાંભળેલો પણ નહીં, એક અતિથિ સત્કારનાં ગુણથી શરૂઆત કરેલી તો આટલે

સુધી ચડ્યા. ને લાયકાત આવી. આ જોવાનું ક્યારે થાય ? કંઈક અંશે પણ જગતને જોવાનું પડતું મૂક્યું અને જગતનું જોવાનું પડતું મૂકીએ તો... જગતને જોવાનું એટલે ! જગત શું કરે છે ? ઊઠ્યા ભેગા ખાઉં... પૈસા પાછળ દોડધામ કરે છે. આ બધાની પાછળ ભગવાન કેવાં છે એનો ખ્યાલ ક્યારે આવે ! ભગવાનને જોવાનું કરે તો જ આ ખ્યાલ આવે. જગતને જોવાનું પડતું મૂકે તો ભગવાનને જોવાનું થાય. જગતમાં સારું શું છે ? ઝુંપડી કરતાં બંગલો સારો, રોટલા કરતાં મિષ્ટાન્ન સારું, આવું આવું જોવાનું પડતું મૂકે તો ભગવાનને જોવાનું થાય, આ યોગ્યતા આવે એ જ કૃપા વરસે. આ *આવે તો મતિ તર્પણ.*

જીવનની દશા વિષયોની બુદ્ધિમાં જ ચાલ્યા કરે છે. સવાર પડી. ચા પી લીધી, બરાબર ગરમ નહીં. આ વિષયોની મતિ. એ મતિનું તર્પણ કરનાર છે બહુસંમત મત. બહુજન સંમત શું ? મિથ્યા શાસ્ત્રો, મિથ્યા દેવ – ગુરુ, મિથ્યા વાતો, મિથ્યા માર્ગ, લોક માર્ગ – આ બધું બહુજન સંમત છે. એ વાતો લોક વ્યવહાર, મિથ્યા શાસ્ત્રો આપે છે. એકાદશીનો ઉપવાસ કરવા કહે છે પણ એ ઉપવાસ કેવો ? ઉપવાસ કરો પણ ભૂખ્યા નહીં રહેવાનું. ગભરાતા નહીં, કેમ કે –

"ફ્રૂટ ગાજર શીરો, મેવો કાકડી આદિ,
કહેને કી એકાદશી ઓર, દ્વાદશી કી દાદી"

રાંધેલું અનાજ ન લેવાય પણ રાજગરાનો શીરો ચાલે. આ બધું મિથ્યાશાસ્ત્રો જગતને જોઈએ છે એવું આપે છે. આપણને સીંગલ જીવન ન જોઈએ ડબલ જીવન જોઈએ, એટલે કહે છે. કે 'अपुत्रस्य गतिर्नास्ति' આ મિથ્યાશાસ્ત્રો બહુજનની વિષયમતિને પોષનારા છે. પણ તું ડાહ્યો થજે. ખસી જજે. આમાં અટવાયો રહીશ તો દર્પણ જેવા અવિકારી ભગવાનનાં ચરણમાં આતમ.નું સમર્પણ નહીં કરી શકે.

એક હિસાબ રાખ. મારે નિર્વિકારી વીતરાગ ભગવાન જોઈએ છે. આ નિર્વિકારદશામાં અર્પણ શી રીતે થાય ? તો પોતાનાં આત્માની નિર્વિકાર અવસ્થાની ઓળખ જોઈએ. એટલે બીજી ગાથામાં કહ્યું કે,

**ત્રિવિધ સકલ તનુ ઘર ગત–આતમા બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની,**
**બીજો અંતર આતમ–તીસરો પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની...૨**

## શરીરધારી આત્માની ત્રણ અવસ્થા છે

એમાં પહેલો ભેદ છે બહિરાત્મ અવસ્થા. બીજો ભેદ – અંતરાત્મ અવસ્થા અને ત્રીજો ભેદ છે શાશ્વત એવી પરમાત્મ અવસ્થા. આ ત્રણ અવસ્થાથી પોતાની જાતને ઓળખી લેવાની છે.

પરમાત્મામાં આપણા આત્માનું અર્પણ કરવું છે તો આત્માની ઓળખ બતાવે છે. આત્મા ત્રણ પ્રકારે છે.

(૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) શાશ્વત પરમાત્મા. જેમનો ક્યારે પણ વિચ્છેદ થવાનો નથી એ પરમાત્મા. જે કદી નીચે ઉતરવાનાં નહીં, કેટલા કાળ માટે ? અનંતકાળ માટે = એમાં વિચ્છેદ નહીં પડવાનો, અધોગામિ પરિવર્તન કદી થવાનું નહીં. ઊર્ધ્વગામી પરિવર્તન ચાલુ છે.

પરમાત્મામાં અધોગામી પરિવર્તન નથી ઊર્ધ્વગામી પરિવર્તન છે. કારણ, નવા નવા જ્ઞાન ને ક્ષમાદિનાં પર્યાયો આવતાં જ જાય છે જ્ઞાનનાં પર્યાયો જગતનાં કારણે આવતાં જ રહે છે. એટલે એમનું જ્ઞાન પણ એ પર્યાયો પ્રમાણે પલટાતું જ રહે છે. જ્ઞાનને સાચું રહેવું હોય તો વિષયનાં પરિવર્તન = પર્યાય ફરે એમ પોતાનાં પર્યાયો ફેરવવા પડે. એમ ક્ષમા – નિર્લોભતાદિનાં નવાનવાં પર્યાયો આવતા જાય છે. અનાદિ અનંતકાળથી જગત નવું નવું બનતું

રહ્યું છે અને એ રીતે જીવો પણ નવા નવા થતા રહે છે. આ બધાની સામે ક્ષમાનો એક હિસાબ છે ખમી ખાવાનું. કોઈ ખરાબ કે સારું નથી. એમ નિર્લોભતાનાં પર્યાયો – આમાનું મારે કાંઈ જોઈએ નહીં. આ પણ મારે જોઈએ નહીં.

**પ્રભુ ઉપરકાર ગુણે ભર્યા, મન અવગુણ એકે ન સુહાય,**
**ગુણ ગણ અનુબંધી હુઆ, એનો અક્ષયભાવ કહાય.**

પ્રભુ ! આપ ઉપકારને ગુણોથી ભરેલાં છો. એક પણ ખુણામાં આપનામાં અવગુણ દેખાતો નથી. એટલું જ નહીં. ભગવાનનાં જે ગુણ છે તે પણ સાનુબંધી છે. નવા નવા ગુણનો ઊમેરો કરતાં જાય છે. સિદ્ધ શિલા ઉપર નવા નવા સિદ્ધો ઉમેરાતાં જાય છે ત્યાં કોઈ દિવસ સ્ટોપ નથી એમ પ્રભુમાં નવા નવા ગુણો આવતાં જાય છે એનું નામ અક્ષય ભાવ. અક્ષયભાવ એટલે જે ગુણો છે એનો નાશ ન થાય. અમારો અક્ષયભાવ જુદો છે. જે ગુણો છે એતો ભલે રહ્યાં પણ નવા નવા ગુણો ઉમેરાતા જાય.

ક્ષમા – નિર્લોભતાદિ ગુણો પણ વધતા જાય છે એટલે પરમાત્મ ભાવ છે એ અંવિચ્છેદ = નાશ પામવાની તો વાત જ નથી. પર્યાયોની પરંપરા વધતી છે.

**આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની;**
**કાયાદિકનો હો સાખી ધર રહ્યો, અંતર આતમ રૂપ સુજ્ઞાની...૩**

આત્માની ત્રણ અવસ્થા. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા.

બહિરાત્મા કોણ ? આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો – એ બહિરાત્મા રૂપ પાપ છે. બહિરાત્મા છે એ પાપરૂપ છે એટલે ? પાપને વિચારનારો, પાપનું બોલનારો, પાપનું આચરનારો, પાપને ફેલાવનાર, એવાની છાયા પણ ખોટી, જેની પડખે બેઠો અને જેનાં પર છાયા પડી એ પાપથી રંગાવાનો. નીચે રહેલો ભિખારી બારીમાં રહેલાં શેઠને

(શ્રીમંતને) રસગુલ્લા ઊડાવતો જુઓ તો એ ભિખારીને પણ ચેપ લગાડે. આ રસગુલ્લા ઊડાવનાર બહિરાત્મા છે. એ બહિરાત્મા કાયાને જ પોતાનો આત્મા માને. રસ્તામાં કોઈ પૂછે, કેમ મણીભાઈ કેમ છો ? તો કહે મરી રહ્યા છીએ અથવા તો કહે ભગવાનની મહેરબાની છે. બિચારા આત્માનો તો ભાવ પણ કોણ પૂછે !

**ખોખાનાં હિસાબે હિસાબ માંડે એ બહિરાત્મા છે.**

હું ધનિક કે નિર્ધન ? આતમાનાં ધનનો હિસાબ માંડે. જૈન ધર્મમાં આવી ગયો એટલે ધર્મનાં અનુષ્ઠાન કરવા મળે છે. એથી મહાધનિક થઈ ગયા. જૈન બચ્ચો દુઃખી ન હોય. દુઃખ આવે તો પણ મસ્ત હોય. કોઈની હવેલી ને પોતાનું ઝુપડું જોઈ દુઃખી ન થાય. મોટી હવેલીને કતલખાનું માને. હું મસ્ત છું કેમ કે હું નિરાંતે ભગવાનનું સ્મરણ કરી શકું છે. આ આત્મબુદ્ધિ હોય તો કરી શકે.

અર્પણ એટલા માટે કે સુમતિનાથ ભગવાનમાં પરમાત્મપણું આવ્યું એ પરમાત્મપણું આપણે લાવવું છે એટલે જેવાનું આલંબન –સંપર્ક કરીએ તેવાં થવાય. દા.ત. લોભિયાનાં ભેગા રહેવાથી લોભિયા અને દાનીનાં ભેગા રહેવાથી દાનરૂચિવાળા થવાય. અર્પણ શા માટે જરૂરી ? સંસારમાં જીવ પરમાત્મપણાથી આઘોને આઘો રહેછે. પરમાત્મપણાનું કશું વિચારવા તૈયાર નથી. એ મિથ્યા કલ્પનાઓ તથા મિથ્યામતિથી પીડાતો એમાં જો વીતરાગ પરમાત્માને બદલે મિથ્યાદેવ – મિથ્યાશાસ્ત્રો – મિથ્યા વાતો – વિષયોની વાતોને ભજવા જાય તો મતિતર્પણ ન થાય. મતિ = પોતાનાં દિલને આનંદ મળે પણ વળે કંઈ નહીં. જીવન પૂરું થતાં જેવો આવ્યો હોય એનાં કરતા ૧૦/૧૫/૨૫/૫૦ ગણો ભારે થઈને જાય. શાનાઉપર ? અસત્ વિકલ્પો –અસત્ કલ્પનાઓ પર. અસત્ પ્રવૃત્તિ કરતાં અસત્ વિકલ્પો બહુ ભયાનક છે. કૂતરાને એક ઘરે રોટલો ન મળે તો ૮ ઘરે ભટકે એટલી જ અસત્ પ્રવૃત્તિ. પણ વિકલ્પો અનેક પ્રકારનાં કરે.

આ કોણ કરાવે ? બહુ સંમત મતો, બહુ સંમત શાસ્ત્રો કરાવે. એ જરાં દિલને આનંદ આપે પણ સુવિચાર કરીએ તો એ ત્યાંથી ખસી જવાં યોગ્ય છે. એ શી રીતે બને ? સુમતિ ચરણ કજે આતમ અર્પણ કરવાથી.

મિથ્યા દેવ–ગુરુ – શાસ્ત્ર – જડવાદી શિક્ષણ આ બધુ મતિ તર્પણ – વિકલ્પોની જાળ એને પોષનાર છે. એટલા માટે ત્રણ જાતનાં આત્મા ઓળખાવ્યા. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. (૧) બહિરાત્મા – એ પાપરૂપ છે. બહિરાત્મા કોણ છે ?

આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો – પોતાની કાયાને આત્મા માને. એટલે પોતાની જાત – જેને હું તરીકે સંબોધે છે. કોને સંબોધે છે ? કાયાને. જાણું છું મૂર્ખ નથી અક્કલવાન છું. હું તો આવી સાહ્યબીથી રહેનાર છું. કાયાને આત્મબુદ્ધિથી ગ્રહણ કરે છે. એટલે કાયાનાં હિતાહિત પોતાના હિતાહિત માને છે. કાયાનું હિત – માલ મેવા મળે એ. આ મારા હિતકારી છે. કાયાને કષ્ટમય હોય તે અહિતકારી, દુ:ખ રૂપ માને છે. જેમ તપસ્યા – કાયાને માટે કષ્ટરૂપ છે. તપ આપણાથી ન થાય. કાયાનાં હિતાહિતને પોતાનાં હિતાહિત માને. અને સવારથી ઊઠે ત્યારથી લગભગ બધી પ્રવૃત્તિથી કાયાને ઉદ્દેશીને કરે. શૌચાદિ – દાતણપાણી, આ બધી પ્રવૃત્તિથી કાયાની આરતી ઉતારે. એટલે કાયાને આત્મબુદ્ધિથી ઓળખે એટલે કાયાને તુષ્ટિ પુષ્ટિ કારક મળે તે બધુ જમા ખાતે રાખે. આત્માનો ચોપડો જ નથી, કાયાનો જ ચોપડો છે. કાયાનાં સગા એજ પોતાનાં સગા માને. ત્યાગ તપ કરે તો પોતાને કષ્ટ લાગે છે. લુખુ ખાય તો પોતાને ખાતે ઉધરી જતું નથી પણ જમા પાસુ બને છે. પણ કાયાને જ પોતાની જાત માને છે એટલે ઉંધા પાસા નાખે છે. આ તપાસવામાં વિચાર થઈ પડે એમ છે કે, આત્માને ઉદ્દેશીને એનો વિચાર કરવા જેવો છે. ધર્મનાં બે ધક્કા ખાધા તો ટાંટિયા ઢીલા પડે છે કારણ

કાયાને આત્માદિક પણે ગણે છે એટલે બે ધક્કાને એ ગુમાવવાનું જ માને છે. આત્માને લાભકારી હોય ને કાયાને લાભકારી ન હોય તો માને કે આટલા પૈસા ધર્મકાર્યમાં ખોટા ખર્ચી નાંખ્યા એમ માને છે. ઉપર ચડવું કેટલું મોંઘું છે ? હલકી યોનિના કેટલાં કોઠા પસાર કરી કરીને અહીં આવ્યા છીએ. આટલે ઊંચે આવવા છતાં પણ આ પાગલપણું છે કે બંગલો બંધાવ્યો તો ઇન્વેસ્ટમેન્ટ થયું ને દેરાસર બંધાવ્યું હોય તો ખર્ચો થયો એમ માને. આ બધું બહિરાતમપણું છે. માણસ પરણી ગયો ને પત્ની ખર્ચો કરાવે તો ખુશી ગણે અને મા ખર્ચો કરાવે તો હિસાબ મૂકે. કારણ આત્મબુદ્ધે કાયાદિક ગ્રહ્યો – કાયાને સુખ આપનાર પત્ની છે એમ માને છે અને માને હવે માથે પડેલી માને છે. આ હૈયાથી પશુતાનાં ચાળે છે. **એટલે બહિરાતમ ભાવમાંથી અંતરાતમ ભાવમાં આવવું હોય તો કાયાને, કાયાને લગતી વસ્તુમાં હું ને મારુંનાં લેબલને ઉખેડીને આત્માને આતમાને લગતી વસ્તુમાં હું ને મારાનાં લેબલ લગાડવા જોઈએ.** તો એ જાગતો આતમા થયો કહેવાય. હું એટલે કોણ ? ભગવાનનો શ્રાવકને ભગવાનનો સાધુ. મારું એટલે આ ધન – મિલકત – ઘરબાર એ નહીં, પણ જ્ઞાન – દર્શન – વ્રત –નિયમ – પુણ્યધન વગેરે એ મારું. માટીનું ધન એ મારું ધન નહીં પણ પુણ્યાઈ રૂપ ધન એ મારું ધન. આ ક્યારે આવે ? આત્માને પોતાનો માનીને કરે તો, અને કાયાદિને વળગાડ માને તો. કાયાદિ તો માત્ર સાક્ષી – દૃષ્ટા – જ્ઞાતા બનીને વર્તાવ કરે. એટલે એમાં રસ ન લે. ગુલાબજાંબુ ખાવાનાં આવ્યા–ચાલો સારું ભોજન ખાવાનું આવ્યું. ના, જરાય સારું નહીં, કેમ કે આ આત્માનાં ખાતે વધારે ઉધારી નાંખશે. સાક્ષી રહે, જ્ઞાતા–દૃષ્ટા એટલે આનું પરિણામ મારા આત્મા ઉપર શું ? એ જુએ. આત્માને કાંઈ આમાં ગુમાવવાનું નથીને ? ત્યાં ચોંકી ઊઠે. એનું નામ અંતરાત્મ ભાવ જાગ્યો કહેવાય. છોકરાને

બાપ રમકડું લાવી આપે – છોકરું રમે એમાં બાપ રાજીપો ન માને. એ તો માત્ર જ્ઞાતા રહે. બાપ સાવધાન છે છોકરાની સાથે રમવું એ માત્ર બાળચેષ્ટા છે. એમ એ બાપ સમજે છે, એમ અંતરાત્મભાવમાં આવેલાં સમજે કે, આ બધી માત્ર બાહ્યભાવની ચેષ્ટા છે.

બાલક્રીડા ઘર ધૂલી સરખી, ભવ ચેષ્ટા ઈહાં ભાસે;

અંતરાત્મામાં આવ્યો એટલે ઘર – દુકાન આદિ બાંધવા પડે પણ એને બાળક ધૂળનાં ઘર બનાવવાની ચેષ્ટા જેમ કરે એમ માને. એમ અંતરાત્મભાવમાં આવેલાને આ ભવની જે લીલા છે તે બાળકનાં ધૂળનાં ઘરની ક્રીડા સમાન માને છે. એ ક્યારે આવે ? વહેલી પરોઢે – મધરાતે એનું ખૂબ મનોમંથન કરે. એમાં પૂરક બને. પેલા વિલાયતવાળાનો દાખલો. કે હું એટલે કોણ ? એનો વિચાર કરે કે હું એટલે એક મામૂલી ચીજ નથી પણ બધી ઇન્દ્રિયોનો ગવર્નર છું, પ્રવર્તક છું, નિવર્તક છું, કંટ્રોલર છું. હું એટલે સુપ્રીમ સોવનીર જેવો છું. એવો હું કોક છું. હું આંખ – કાન – જીભ નથી પણ એ ત્રણેની કાર્યવાહી ચલાવનાર છું. આ દીર્ઘકાળનાં ચિંતનથી નક્કી થાય કે ખરેખર કાન મારા કબજામાં છે ? મારે સાંભળવું હોય એટલું જ સાંભળું, બીજું ન સાંભળું. એમ અહીં વિચારવાનું છે કે, હું એટલે ઇન્દ્રિય કાયા નહીં, આત્મા છું. કાયા તો આત્માની કમાણી કરવાનું શ્રેષ્ઠ સાધન છે. આત્માને શ્રેષ્ઠ સાધન શરીર મળ્યું છે પણ પોતાનાં અંતરાત્માને ઓળખે ત્યારે. આત્મા જો કાયાનો સાક્ષી થાય, કાયા ઉપર હકુમત ચલાવનાર બને ત્યારે એ અંતરાત્મ ભાવમાં આવે.

**આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો** – એટલે અનાદિકાળથી જીવની પાસે કાયાનું જ ખાતું હતું. પોતે એટલે કાયા. જીવનાં બધા હવાલા કાયા ખાતે હતા. કાયાને શું ગમે ? એ જ બધા હવાલા હતા અંતરાત્મભાવ લાવવા માટે કાયાનો ચોપડો આગળ કરવાનો

માંડીવાળી આત્માનો ચોપડો આગળ કરવો પડે. આત્માને હિતકારી શું ? તેની જાહોજલાલી ક્યાં ? અને કાયાની જાહોજલાલી ક્યાં ? બહિરાત્મભાવવાળો કાયાની જાહોજલાલીમાં જ રાચે છે જ્યારે અંતરાત્મભાવવાળો આત્માની જાહોજલાલીમાં રાચે છે. બાહ્ય આત્મભાવાવળો પૈસામાં જાહોજલાલી માને, અંતરાત્મ ભાવવાળો પૈસા સાધર્મિક ભક્તિ આદિમાં ખર્ચાયા તેની જાહોજલાલી માને છે.

## સુરતના યુવાનની સાધર્મિક ભક્તિ

હમણાંની જ વાત છે કે **સુરતનો એક યુવાન** તેનાં બે લાખ રૂ. કોઈ સાધર્મિક પાસે લેવાનાં હતા, સાધર્મિકે ઉઘરાણી કરવા છતા પૈસા આપ્યા નહોતા. આ યુવાનને ગુંડાઓ કહે કે, ૧૦ ટકા અમને આપો એટલે ૨૦ હજાર આપો તો ૧ લાખ ૮૦ હજાર રૂા. તમારા ઘરેબેઠાં અમો પહોંચાડી દઈએ. આ યુવાન પૂછે કે, તમે શી રીતે રૂપિયા મેળવી આપશો ? ગુંડાઓ કહે જાસા ચિઠ્ઠી મોકલીશું અને મારપીટ કરશું એટલે પૈસા પાછા મળી જશે. યુવાને વિચાર કર્યો કે, મારા સાધર્મિક પાસેથી મારે આ રીતે પાછા લેવા નથી, પછી તેણે સાધર્મિક ભક્તિનાં સુકૃતને નામે રૂપિયા માંડી વાળ્યા. બાપા પૂછે કે, આ તે શું કર્યું ? ત્યારે યુવાન કહે, સાધર્મિક ભક્તિ કરી ! આ રીતે **બહિરાત્મા પૈસાની જાહોજલાલીમાં માને, અંતરાત્મા સાધર્મિકની જાહોજલાલી કરવામાં માને.**

હિસાબ આ છે કે, મારે મારા આત્માનું જોવાનું, આત્માની જાહોજલાલી જોવાની, કાયાની જાહોજલાલી ન થાય તો કાંઈ નહીં. ગઈકાલ સુધી કાંકંદી નગરીનાં ધન્નાજી મેવા મીઠાઈ અને કાયાને પોષવાની જાહોજલાલીમાં હતા પણ પ્રભુ પાસેથી આત્માની

જાહોજલાલી સમજ્યા એટલે છઠ્ઠનાં પારણે છઠ્ઠ લગાવ્યા. પારણે પણ આયંબિલ, એ પણ લુક્ખુ સુકુ; અંતરાત્મા બનીને માત્ર આઠ જ મહિનામાં કાયાને ઓગાળી નાંખી. તેમના ઉપર ભગવાને સિક્કો માર્યો કે, ૧૪ હજાર શિષ્યોમાં નિત્ય ચડતે પરિણામે કોણ ? તો ધન્નાજી ને બતાવ્યા. કાયાનાં રસિયાને શરીરનું વજન ૫૦માંથી ૬૦ કિલો થાય તો આનંદ માને જ્યારે આત્માનાં રસિયા ધન્નાજી શરીર ઉતરે છે એમાં આનંદ છે.

કાયાદિકનો સાક્ષીધર રહ્યો બીજો અંતર આતમ રૂપ – કાયાની ખોટમાં પોતાની કોઈ ખોટ માને નહીં. પણ કાયાદિનાં લાભમાં પોતાનાં આત્માનું નુકસાન છે તેમ અંતરાત્મભાવવાળો માને. કાયાને કષ્ટ આપીને પણ સહન કરવામાં આનંદ માને. જેમ ગજસુકુમાર મુનિને માથે સગડી મુકાણી – માથુ બળ્યું તો પણ આનંદ – સુખ માન્યું.

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધ સુજ્ઞાની;**
**અતીન્દ્રિય ગુણ–ગણ–મણિ–આગરું, એમ પરમાતમ સાધ સુજ્ઞાની...૪**

**જ્ઞાનાનંદે પૂરણ પાવન :** જ્યારે અંતરાત્મામાં સ્થિર થઈ ગયો એટલે કે, કાયાનું લક્ષ બીલકુલ ચાલ્યું ગયું એટલે કે કાયા પર આસક્તિ – મમત્વ – દેહાધ્યાસ ચાલ્યો જાય ને અંતરાત્મામાં સ્થિર થાય ત્યારે જ્ઞાનનો આનંદ પ્રાપ્ત થાય. કાયાને ભૂલી ગયો, એટલે કે કાયા એ કોઈ ચીજ નથી એમ સુખ–દુ:ખ એ પણ કાંઈ ચીજ નથી. જેમ બીજાની કાયાને સુખ – દુ:ખ હોય તેમાં મારે ચિંતા નથી તેમ મારી કાયા પણ પારકી છે એટલે પારકી કાયાનું સુખ – દુ:ખ એ મારું નથી. જેમ નરકનાં દુ:ખ પામતા નારકોનાં દુ:ખ એ આપણા નથી તેમ મારી કાયાનાં દુ:ખ પણ મારા નથી, એટલે કે કાયાનાં સુખ – દુ:ખમાંથી મમત્વ ઉડાડી દેવાનું. ખંધકસૂરિનાં

શિષ્યોએ આ કરેલું – સુખ – દુ:ખમાંથી એવું મમત્વ ઉઠાવી લીધું કે પરમ આનંદને પામ્યા.

જ્ઞાનાવરણ – દર્શનાવરણ અને અંતરાય કર્મ એ ત્રણેને મોહનીય કર્મની હૂંફ છે. મોહનીય કર્મ એટલે રાગ – દ્વેષ, તે જ્યાં સુધી જાગતા છે ત્યાં સુધી આ ત્રણે સલામત છે. રાગ દ્વેષ ૧૨મે ગુણઠાણે ગયા એટલે આ બધા અંતર મુહુર્તમાં ઊડી જાય. નિકાચિત કે અનિકાચિત હોય તે બધા તૂટી જાય. આમ તો નિકાચિત કર્મ ભોગવવા પડે પરંતુ ક્ષપક શ્રેણીમાં તે પણ તૂટી જાય. એટલે હવે –

જ્ઞાનાનંદે પૂરણ પાવન – આત્માનો જે પરમાત્મભાવ પ્રગટ થાય તે કેવો પ્રગટ થાય ? જ્ઞાન આનંદે પૂરણપાવન કેવલજ્ઞાન પામે, કાયા ઊભી છે તે સદેહમુક્તિ કહેવાય. ચાર ઘાતિનાં નાશથી જીવન મુક્તિ કહેવાય. અને મોક્ષમાં જાય એટલે વિદેહમુક્તિ કહેવાય. એ આનંદ કેવો છે ? વેદનીય કર્મનાં ક્ષયનો તો ખરો જ, ઉપરાંત મોહનીયનાં ક્ષયથી, એટલે વીતરાગતાનો આનંદ છે. જ્ઞાન અને આનંદમાં પૂર્ણ છે. અનંતાકાળનું એક એક જીવનું સ્વરૂપ પ્રગટ છે. માટે તે પાવન બન્યા, સ્વયં પવિત્ર અને બીજાને પણ પવિત્ર કરનારા બન્યા, પરમાત્માને એમના ગુણો સહિત આપણા મનમાં લાવવાના હોય તો આપણા આતમાનાં કચરા સાફ થાય. પરમાત્માને નિરુપાધિક્તાનો આનંદ કેટલો ? ઉપાધિ જેમ ઓછી થતી જાય તેમ અખેદ વધતો જાય. ૧૩મે ગુણઠાણે આવ્યા એટલે કોઈ ઉપાધિ નહિ. મનને કાંઈ જ અડવા ન દે. ઘાણીમાં પીલાતા પીડા–અપાયો છતાં અલિપ્ત. કાયાથી એવા અલગા છે કે, કાયાની કચડામણની જરાં પણ આત્માને અસર નથી માટે જ્ઞાનાનંદમાં આનંદ. આવું પરમાત્માનું સ્વરૂપ.

અતીન્દ્રિય ગુણ મણિ આગરું : ગુણોનો મોટો રાશિ – અનંત ગુણો. તે પણ અતીન્દ્રિય, આપણી આંખે ન દેખાય તેવા. જેમ

કેવલજ્ઞાનાદિ ગુણોની આપણને અસર પડે. તેમ મોહનીયનાં નાશથી અનંતાનંત ગુણો પ્રગટ થયા છે તે અતીન્દ્રિય છે. આપણને ન જણાય.

પ્ર. તો જણાય શીરીતે ?

ઉ. આગમ શાસ્ત્રથી જણાય.

સીમંધર સ્વામીનાં ગુણોનું વર્ણન સ્વયં ભગવાન મહાવીર પણ કરી ન શકે એવાં તે ગુણો હોય છે.

**ઈમ પરમાતમ સાધ :** એ પ્રમાણે તું પરમાત્મભાવને સાધ. ભગવાનનાં ચરણમાં આત્માનું અર્પણ કર્યું તો ભગવાનનાં ચરણ દર્પણ જેવા છે તે આપણા બધા ડાઘા બતાવી આપનાર છે. તેમાં એ જોવાનું છે કે બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં આવવાનું છે પછી પરમાત્મભાવને લાવવાનો છે.

તે માટે તેનું ચિંતન – મનન કરવાનું. આવું કાંઈ મનન – ચિંતન પ્રભવસ્વામીએ શય્યંભવ બ્રાહ્મણને પ્રતિબોધ કરવા માટે કર્યું હશે કે શાંતિનાથ ભગવાને બહિરાત્મામાંથી નીકળી અંતરાત્મામાં સ્થિર થઈ પરમાત્મભાવ સાધ્યો. આવો શંતિનાથ ભગવાનનો પ્રતિમા રૂપે પ્રભાવ છે તારા આત્મામાં પણ આ પ્રભાવ પ્રગટ થઈ શકે છે.

બૅંકમાં કરોડો રૂપિયા મૂકી દીધા ને સરકાર ઓર્ડિનન્સ બહાર પાડે કે ૧૦૦થી વધારે કોઈને આપતા નહીં. તેમ કર્મ કહે છે કે **સબકુછ તુમારા હુકમ અમારા.** આત્મા અનાદિનો રીઢો છે, બહિરાત્મભાવમાંથી એને અંતરાત્મામાં સ્થિર કરવાનો છે બહારનાં ખાતાઓને આત્માના ખાતામાં લઈ જવાનાં. પેલો મારા પૈસા દબાવે છે તો ભલે ! મારો પાપનો ઉદય છે. તે દબાવે છે. રૉફ મારે છે પણ મારે મારા આત્માનાં કચરા સાફ થાય છે. ક્ષમા કમાવાની તક મળે છે. ક્રોધના બજારમાં જ ક્ષમાનો મબલખ વેપાર કરી શકાય. ભગવાનનું શાસન હૈયામાં વણાઈ જાય તો આત્માની જાહોજલાલી

છે. પ્રભવસ્વામીએ આ સમજાવ્યું. પરમાત્મભાવ પ્રગટ કર એટલે અનંતુજ્ઞાન, અનંતુવીર્ય – શક્તિ આદિ પ્રગટ કરવા. પછી આત્માનું અનંતુસુખ પ્રગટ થાય. આવો પરમાતમભાવ તું સાધ !

**બહિરાતમ તજી અંતર આતમ રૂપ થઈ થિર ભાવ સુજ્ઞાની;**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ સુજ્ઞાની...૫**

આત્માની ત્રણ પ્રકારની ઓળખ કરાવી હવે શું કરવાનું ? એનું વિધાન બતાવે છે. બહિરાતમભાવને છોડ અને અંતરાતમ ભાવમાં સ્થિર થા. એ રીતે પરમાત્મભાવને સિદ્ધ કર. અર્પણનો આ જ પ્રકાર છે.

## બહિરાતમ ભાવને છોડ

છોડવાનું એટલે ? ચાલો બહિરાતમભાવ મેં છોડી દીધો આમ બોલવાની વાત નથી. બહિરાત્મભાવ છોડવો હોય તો કાયાને આત્માની બુદ્ધિથી જે પ્રવૃત્તિ કરતો હતો એ મૂકી દે. આાત્માને જ આત્મા માનીને પ્રવૃત્તિ કર. એ કાંઈ આજને આજ છૂટી જાય ? સવાર પડી ચાલો નાસ્તો. એ તો કાયાની પ્રવૃત્તિ છે એ થોડી છૂટી જાય ? છૂટી ન જાય પણ એ પ્રવૃત્તિ સમજીને કર. કે, આત્માને બદલે હું કાયાની પ્રવૃત્તિ કરવા છતાં બહિરાત્મભાવનો ત્યાગ થઈ શકેછે. મારે તો તપને ત્યાગમાં જવાનું છે. આ રોજ બળાપો કરવાનો. તો પછી ઢોંગ ધતુરા ન થાય ! ના, ગરીબી ભોગવનારો – ઘણી તંગી છે વસ્તુની, છતાં પણ ચલાવી લે છે. છતાં રોજ હૈયું બાળે છે કે આપણે અભાગીયા – મળતું નથી. એટલે આ હિસાબ માંડે કે હું એટલે કાયા નહીં, આતમા છું, એને માટે કાયાનાં હિતની જે આઈટેમો છે તેની સામે આત્માનાં હિતની આઈટેમો ગોઠવવી પડે.

**કાયાનાં હિતનો પહેલો મુદ્દો**

(૧) ખાનપાન : સારી રીતે ખાઈએ પીએ. આ કાયાની દૃષ્ટિ થઈ. ખાન – પાન ખરાં પણ ત્યાગપૂર્વકનાં એટલે તપ કર, તપ કરે. આવું કાંઈ કરતો જા તો બહિરાત્મભાવ ત્યજયો કહેવાય. તપ સતત ન બને તા આંતરે કર. ખાન પાન કરે એમાં ત્યાગ કરે, પુન્યે યારી આપી છે એટલે નાસ્તામાં પણ બે ચીજનાં બદલે સાત ચીજ મળે, એને છોડ. બહિરાત્મભાવ તજવો હોય તો. બાકી આ બહિરાત્મભાવ તો અનાદિનો છે. એ કાંઈ બ્રિટિશરો જેવો નથી કે **quit India** કહેવાથી છોડીને ચાલ્યો જાય. એ તો ઊંડા મૂળિયા નાંખીને રહેલો છે.

**કાયાનાં હિત માટે ખાનપાન–આત્માનાં હિત માટે તપત્યાગ.**

(૨) **સ્નાન :** એ પણ બહિરાત્મભાવ છે. અંતરાત્મભાવમાં આવવું છે તો ભગવાનની પૂજા સિવાય સ્નાન કરવું નહિ. એ વખતે પણ કાયાની ઉજળામણ યાદ ન આવે. આત્માને પવિત્ર કરવાનું યાદ આવે. પછી બે બાલ્દી પાણીથી ન ન્હાય. બે લોટાથી ન્હાય. આવી રીતે બહિતરામ ભાવ તજાય.

(૩) કાયાને જોઈએ છે **માન સન્માન.** જ્યાં માન મળે ત્યાં કુદે. જેટલા મળે એટલાં ખપે. માન સન્માન ઠંડે કલેજે સ્વીકારી લે આ બહિરાતમ ભાવે છે. આવા માન સન્માનમાં જિંદગી પૂરી થાય. આત્મા ક્યાંય યાદ ન આવે, માટે આ છોડ. પ્રભુને માન સન્માનનાં લેખા ન ગમે. એ મૂકી દે અને આત્મદૃષ્ટિ એ વિચાર કર કે આ માન કરે એમાં આત્માનું પુન્ય વટાવાય છે. અભિમાન – ક્રોધ – કષાય થાય છે આનાથી દૂર રહી ગુપ્ત સેવા – પરોપકાર કર. સેવાદિ કરીને કોઈ દિવસ કહી બતાવવાનું નહીં અને બીજાને પણ નહીં કહેવાનું. જે સ્વોત્કર્ષની વૃત્તિઓ છે એને દબાવ. અને જે હિતાસાધક વૃત્તિઓ છે એને ગુપ્ત રાખતો જા. એ કરમાવાનું નથી પણ વધારે વિકસ્વર

થવાનું છે. કાયાને માન સન્માન જુએ છે પણ આત્માને બને એટલો એનાંથી દૂર રહેવાનું. સ્વોત્કર્ષથી દૂર રહેવાનું. તો એને માટે કહેવાય કે બહિરાતમભાવ તજ્યો.

(૪) કાયાને ગમે છે મોટાઈ – સત્તા. આ લીધા કરે તો બહિરાતમભાવ છૂટે નહીં. અંતરાત્મભાવ માટે શું કરવાનું ? વર્ચસ્વ- હકુમત તરીકે હકુમત છોડવાની અને વિનમ્રતા વગેરેથી વડીલ તરીકેની જવાબદારી બજાવવાની. આશ્રિતનું હિત ન થાય અને અહિત થાય એવા માર્ગે નહીં જવાનું. વેપાર ધંધામાંથી મને ફુરસદ નથી આ છોડ ને જે આશ્રિત છે એને હિતશિક્ષા આપ, નહીંતર વડીલ તરીકેનાં માન લેવાના ને સત્તા અપનાવવાની રીત આ બહિરાત્મભાવ છે. એ છોડવા પોતાનાં વડીલ તરીકેના વર્તાવનો ખ્યાલ જોઈએ. એ વર્તાવમાં પોતાને ધ્યાન જોઈએ કે વડીલપણું બજાવતા મારામાં કષાયો વધતા તો નથી ને ? વડીલપણું બજાવતાં મારાથી પાપમાં અનુમતી અપાઈ ન જાય. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે.

**ક્ષીરકદંબર ઉપાધ્યાય**, ત્રણ વિદ્યાર્થીને ભણાવતા, એક પોતાનો દીકરો, એક રાજપુત્ર અને એક નારદ. એક વાર ત્રણેની સાથે અગાશીમાં સૂતા છે તે વખતે ત્યાંથી આકાશ માર્ગે જતાં એક મુનિ બીજા મુનિને કહે છે કે આ ત્રણમાંથી બે નરકગામી છે ને એક સ્વર્ગગામી છે. ઉપાધ્યાયે આ સાંભળ્યું ને ચોંકી ઊઠ્યા એટલે મારે આ વિદ્યા નરકની પુષ્ટિ કરવા ભણાવવાની ? સવાર પડી. મુનિઓને શોધતો શોધતો ગયો. એક મુનિ મળ્યા ને વાત કરી. મહારાજ હું વડીલ છું, ગુરુ તરીકે ભણાવું છું. મારા આશ્રિતો પાપ કરે તો મને કાંઈ હિસ્સો લાગે ? આપ કહો. હિસ્સો લાગે, તો આજે છોડી દઉં. એટલે સાધુ કહે, બળતું લાકડું હાથમાં પકડ્યું હોય તો બળવાનું થાય ? હા, તો આ કુટુંબ – વિદ્યાર્થીઓ તો રહેવાનાં તો પછી પાપથી શી રીતે બચાય ? તો પછી નરકથી બચવું શી રીતે ? જેમ લાકડું બળતું બળતું આવતું હોય તો કઈ રીતે બચાય ?

ફેંકી દઈએ તો બસ ત્યારે એ જ પ્રમાણે. ઉપાધ્યાય પંડિત હતા. સમજી ગયા. વિદ્યાર્થી –કુટુંબને છોડીને નીકળી જઉં તો જ પાપથી બચીશ. આ વાત સમજી ગયા.

જૈન શાસનની કેવી ઝીણી દૃષ્ટિ છે. કહ્યું છે કે,

भर्तुभार्याकृतं पापं, राज्ञो राष्ट्रकृतं पापं ।
गुरोः शिष्यकृतं पापं, पित्रोः पुत्रकृतं पापम् ॥

ધણીને ધણિયાણીએ કરેલું પાપ લાગે. નીતિશાસ્ત્ર કહે છે કે, સ્ત્રી દુરાચારી હોય તો બાંધી રાખે. જેથી દુરાચારની ખો ભૂલી જાય. સરખી રીતે રાજ્ય ચલાવતા ના આવડે ને પ્રજા પાપ કરે તો બધો પાપનો જમેલો રાજાને લાગે. એક પણ પાપ – ચોરી – જૂઠાણા –અનીતિ આદિ ન થાય એવી કડકાઈ રાખે. જરૂર પડે રાજા રાજ્યમાં રાતે વેશપલટો કરીને નીકળે. કુમારપાળે ૧૮ દેશમાં અહિંસા પળાવી. સિપાઈઓ ચારે બાજુ ફરતા. એક દિવસ એક શેઠિયાને પકડી લાવ્યા ને રાજાને કહે આણે જુ મારી. એની પત્ની કહેતી હતી કે આ શું કરો છો ? ત્યારે કહે, હવે કુમારપાળ અહીં ક્યાં જોવા આવવાનો છે ? ને અમે ત્યાંથી પસાર થતાં સાંભળ્યું ને એમને પકડી લાવ્યા છીએ. શેઠ ફફડી ગયા. શેઠ કહે હવે જિંદગીમાં નહીં કરું, માફ કરો ! રાજામાં ભીમ ને કાંત બેય ગુણ હતા. કહે દંડ વિના છૂટવું છે ? જાઓ, એક મંદિર બંધાવો તો છુટાશે ! અને મંદીર બંધાવ્યું જેનું નામ યૂકાવિહાર પાડ્યું; આ ધાક હતી તો કોઈ હિંસા નહોતું કરતું. બીજી બાજુ કાંત ગુણ–પ્રેમનો ગુણ એવો હતો કે સવારી એ નીકળે– કાંઈ સારું જુએ તો એને ઈનામ આપે. આવું કાંઈ ન આવડે તો राज्ञः राष्ट्रकृतं पापं લાગે. કારણ કહ્યું છે કે રાજ્યશ્રી એ નરકશ્રી...

શિષ્યને કબજામાં ન રાખે. સારણા – વારણાદિ ન કરે તો શિષ્ય જે પાપ કરે એ પાપ ગુરુને ૮ ગણું લાગે. કેમ કે એ ગુરુને

કસાઈ કરતાં ભૂંડા કહ્યાં છે કે જો સારણા વારણાદિ ન કરે તો શિષ્યનાં અનેક ગુણોનો એ નાશ કરે છે.

પુત્રે કરેલું પાપ પિતાને લાગે છે. આ વાત ક્ષીરકદંબક ઉપાધ્યાયને બેસી ગઈ. આ ત્રણમાં કોણ નરકગામી કે સ્વર્ગગામી એ શોધવા માટે લોટના ત્રણ કુકડા બનાવ્યા. અંદર લાખનો રસ ભર્યો. પોતાનાં પુત્ર રાજપુત્ર વસુ અને નારદને આપ્યો ને કહ્યું જ્યાં કોઈ ન દેખે ત્યાં મારીને આવો. પરદેશી નારદ કુકડાને લઈનેજંગલમાં ગયો ત્યાં એક ઝાડ નીચે મારવા ઊભો રહ્યો તો થયું અહીં તો પંખેરા જુએ છે. ગુફામાં ગયો તો એને થયું હું જોઉં છું – આંખો બંધ કરી તો વિચાર આવ્યો દિવ્યજ્ઞાની યોગીઓ જુએ છે એટલે વિચાર્યું કે ગુરુએ આ મારવા આપ્યો નથી. એટલે કુકડો લઈને પાછો ગુરુ પાસે ગયો. જ્યારે ઉપાધ્યાયનો પુત્ર જંગલમાં જઈ કુકડાને મારીને પાછો આવ્યો. એટલે ઉપાધ્યાય સમજી ગયા કે મારો પુત્ર નરકગામી છે. હવે આને ભણાવીને શું કરવાનું ? પરદેશી નારદ અને રાજપુત્રને એમનાં ગામ મોકલી આપ્યા અને પત્નીને કહે હું હવે સંન્યાસ લેવા જાઉં છું ને ઉપડ્યા જંગલમાં. આ જવાબદારીનું પાલન હોય તો અંતરાત્મભાવ આવ્યો કહેવાય.

બહિરાતમ ત્યજ ને અંતરાતમ રૂપે થા અને સ્થિરભાવ ભાવ. બહિરાતમ તજવો એટલે શું ? બહિરાતમભાવ તજવો એટલે જીવ કાયાને મુખ્ય કરી સવારથી જે ખાન – પાન આદિ કરે છે એને બદલે અંતરાતમભાવની પ્રવૃત્તિ કરવી તો ખરેખર બહિરાતમભાવ છોડ્યો એમ કહેવાય.

ખાનપાનની સામે ત્યાગ – તપ, સ્નાનની સામે સામાયિક – પોષધ આદિ ધર્મની પ્રવૃત્તિ, માનસન્માનની સામે પ્રભુની નજરમાં સારા શી રીતે થઈએ ? એવી દૃષ્ટિ અને પ્રવૃત્તિ. આ માન સન્માનને કિંમત વિનાનાં સમજે તો પ્રભુની નજરમાં સારો અને જો

માનસન્માનાદિને હૈયાથી વધાવી લીધા તો પ્રભુની નજરમાં ખોટો. બહિરાત્મભાવમાં લોક – દૃષ્ટિ છે. એ છોડીને અંતરાત્મભાવ લાવવો એટલે વિચારવું કે જ્ઞાનીની દૃષ્ટિમાં હું સારો કેમ ? કેવાં ગુણો ગ્રહણ કરું કે કેવાં કર્તવ્ય બજાઉં તો હું સારો ગણાઉં ? ભગવાન તો સર્વજ્ઞ છે. એમનાં કેવલજ્ઞાન રૂપી કેમેરામાં તો સમયે સમયે તમે જેવાં હોય તેવા ફોટા પડે છે. એમ સત્તા – મોટાઈ વગેરે અંગે અહંકારની નજર રહે એ બહિરાત્મભાવ છે. સત્તા – મોટાઈ આદિ વડીલપણામાં જે ખરેખર ખામોશ–સહિષ્ણુતા કર્તવ્યભાર હોવા જોઈએ તો એ અંતરાત્મભાવ કહેવાય. બહિરાત્મભાવવાળો કાયાની પુષ્ટિ ઉપર જુએ છે, એ છોડી અંતરાત્મભાવ લાવવો હોય તો આત્માની પુષ્ટિ ઉપર જુએ. આત્મા કેમ પુણ્યકૃત્યથી તગડો થાય એ જુએ. કાયા પૌદ્ગલિક છે એની પુષ્ટિમાં કાયાનાં વર્ણ આકૃતિ દુબળા સબળાપણું વગેરે આવે. આત્મા અરૂપી છે એની પુષ્ટિમાં શુભ ભાવો – ભાવનાઓ શુભયોગ વીર્ય વગેરે આવે. આ પુષ્ટિમાં એવી પ્રવૃત્તિઓ કરવાની જેથી આત્મા તગડો થાય. એમાં પહેલાં નંબરે સદ્ભાવનાઓ કેળવવાની. અંતરાત્મભાવ કેળવવાનો એટલે મૈત્રી આદિ ભાવોમાં વિકાસ લાવવાનો. તો આત્માને પુષ્ટિ મળે. સવારે ઊઠતાં જ મૈત્ર્યાદિ ચાર ભાવનું ચિંતન કરે. જગતનાં જીવ માત્ર મારા સ્નેહી છે. દુઃખી જીવોનાં હું દુઃખ નિવારું. ગુણવાન જીવોની હું અનુમોદના કરું અને જે અસાધ્ય છે એવા ઉપર મધ્યસ્થભાવ રાખું – એના પ્રત્યે મનમાં ખરાબ વિચાર ન આવે. સો અવગુણ પડ્યા હશે તો કાંઈક તો ગુણ હશે ? એમ પ્રમોદભાવ ને ઉપેક્ષાભાવ વધે. આ ભાવોને કેળવતાં રહીએ તો પુષ્ટિ થાય. છોતરા છોલે એમાં શું ? ઊઠ્યો ત્યારથી આચર કુચર વિચાર કરે. મલિન ભાવોથી આત્માની પુષ્ટિ નથી. કાયાને સ્નાન કરાવવામાં ૩ મિનિટ લગાવે અને આત્માને શુભ ભાવથી સ્નાન કરાવવામાં ૧૩ મિનિટ લગાવે. ખરાબ ભાવોને દૂર કરે અને સારા

ભાવોને કેળવે એ અંતરસ્નાન છે. એમ બહિરાત્મભાવમાં કપડાનો ઠઠારો – ટાપ – ટીપ અલંકારો પહેરવા વગેરે છે, હવે અંતરાત્મભાવમાં જવું છે તો સાદા અને સજ્જનને શોભે એવા વસ્ત્રો પહેરે, ખોટો ઠઠારો ન કરે.

આત્મા ઉપર બહિરાત્મભાવ અનંત અનંત કાળથી પડેલો છે એને કાઢવા ઝીણી ઝીણી બાબતમાં નજર કરે તો એનું જોર ઓછું થાય એ અંતરાત્મભાવ છે, ૨૫,૦૦૦ ખર્ચી મોટું સાધર્મિક વાત્સલ્ય કરે, વાહવાહ ઘણી થાય પણ સો બસો માટે આવેલ કોઈ દુ:ખી ગરીબ સાધર્મિક સામે પણ ન જુએ એ બહિરાત્મભાવ. જ્યારે અંતરાત્મભાવ આવા ગરીબ સાધર્મિકને ગુપ્ત મદદ કરે.

**Greatmen are those who are peculiar in minor Matters** મહાન માણસ એ છે જે નાની વાતોમાં ચોક્કસ હોય છે.

બહિરાત્મભાવ તજવામાં આ સાવધાની જોઈએ. આ બધું સવારથી જ શરૂ થઈ જાય. માટે બહિરાત્મભાવની પક્કડમાંથી છૂટવું છે તો વાણીવ્યવહાર મુલાયમ જોઈએ. સામાના સદ્ભાવ વધારે. બીજું – 'આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો' એટલે શું કરે છે ? જ્યાં સુધી બને ત્યાં સુધી આરામ–સુખશીલતા પોષે છે. એની સામે અંતરાત્મભાવમાં શાસ્ત્રોનું અધ્યયન જોઈએ. 'કાયા કામ માટે મલી છે આરામ માટે નહીં.' એમ તો ભેંસ પણ તળાવમાં પડી રહે છે. એનો અર્થ શું ? કાયા કામ માટે મળી છે એમ કાયાથી કામ લેવાની સમજ હોય એટલે દેરાસરજીમાં બે ખમાસમણ ઊભા થઈને દીધા પછી ત્રીજું બેઠા બેઠા દેવાનું મન ન થાય. કાયાને બેઠાડું રાખવાથી વૃત્તિ બહિરાતમભાવની છે.

સુખશીલતા એવી છે કે બેઠા બેઠા કામ થતું હોય તો ઊભા ઊભા નથી કરવું. ઊભાથી કામ થતું હોય તો ચાલવું નહીં. આ વૃત્તિ બહિરાત્મ ભાવની છે.

આ બહિરાત્મભાવને પોષનારા ૪ મોટા તત્વો છે.

(૧) પ્રમાદાચરણ – પ્રમાદ આચરણમાં વિકથા – પાપકથા – નિંદા – કુથલી વગેરે આવે. આ પ્રમાદાચરણ છે. કોઈ દેશ, રાજા આદિની વાત એ વિકથા છે એમ સ્ત્રીની કે ભોજનની કથા એ પણ વિકથા છે. બહિરાત્મભાવ છોડવો હોય તો આ વિકથા છોડવી પડે. આપણે ન કરતાં હોઈએ પણ કોઈએ માંડી તો ? તો એમાંથી ધર્મને જોઇન્ટ કરીને ધર્મકથા કરી દે.

જિતશત્રુ રાજા હતા. તેમણે પાર્ટી રાખી, શેઠિયા વગેરે મોટા મોટા લોકોને જમવા નોતર્યા. ભોજન પીરસાયું, મહારાજા શરૂ કરે પછી બધાએ શરૂ કર્યું. રાજા એક એક ચીજ ખાતો જાય ને વખાણ કરતો જાય અને બધા હજુરિયા હાજી–હાજી કર્યા કરે પણ મુખ્યમંત્રી સુબંધુ કાંઈ બોલે નહીં. કેમ ? એના મનમાં એક જ રટણ ચાલતું આ બધા પુદ્‌ગલના ખેલ છે ! આની શું કવિતા ગાય. કવિતા ગાવી તો ભગવાનનાં ભજનની ગાવી. પુદ્‌ગલની શું ગાવી. ! આ ખાવાની વસ્તુ ને શું મહત્ત્વ આપવું ? એમ જે વસ્તુને જેવું મહત્ત્વ આપીએ એવું આપણું મહત્ત્વ સ્થાપિત થાય છે. અન્ન એ તો તુચ્છ વસ્તુ છે એને મહત્ત્વ આપો એટલે આત્મામાં તુચ્છતા આવે. રાજાએ પુછ્યું – કેમ મંત્રીજી ! તમે કાંઈ બોલતા નથી ? બધાને કદર છે ને તમને નથી ? મહારાજા એમાં શું બોલવાનું ? બધા પુદ્‌ગલનાં ખેલ છે. જે અંદર રટણ ચાલતું હતું તે બહાર આવ્યું. વિકથાનાં મામલામાં એણે ધર્મકથા બનાવી દીધી. ચાલે ત્યાં સુધી વિકથામાં પડવું નહીં એ સામેથી આવી ગઈ તો એમાં તત્ત્વ ગોઠવી દેવું.

એમ કુથલી એ પણ બહિરાત્મભાવ છે. વાતો કરવા બેઠા. જેમાં કોઈ મહત્ત્વ ન હોય ત્યાં વિચાર કરે કે કુથલી કોણ કરે ? જેનાં દીલમાં બધો કચરો ભર્યો હોય તે વાણી દ્વારા કચરો બહાર કાઢે. અંતરમાં સારો માલ હોય તો મોઢેથી સારો માલ કાઢે. કુવામાં જેવું

હોય તેવું બહાર આવે. એક શબ્દ બોલતા સાવધાન થવું જોઈએ કે આવું કેમ બોલાય ? ત્યારે કંટ્રોલ અવો.

**વિકથા ચાર કહી છે.** દેશ કથા, ભક્ત કથા, સ્ત્રી કથા અને રાજ કથા... પાપ કથા કોને કહે છે ? સામાનાં સારા ભાવને તોડે, શ્રદ્ધાને તોડે, દાનની ભાવનાને તોડે. આવા જે બોલ તે પાપકથા છે, દર્શનભેદિની – ચારિત્ર ભેદિની કથા છે. સાધુની આગળ કહો શું આજે વિજ્ઞાને શોધ કરી છે ચાંપ દાબોને તૈયાર, તો આમ કહેવાથી રાગ થાય. આ રાગ ચારિત્રને ભેદનાર છે. અને દ્વેષ થાય એવું બોલે – આજની સરકાર હરામ ખોર છે, ઑફિસરો લાંચિયા છે. વગેરે.

**૨૦૦૮ની સાલમાં** અમે લાલબાગ – (મુંબઈ)માં ચોમાસું હતા, ત્યારે એક ભાઈ આવીને કહે, તમે સાધર્મિક ભક્તિ માટે કેમ નથી બોલતા, મેં કહ્યું. હું તો ઘણું કહું છું. સાધર્મિકોની જે સ્થિતિ છે એ છે. કોઈ ગમે તેવું વસાવી આપે તો પણ ચાર છ મહિના પછી શું ? હું એ કહું છું કે, આવી કપરી સ્થિતિમાં પણ સાધર્મિકોને ન્યૂનતા ન લાગે કે હું ગરીબ છું, મારે આફત છે કઈ રીતે દૂર થાય ? આવો એને વિચાર પણ ન આવે. એ વિચારે કે મને જૈન શાસન મળ્યું છે, કોઈની પાસે કરોડો રૂપિયા હોય પણ જૈન શાસન નથી મળ્યું તે ગરીબ છે. કેમ કે એનામાં ખોટા વિચારોનો ધોધમાર વરસાદ વરસે છે એને ભગવાન યાદ નહીં આવે, જ્યારે તને તો જૈનશાસન મળ્યું છે એ તો કરોડો રૂપિયા આપવાથી પણ ન મળે. એ ખોટા વિચારોથી અટકશો ભગવાન પણ યાદ આવશે. સામાયિક આદિ કરશે. આ ગરીબી તો વચલો કાળ છે એ આત્માનાં ચોપડા ચોખ્ખા કરશે. આવું સાંભળીને સાધર્મિક અમારી પાસે આવીને કહે છે કે સાહેબ, આવું સાંભળ્યા પછી ઘણી શાંતિ છે. આની બદલે જો વ્યાખ્યાનમાં એમ કહે કે, આજનાં શ્રીમંતો પોતાનાં સાધર્મિકોનું ધ્યાન રાખતા નથી.

બહું લુચ્ચા છે આમ કરવાથી આવું સાંભળીને તેઓને શ્રીમંતો ઉપર દ્વેષ થશે અને જે કોઈ સાંભળશે એને પણ દ્વેષ થશે. આ પાપકથા વિકથા એ બધું બહિરાત્મભાવ છે. અંતરાત્મભાવને આત્મા સાથે સગાઈ છે જ્યારે બહિરાત્મભાવને કાયા સાથે સગાઈ છે. પ્રમાદાચરણ છોડશો તો બહિરાત્મભાવ જશે.

## બહિરાત્મભાવ તજવાનો એટલે શું ?

૪ પ્રકારનાં અનર્થદંડ તજવાના. એમાં (૧) પ્રમાદાચરણ...(૨) પાપભાષણ અને પાપોપદેશ. (૩) દુર્ધ્યાન અને (૪) અધિકરણનું દાન. એમાં ૧લું પ્રમાદાચરણ – એમાં કાયાની ફિઝુલ પ્રવૃત્તિ, એનાં કૌતુક કરવાનું મન થાય અથવા ખોટી ક્રીડા કરવાનું મન થાય. આજે ક્રિકેટ રમે છે એ બહિરાત્મભાવનો ચાળો છે. એમ જોવા લાયક સ્થળો જોવા જઈએ, રાજાનો પેલેસ જોવા કે નકખી તળાવ જોવા જાય, કોઈની નવી મોટર આવે તો જોવા જાય, એજ પ્રમાણે મિથ્યા દૃષ્ટિનાં તીર્થો જોવા જાય, એમનાં મંદિરો – દેવાલયો વગેરે જોવા જાય, પંઢરપુર – વિઠોબાનું મંદિર વગેરે તેમજ જગન્નાથ યાત્રા જે અમદાવાદમાં પ્રખ્યાત છે એ જોવા જાય. આ બધું બાહ્યભાવ – બહિરાતમભાવ છે એજ પ્રમાણે મદારીનાં ખેલ, જાદુનાં ખેલ, નાટક સિનેમા આ બધું બહિરાતમભાવ છે, આત્માને કાંઈ હિતકારી નથી. જગત બહિરાતમભાવ છે, આત્માને કાંઈ હિતકારી નથી. જગતનું જેટલું જુઓ એટલું રૂવો. પોતાનાં આત્મઘરમાંથી બહાર નીકળ્યા એટલે-જગતનું કાંઈ જુઓ એમાં રાગ–દ્વેષ વધારવાનાં, આ બધું આત્માને અહિતકારી છે. કોઈનાં ઝઘડા વગેરે જોવા આ બધું અનર્થદંડ છે. પ્રમાદાચરણ છે. આ બધાનો ત્યાગ કરીશ તો બહિરાતમભાવ ઘટશે. એ શી રીતે આવે ?

(૧) **અંતસ્તૃપ્તિથી.** એટલે અંદરખાને તૃપ્ત થઈ ગયેલો હોય, આ વિશ્વમાં જોવાનું કશું બાકી રાખ્યું નથી. જીવ ભૂખારવો છે. અનંત પુદ્‌ગલ પરાવર્ત જાય તો પણ તેની આ લત છૂટે એમ નથી. બહારનું જોવામાં શું છે ? મારે જોવું હોય તો કલ્પનાથી ઘણું જોઈ શકું છું. આવો જો અંતસ્તૃપ્તભાવ આવી લાગે તો પરસ્ત્રી દર્શન અને જગતનાં આકર્ષક દેખાતા સ્થળો જોવાનું મટી જશે. બહારનાં કરતાં અંદરમાં સવાયુ જોઈ શકું એમ છું. આમાં જોવાનું શું છે ? આ બહિરાત્મભાવ છોડવા માટે અંતસ્તૃપ્તિ એ મોટું સાધન છે.

એમ (૨) **સત્સંગ** એ પણ મોટું સાધન છે. સાધુ પુરુષોનો સત્સંગ કરતો જાય તો બહિરાત્મભાવ તજાય અને અંદર આત્મામાં ઠરતો જાય. જગતનાં ભાવોમાં તણાઈ ગયેલું મન અને આત્મા સતત ઉકળાટ અનુભવે છે.

(૩) **મહાપુરુષોનાં ચરિત્રોનું સ્મરણ** – એક એક મહાપુરુષોનાં કેવાં કેવાં ચરિત્રો છે. થાવચ્ચાકુમાર મોટી ઋદ્ધિ સમૃદ્ધિનાં માલિક હતા. જેને ૩૨ દેવાંગના જેવી પત્ની હતી. જે દરેક ૧/૧ કરોડનું ધન લઈને આવેલી. એની સાથે દાસ દાસીઓનો પણ કેવો જમેલો હશે ! રંગ વિલાસનાં પણ કેવાં સાધનો હશે ? પાંચે ઇન્દ્રિયોનાં ઊંચા વિષયો હતા. છતાં ભગવાન નેમનાથની એક દેશના સાંભળીને ઊભા થઈ ગયા, આમ મહાપુરુષોનાં જીવનનો વિચાર કરે. સાથે વિચારે, એક દિ'પરપોટાની જેમ હું પણ ફૂટી જવાનો છું. બધું અહીં સલામત પડ્યું રહેશે. આમ બહિરાત્મને છોડી અંતરાત્માનો વિચાર કરે.

(૪) **જપ, સ્તોત્ર ને સ્વાધ્યાય** – જોવાનું મન થાય, બહારનાં વિચારો આવે તે વખતે નવકાર ગણ. નવકારમાં સ્થિરના લાવવી હોય તો નવકાર ગણો ત્યારે ૧/૨/૩ એમ નંબર આપતા જાઓ,મન ચોંટી જશે. અને કોઈ પણ કષાય થાય ત્યારે અથવા ક્રોધનાં વિચારો આવે ત્યારે ૧૦/૧૫ નવકાર ગણી લો, ક્રોધ દબાઈ જશે. અનંતા કર્મોએ મને દબાવ્યો છે તો આ માનવજાત મને દબાવે એમાં શું નવાઈ !

જપ–સ્તોત્રને સ્વાધ્યાય આ ત્રણ બહિરાત્મભાવને છોડવા માટે ને અંતરભાવ જગાવવા માટે મોટું સાધન છે. સૂત્રોનો પાઠ કરો, મોંએ ન આવડે તો ચોપડીમાં જોઈને પાઠ કરો. આવું કાંઈ કરીશ તો બહિરાતમભાવ દૂર થશે.

(૨) પાપભાષણ – આ બીજા નંબરનો મોટો અનર્થ દંડ છે. એમાં (૧) નિંદા – કોઈ મળવું જોઈએ, જીભની કાતર ચાલુ થઈ જાય અન સામેવાળાનું વેતરવા માંડે. બીજાની નિંદા કરે, એ ન કરો. આ બહિરાતમભાવ છે. આમાં કાયાને અને મનને મજા – આનંદ આવે છે. આમાં આત્માનો કોઈ વિચાર નથી. (૨) બીજાને પાપની સલાહ આપે. ઋષભદેવ ભગવાનના જીવે પૂર્વભવમાં ખેડૂતને સલાહ આપી. આવડે છે કે નહીં બળદનું મોં બાંધી દે. અનાજ નહીં ખાય. આ પાપની સલાહ આપી. બીજાને પાપની સલાહ ક્યાં સુધી આપે ? પેલાનું કાટલું નીકળે ત્યાં સુધી. પરવિવાહની સલાહ આપે. છોકરી મોટી થઈ કેમ બેસી રહ્યાં છો, જુઓ, ફલાણે ઠેકાણે મુરતિયો સારો છે. ત્યાં કહેવડાઓ. અંતરાત્મભાવમાં રહેવું હોય તો તેવા સ્થાને મૌન રહે. ખસી જાય. વખત આવે સાધુ પણ આમાં ભૂલો પડી જાય. કોઈ સંબંધી આવીને કહે. છોકરી મોટી થઈ છે એટલે પરણાવવી તો પડે ને ? અને એમાં હા કહી દે, આ બહિરાત્માભાવ છે.

નાગકેતુનો જીવ પુન્યશાળી હતો. શ્રાવક મિત્ર મળ્યો તો કષાયના ઉપશમની અને તપની સલાહ આપી. પણ જો ભાન–ભૂલો મિત્ર મળ્યો હોત તો ? પેલાને કષાયની સલાહ આપી હોત. આ બહિરાતમ ભાવ છે. અંતરાત્મભાવમાં રહેવું છે તો જ્યાં મોકો મળે ત્યાં સલાહ ઉપશમ ભાવની આપજે પણ અવળી દુનિયાદારીની સલાહ ન આપીશ. અને (૩) હિંસાદિની સલાહ આપે. પેલો ધંધો કરો સારો નફો થશે. પછી એ ધંધાની ટેક્નિક બતાવે. વિષય વાસના વધે એવી દવા લેવાની સલાહ આપે. આ ટોનિક લો. શરીર સારું રહેશે.

(૪) કલહ – ઝઘડો કેટલાંકને બીજાને ઝઘડાવવામાં રસ હોય એક બીજાને ઝઘડાવે. એક બીજાને સંક્લેશ થશે એ ન જુએ. આ બધું અનર્થ દંડ છે, મિથ્યાત્વને ખેંચી લાવનાર છે. ને એનાં દૂરગામી અનુબંધોને ઊભા કરે છે. આ અનર્થદંડ એવાં ખતરનાક છે કે જીવને પછી એની કોઈ અફસોસી જ નથી, પાછળથી એમ નહીં થાય કે આ મેં ખોટું કર્યું. કિંમતી સમય વેડફી નાંખ્યો, આ ખોટાપણામાં હેય બુદ્ધિ ન આવે એટલે કહેવત છે કે, 'ચાર મળે ચોટલા તો ભાંગે ઘરનાં ઓટલા.'

અનર્થદંડમાં એવાં અશુભ અનુબંધ બંધાય છે જે મોટા આરંભ – સમારંભમાં પણ ન બંધાય. કેમ કે ધર્મ પામ્યો હોય તેને ખેદ થાય કે આ હું જે આરંભ–સમારંભ કરી રહ્યો છું તે ખોટા છે. હું ખોટું કરી રહ્યો છે. જ્યારે અનર્થદંડમાં આ ખેદ થતો નથી એથી અનુબંધો એવા દૂરગામી પડે છે જે જન્મોજન્મ ચાલે.

**પ્રમાદાચરણ લગભગ કાયાથી થાય છે. પાપસલાહ લગભગ વાણી વડે થાય છે અને દુર્ધ્યાન લગભગ મનથી થાય છે.**

પાપસલાહ એટલે પાપનું બોલવાનું એમાં નિંદાથી માંડીને બીજાને કંઈક જાતની સલાહ આપવી, એમ કામોત્તેજક વાતો કરવી. પાપસલાહને શાસ્ત્રીય શબ્દમાં પાપોપદેશ કહે છે. એનાથી બહિરાત્મભાવ પોષાય છે. એટલે આવું બોલવામાં બહુ રિઝર્વ્ડ બનવું પડે તો આ અટકે. બહિરાત્મભાવ છોડવો સહેલો નથી. મોં ઉપર તાળુ મારો તો અટકે मुखमस्ति इति वक्तव्यं મુખ છે એટલે બોલવું જોઈએ આ છોડી દે.

(૩) દુર્ધ્યાન – દુર્ધ્યાન બહિરાત્મભાવને પોષનારું છે. રસ્તામાં ચાલતા રૂમાલ પડી ગયો – પાંચ રૂ.ની નોટ પડી ગઈ, જે મળે એને કહેતો ફરે. આ દુર્ધ્યાન છે. રાત્રે સૂતો હતો કાંઈ નહોતું અને સવારે શરદી તાવ વગેરે થયું, હવે આનો જ વિચાર કર્યા કરે આ

દુર્ધ્યાન છે. જીવનમાં આવી નાની મોટી પ્રતિકૂળતાઓ એ અનિષ્ટ સંયોગ છે જેનાં પરથી જીવ આર્તધ્યાન કરે છે. એજ પ્રમાણે ઇષ્ટનાં સંયોગો પર પણ આર્તધ્યાન કરે છે. રસોઈ બરાબર ન આવી. અમુક ચીજ ન મળી આ બધું આર્તધ્યાન કરાવનાર છે. જીવનમાં ઘણાં પ્રકારનાં ઇષ્ટ અને અનિષ્ટનાં હિસાબ રાખીએ છીએ એટલે જ આર્તધ્યાન ડગલે ને પગલે થાય છે. બહુ પ્રકારનાં ઇષ્ટ એટલે કપડું ધોયેલું છે, ઈસ્ત્રી પણ કરી છે પણ ક્રીઝ બરાબર પડી નથી. આવી નાની નાની ઈષ્ટ વસ્તુ કરી રાખી હોય એનાં નસીબમાં દુર્ધ્યાન છે. કારણ **પંચમ કાળમાં એવી જોરદાર પુન્યાઈ નથી એટલે કાંઈને કાંઈ અધૂરું રહેવાનું એટલે અધુરાને ઈષ્ટ માની લે તો લલાટમાં આર્તધ્યાન લખાયેલું છે.** દુર્ધ્યાન રોકવું છે ? દા.ત. રૂમાલ પડી ગયો, શું કામ બીજાને હવે કહે છે ? અંદર સળગેલું છે. બહુ ઈષ્ટ કરી રાખેલું આ ઈષ્ટનો વિયોગ થયો છે માટે આ કરવું જોઈએ કે આમાં ઈષ્ટ શું કરવું ? રોટલી રોજ ખાય એમાં ઈષ્ટ શું ? એનું એ વસ્ત્ર પહેરવાનું એમાં ઈષ્ટ અનિષ્ટ શું કરવાનું ? **જીવનમાંથી ઈષ્ટ ને અનિષ્ટ ઘટાડ્યા વિના આર્તધ્યાન નહીં જાય. બધું જ ઈષ્ટ અનિષ્ટ કાયાની દૃષ્ટિથી છે. આત્માને કાંઈ નથી.** આ બધા બહિરાત્મભાવનાં ચાળા છે. જગતનાં પદાર્થને ઈષ્ટ અનિષ્ટ કરવામાં કાયાની દૃષ્ટિ પોષાય છે. જો બહિરાત્મભાવ તજવો હોય તો આ ઈષ્ટ અનિષ્ટનો જે વેગ છે તે ઓછો કરવો જોઈએ. એટલે પાતંજલ દર્શનમાં વૈરાગ્ય કેમ થાય ? એ માટે ચાર સંજ્ઞા – **દૃષ્ટિ આપી છે.**

(૧) **ઇતરેતર સંજ્ઞા** – પહેલાં તપાસ કરવી કે આટલું મને ઈષ્ટ છે. આટલું ઇષ્ટની બહાર છે દા.ત. લાખ રૂપિયાની ઇચ્છા છે તો લાખ ઈષ્ટ પછી ૫–૧૫ લાખની ઇચ્છા નહીં.

(૨) **વ્યતિરેકી સંક્ષા** – જેટલું ઈષ્ટ થઈ શકે એમ છે એમાંથી કેટલું બાદ કરી શકે એમ છે ! એટલે લાખ રૂા. ઈષ્ટ છે એમાં ૭૦ –

૮૦ હજાર હોય તો ચાલેને ? (૩) **એતકર સંજ્ઞા** અને (૪) **અન્યતર સંજ્ઞા**. આ ચાર સંજ્ઞાથી માનસિક અંકુશ દુન્યવી પદાર્થ સંબંધી મેળવી લીધો. પછી કોઈ લલચાવે તો પણ પછી નહીં લલચાવાનું. કોઈનાં તરફથી ભારે શબ્દ આવે તો આપણનુ કાંઈ અનિષ્ટ નહીં. પછી એથી ભારે શબ્દ આવે તો ઉકળાટ ન થાય. પણ અનિષ્ટ સંબંધમાં મનને કાંઈ નહીં કરવાનું. અને ઈષ્ટ અનિષ્ટનાં પાત્રમાં મર્યાદા કરવી પડે ત્યારે ઇષ્ટ અનિષ્ટ ઓછા થાય.

**તારે બહિરાત્મભાવ તજવો છે** તો આ કરવાનું. (A) જીવન જીવવામાં બહુ પ્રકારનાં ઈષ્ટ અનિષ્ટ નહીં રાખવાનાં, મર્યાદિત થવાનું. એમ (B) અનિષ્ટ અને ઇષ્ટની બહુ કવિતા ગાવી નહીં. વસ્તુ ખોવાય તો ૧૦ જણને કહેતો ફરે. રસોઈ સારી થાય તો કહે બહુ સારી થઈ, આ બધું કવિતા ગાઈ કહેવાય. આ બંધ કરવાનું. આ બધા પુદ્‌ગલનાં ખેલ છે ઈષ્ટની બહુ પ્રશંસા નહીં અનિષ્ટની બહુ નિંદા નહીં. બહુ અનિષ્ટ કરીને માને એટલે પછી ગમે તેમ બોલવાનું મન થાય. કપડા ધોતા કપડાને કાણું પડે એટલે ધોનારને ગાળ દેવાનું મન થાય. એક અનિષ્ટ માની લીધા પછી જીવ કેવો વ્યાકુળ થઈ જાય છે કે મહા કિંમતી મળેલી જીભનો કચરાપટ્ટીમાં ઉપયોગ કરે છે, જીભથી ડહોળે છે. એટલે બીજી સાવધાની આ છે કે બહિરાત્મભાવ છોડવો છે તો પુદ્‌ગલની કવિતા ગાવાની છોડ. (C) એજ પ્રમાણે ઇષ્ટ અનિષ્ટની પાછળ રતિ – અરતિ – હર્ષ – શોકની મેંશનાં કુચડા આત્મા ઉપર લગાડ્યે જાય છે એનાં બહુ વિચાર નહીં લાવવા. નહીંતર આર્તધ્યાન થયા વગર રહેશે નહીં. સ્વસ્થ જીવન જીવવું હોય તો આને અટકાવ્યા વિના નહીં ચાલે. એ બધું બહિરાત્મભાવને લાવનારું છે. બહિરાત્મભાવને તજ તો અંતરાત્મભાવ ઉપર પ્રેમ થશે. બહિરાત્મભાવ ઉપર કંટાળો આવે તો અંતરાત્મભાવ ઉપર પ્રેમ થાય. એમ ક્યારે થાય ? આ શું વારે વારે પુદ્‌ગલની પલેવણ કરવાની ? જડપદાર્થની

કવિતા ગાવાની ને વારંવારે હર્ષ – શોક – રતિ – અરતિ કરવાના ? આવી ચોંટ લાગવી જોઈએ.

## સંત તુલસી

આવી ચોંટ સંત તુલસીને લાગી ગઈ. પત્ની પિયર ગઈ, રાત્રે ભાઈને ચેન ન પડ્યું એટલે રાત્રે જંગલ વટાવીને સાસરે ગયા. રાતના બે વાગે બારણું ખખડાવ્યું. પત્નીએ પૂછ્યું – કોણ ? તુલસી કહે – એ તો હું. પત્ની કહે – આવી અડધી રાતે જંગલમાં થઈને અહીં આવ્યા ? તુલસી કહે – પણ તમારા વિના મને ગમતું નથી. પત્ની કહે...

અસ્થિ ચર્મમય દેહ મેં, તામે ઐસી પ્રીત;
ઐસી પ્રીત રઘુનાથ કી, તો ન હોત ભવ ભીત...
લાજ ન આવી આપકો, દૌડે આયે નાથ;
ધિક્ ધિક્ ઐસે વિષય કો, ક્યા કહું મૈં નાથ...

આવા મનુષ્યનાં અવતારમાં ભગવાન વિના ૨૪ કલાક ગમે છે ને મારા વિના એક કલાક ન ગમે ? મારામાં શું પડ્યું છે ? હાડ – માંસને લોહીનો આ દેહ છે, ભગવાન તો તારણહાર છે, કોઈ દિવસ ભગવાનની ફરિયાદ ન કરી કે, મને તારા વિના ગમતું નથી. ભેંસનાં અવતારમાં ગયા હોત તો પાડાને જોયા કરત. આ જ્યાં સાંભળ્યું ત્યાં તુલસી કહે – એમ છે ! ત્યારે આ ચાલ્યો... લે ત્યારે વોસિરે વોસિરે.. હવે હું જઉં છું. પત્ની ધર્મપત્ની હતી. કહે ઊભા રહો – અંદર આવોને કંકુનું તીલક કર્યું. મારા સંપર્કમાં આવેલો પતિ જિંદગીભર મને જોઈને નરકમાં જાય એ મને કલંક છે. આજે એમની શાન ઠેકાણે આવી ગઈ છે. જિંદગીભર હવે મારી સામું નહીં જુએ તો ચાલશે પણ ભગવાનની સામું તો જોશે ને ! તો મારું ધર્મપત્ની પદ સાચું. આ

હિસાબ છે. બહિરાતમ તજ. આ દુર્ધ્યાન અને દુર્ધ્યાનનાં કારણો અટકવાથી અંતરાત્મભાવ જાગશે.

(૪) **અધિકરણ પ્રદાન** – ચોથા નંબરનું અનર્થદંડ છે અધિકરણનું પ્રદાન. બીજાને પાપનાં સાધન પૂરા પાડવા આ બહિરાત્મભાવ છે. અસલની ડોસીઓ મરતાં પહેલાં ઘરમાં ઘંટી હોય તો એનાં બંને પૈડાને દેરાસરનાં પગથિયામાં ચોંડી દેતા. એ પણ બંને પૈડા અલગ અલગ દેરાસરે મૂકી દે. કેમ ? જો ઘંટી મૂકીને મરું તો એ ઘંટી રહે ત્યાં સુધી પાપ માથે પડ્યા કરે. જે આવે તે ઘંટીમાં દળ્યા જ કરે. કોઈ લેવા આવે તો પણ ઘંટી વગેરે ન આપે. એજ પ્રમાણે પહેલાંનાં વખતમાં કપડા ધોવા નદીએ – તળાવે જાય તો ઘેરથી સાબુ – ક્ષાર વગેરે લગાવીને જાય. કેમ ? ત્યાં કોઈ સાબુ માગે તો ? મારો સાબુ આપું તો એનાં ક્ષારથી અસંખ્ય જીવો મરે તેનું પાપ મને લાગે. એટલી પાપની બીક, જીવહિંસાનો ડર હતો. આજે તો ઇલેક્ટ્રીક ઘંટી ઘરમાં આવી હોય તો કહેતો ફરે આપણે ત્યાં નવી ઘંટી આવી છે. પણ આ પાપનું અધિકરણ છે. પાપનાં સાધનને અધિકરણ કહે છે. ધર્મનાં સાધનને ઉપકરણ કહે છે. **આત્માને ઉપકાર કરે તે ઉપકરણ અને દુર્ગતિનાં અધિકારી કરે તે અધિકરણ.** માટે આવા સાધનો દુર્ગતિમાં લઈ જાય છે તેવાં સાધનોને શ્રાવક ઓછા કરે.

શ્રાવકને ૧૦ પ્રકારનાં ચિંતન કરવાનાં કહ્યાં છે. રાત્રિનાં શ્રાવક તીર્થોને અને મહાપુરુષોને યાદ કરીને સૂઇ જાય. અડધી રાતે જાગી પડે તો શું કરે ? એ માટે ૧૦ મુદ્દા આપ્યા છે એનું ચિંતન કરે. એમાં એક આ વિચારે કે, ઘરમાં આ બધા અધિકરણોનો પથારો પાથર્યો છે એને હું ક્યારે ઓછા કરીશ ? જેટલાં ઘરવખરીનાં સાધનો વધારે એ બધા અધિકરણ છે. બધા પાપનાં સાધન છે. હું નહીં વાપરું ને એમને એમ પડી રહેશે તો પણ ઘરના માણસો તેને આઘા પાછા કરશે, તો કોઈક જીવ મરશે. અધિકરણ બે જાતનાં છે, (૧) જીવહિંસાને

પોષનારા અને (૨) વિષય – વિકારોને પોષનારા. જેમ કે આજના જમાનામાં T.V. વીડિયો વગેરે. આ બધા આરંભ –સમારંભનાં સાધનોનું દાન અને વિષય વિલાસનાં સાધનોનું દાન કરવું એ અનર્થદંડ છે અને એ નીતરતાં બહિરાત્મભાવને પોષનાર છે. એમ વિલાસી મેગેઝિન નવલિકાઓ વગેર બીજાને વાંચવા આપે તો એ અધિકરણનું દાન કર્યું કહેવાય કેમકે એ વાંચીને શું મેળવશે ? રાગની અને વાસનાની ઉત્તેજના વધારશે, માટે બહિરાત્મભાવ તજવો હોય તો આ બધું બંધ કરી નાખ. મનુષ્ય જીવન એ નાજુક જીવન છે, સ્હેજ સ્હેજમાં એનાં ઉપર પાપનાં ડાઘ લાગી જાય છે, નાજુક ચીજને સાચવવા સાવચેતી જોઈએ. દીર્ઘદષ્ટિથી વિચાર કરીને અધિકરણનું દાન કરવું ન પડે એવી સાવચેતી જોઈએ. હવે આમાં લહેકાર, છુટ હોય તો અંતરાત્મભાવ ક્યાં થાય ?

જનરલ દૃષ્ટિએ વિચાર – સામાન્ય દૃષ્ટિથી વિચારીએ કે બહિરાત્મભાવ છોડવો એટલે અત્યાર સુધી કાયાને લગતી જે ચીજ છે. ધન – વસ્ત્ર, પરિવાર, ઘર, અલંકાર, મિત્ર – સ્નેહી અને સથવારો આ બધા કાયાને લગતા છે એ બધા ઉપર 'મમ'નું લેબલ લગાડેલું છે. આ 'મમ'નાં લેબલ ઉખેડી નાંખવાનાં. એની સામે આત્માને લગતી જે વસ્તુઓ છે, ધર્મ – મારો, વ્રતો – નિયમો, સુકૃતો આ બધું મારું. જેમ વાણિયો પૈસા ભેગા કરવામાં પાછું વાળીને ન જુએ એમ અંતરાત્મભાવવાળો ધર્મ કરવામાં પાછું વાળીને ન જુએ. ઘરને બદલે મંદિર – ઉપાશ્રય ઉપર મારુંનું લેબલ લગાવે. ઘર નીચે ઉતારનાર છે, મંદિર ઉપાશ્રય ઉપર ચડાવનાર છે. પરિવાર એ મારા નહીં પણ દેવ – ગુરુ – સંઘ – સાધર્મિ મારા. જેને જોઈ જોઈને પુણ્ય મળે. પુણ્યની જ નીક વહ્યા કરે. પરિવારમાં પત્ની – પુત્રને જોઈ – જોઈને પાપ બંધાયા કરે. એમ મિત્ર – સ્નેહી – દુન્યવી દૃષ્ટિએ મારા કરીને રાખ્યા હતા હવે કલ્યાણ મિત્રને મારા તરીકે રાખવાનાં. કલ્યાણ

મિત્ર કોણ ? સમાજમાં જે જ્ઞાનવૃદ્ધ અને ચારિત્ર સંપન્ન હોય તે કલ્યાણ મિત્ર. ધર્મ શાસ્ત્રોનો બોધ હોય તે જ્ઞાનવૃદ્ધ.

બહિરાત્મ દષ્ટિવાળા સથવારો કેવો શોધે ? ક્યાંય બહાર જવું હોય કે ફરવા જવું હોય તો કોઈ સાથે વાત વિસામો કરવો હોય તો બહિરાત્માનો સથવારો શોધે. અંતરાત્મભાવ લાવવો હોય તો આવાના સથવારા છોડીને સાધર્મિકનાં સથવારા શોધે, કલ્યાણમિત્રને શોધે. વિષમકાળ છે અનેક પ્રકારનાં પાપો છે એનાંથી કેમ બચાય ! એવી વાતો કરનારાનાં સથવારા શોધે છે. એટલે બહિરાત્મભાવ તજવો એટલે એવા સથવારા મૂકી દેવાના.

બહિરાત્મભાવ ઉપર વિચાર એમ કહ્યું ! બહિરાત્મ તજ. અંતરાત્મ થઈ બહિરાત્મ તજ એટલે બહિરાત્મરૂપે મટી જા અને અંતરાત્મ રૂપ થા અને થિરભાવ કેળવ. એ રીતે એનો અન્વય થયો.

બહિરાત્મ રૂપે મટી જવું અને અંતરાત્મ રૂપે થવું એનો અર્થ શું બહિરાત્મ રૂપ કોણ છે ! જેણે મારાપણું ઊઠાવીને આત્મા અને આત્મહિતકર વસ્તુ ઉપર સ્થાપે. તો અંતર આતમ રૂપ થયો.

**ઘર મારું નહીં. ઘર તો ભવ રૂપ પ્રવાસમાં એક સરાઈ ધર્મશાળા છે. મોક્ષનાં પ્રવાસમાં મારું ઘર એટલે જિનમંદિર, ઉપાશ્રય એ છે.**

બીજી વાત બહિરાત્મ રૂપ કોણ છે ? જે દુનિયાની જ વાતો કરે એનાં ગુણ – નિંદા ગાય તે. આ મિટાવવું છે ને અંતર આતમરૂપ થવું છે. તો પ્રશંસા કોની કરે ? જ્ઞાન – દર્શન – ચારિત્ર – વીર્યની પ્રશંસા કરે. મારાપણું એમાં માને. વારંવાર એની જ વાત કરે તો કહેવાય કે બહિરાત્મરૂપ છોડ્યું ને અંતરઆતમરૂપ પ્રગટ કરવા મંડ્યા એમ કહેવાય. એજ પ્રમાણે દેવ – ગુરુ – ભક્તિ, બીજી ધર્મસાધનાની વાતો તે પ્રશંસા કરે તો અંતર આત્મ રૂપ આવ્યું કહેવાય. કોઈ મહોત્સવની વાત નીકળે તો કહે, ભગવાનની આંગી બહું સારી,

ભગવાનનાં ગીતો સારા ગવાતા, આમ વાત કરે અને પછી કહે કોલાહલ ઘણો, એણે કંજુસાઈ બહુ કરી, રોશની જ ન કરીને ફુલોનો ઢગલો કરી દીધો, આમ બહિરાત્મભાવનું પીંજણ ચાલે અને ૪૦૦ વાક્ય સુધી પતે નહીં. આમ બહિરાત્મભાવ છોડવો ક્યાં સહેલો છે ?

**૪૦૦ ધર્મનાં વાક્યોમાં એક દુનિયાદારીનું વાક્ય ન આવવા દે તો અંતર આત્મભાવ કેળવ્યો કહેવાય.** બહિરાત્મભાવ તજવો છે તો તું વારંવાર સ્મરણ શાનું કરે છે ? તારા આત્માને બહિરાત્મરૂપ મટાવી દેવો હોય તો કાયાને લગતી ઇન્દ્રિયને લગતી વાતને વારંવાર મમરાવવી રહેવા દે. વારેવારે એનું જ સ્મરણ થતું હોય તો બહિરાત્મભાવ શાનો છુટે ? અસલમાં પોતે બાહ્ય પદાર્થને ન મમરાવે પણ કોઈએ આવીને માંડી તો ત્યાં તરત મનમાં લાવે કે મજેની અધ્યાત્મની વાતો ચાલે છે ને આ બધું ફોરેન મેટર ક્યાં ઘાલ્યું ? આ બધો પરદેશી માલ છે.

## સાંતુ મહેતા

એ પાટણની બહાર હવેલી બાંધી. આચાર્ય મહારાજ ઠલ્લે જઈને પાછા ફરતા હતા, મહેતાએ વિનંતી કરી. સાહેબ અહીં પધારો. આચાર્ય ભગવંત વિનંતીથી બે મિનિટ હવેલીમાં ગયા. બેઠા અને હવે વાત કરે છે સાહેબ, આ હવેલી હમણા બે લાખ ખર્ચીને બનાવી છે. આચાર્ય મહારાજ ગંભીર છે કેમકે આચાર્ય મહારાજે જોયું કે આણે મોહ – મમતાનો દારૂ પીધો છે એનો આ ઉંહકારો છે. અંતરાત્મ ભાવવાળો બાહ્યની બહુ કવિતા ન ગાય, નહીંતર એને ઝેર ચડે. **તમે ગમે તેટલાં અધ્યાત્મિ હો પણ દુન્યવી વાતોમાં જો લપસ્યા તો પછી અધ્યાત્મભાવ નષ્ટ થાય છે.** મહારાજને હવેલી બતાવતો જાય ને પછી કહે સાહેબ, આ કેમ લાગે છે ? આચાર્ય મ. બહુ ગંભીર થયા. કાંઈ બોલતા નથી. મહેતાનાં મનમાં થાય છે. આચાર્ય મહારાજ મોટા છે. ગામે ગામ

ફરતા હોય આનાથી સારી હવેલી જોઈ હોય એટલે ન પણ બોલે. હજી આ ગડમથલમાં હશે ? ત્યાં સાથેનાં શિષ્યે કહ્યું કેમ મહેતા ! પાપની હવેલી પર આચાર્ય મહારાજની સહી લેવી છે ? કેટલાં આરંભ-સમારંભ પછી આ હવેલી ઊભી થઈ, હવે સાહેબનું મત્તુ મરાવવું છે ? એટલે તમારા બધા પાપમાં સાહેબ અનુમોદના કરી આપે ? સાહેબ સહી ક્યારે કરે ? કોઈ સારું મંદિર-ઉપાશ્રય ધર્મસ્થાન બનાવ્યું હોય તો ! કઈ અક્કલથી સાહેબને પૂછી રહ્યા છો ? મહેતા પણ સારા તત્ત્વનાં જાણકાર હતા. અને તરત કહી દીધું, આ સાહેબ પૌષધશાળા - સંઘને અર્પણ કરી. બોલો હવે કેવી ? એક નંબરની. બહિર્ભાવ છોડવો છે તો કાયાને લગતી બાહ્ય ચીજોની પ્રશંસા વારંવાર સ્મરણ નહીં. ને એનાં પર મમત્વ નહીં. હવેલી મારી નહીં, પૌષધશાળા મારી. સંઘને અર્પણ કર્યા પછી મારી કેમ ગણાય ? આ મને સુકૃતનો લાભ અપાવનારી છે માટે, આ હિસાબ છે બહિરાત્મ તજ એટલે એનાં હિસાબ ફેરવી નાંખે, પ્રયોજન ફેરવી નાંખે તો બહિરાત્મભાવમાંથી છુટી અંતરાત્મભાવમાં આવે.

મોટર કેમ રાખી છે ? ઑફિસોમાં ભટકવા નહીં, આખી મુંબઈનાં દેરાસરોનાં દર્શન કરવા માટે. મોટર એની એજ પણ ભાવ બદલી નાખ્યો. જઈ જઈને બધું જમા કરવાનું આત્માનાં હિતમાં એનું નામ અંતરાત્મ ભાવ. ને બધુ બોલવું ચાલવું કરવું એ બધું ઉધારવાનું કાયાના હિતમાં. આત્મ પ્રશંસા વગેરે એ નકરો બાહ્યભાવ. એટલે આ વાત આવી કે બહિરાત્મ રૂપ મટી જા. અંતરાત્મ રૂપ થા. એટલે શું કરવાનું ? તો કહે છે કે કષાયોમાંથી ક્ષમાદિ ભાવોમાં આવવાનું. ક્ષમાદિ ભાવોમાં આવ્યો એટલે અંતરાત્મરૂપમાં આવ્યો કહેવાય. આવો અવસર મળે છે ? નુકસાન વખતે ક્ષમા રાખવાનો એમાં બહારથી નાનું નુકસાન પણ અવસર સોનાનો, જ્યારે ક્રોધ કરવો એ માટું નુકસાન છે કારણ કે, ક્રોધની ગાડી નોનસ્ટોપ ચાલી છે એટલે અહિયા ક્રોધની ગાડીને

વચ્ચે વચ્ચે બ્રેક લગાવવાની છે. ગાડીને વારંવાર બ્રેક લગાવવાથી ક્રોધ ઉપર કંટ્રોલ આવશે પછી ક્રોધ નહીં થાય, એટલે જ્ઞાનીઓ કહે છે કે ક્રોધમાંથી હવે ક્ષમામાં આવ, અભિમાનમાંથી નિરહંકારીપણામાં આવ. હું કાંઈ નથી એમ માયા પ્રપંચ મૂકી સરલતા – નિખાલસતામાં આવે તો અંતરાત્મભાવમાં આવ્યો કહેવાય. એમ અનેક પ્રકારનાં લોભ – આસક્તિ એને મૂક્તો જા અને નિર્લોભતા – અનાસક્તિ વૈરાગ્યમાં આવતો જા. તો અંતરાત્મ રૂપમાં આવ્યો કહેવાય. એમ અમૈત્રીમાંથી મૈત્રી આદિ ભાવમાં આવ. અમૈત્રી, કઠોરતા, ઇર્ષ્યા, દોષદર્શન આ બધુ બહિરાત્મભાવમાં ભરેલું છે.

મૈત્રી ભાવ = સર્વજીવ પ્રત્યે સ્નેહ. કરુણાભાવ = બીજાનાં દુ:ખ કેમ મિટાવવા – વિશેષ કરીને બીજાની ભૂલો, બીજાનાં પાપો, બીજાનાં અધર્મો, બીજાનાં કષાયોને કેમ શાંત કરું ? એ ઊંચો કરુણાભાવ. આ પ્રયત્નોમાં રહેતો અંતરાત્મરૂપ થાય.

બહિરાત્મભાવમાં રમનારો જાતે તો મરે છે પણ બીજાને પણ મારે છે એથી ઊલટું – અંતરાત્મભાવમાં રમનારો જાતે તો તરે છે અને બીજાને પણ તારે છે. કોઈ ગાળ દે તો સામી ન દે. હંસને કાગડામાં આટલો ફરક છે. કાગડાને ખરાબ વસ્તુ બીજાનાં ઉપર ઉડાડવામાં મજા આવે છે અને ખરાબ વસ્તુમાં જ એ ચાંચ નાંખે છે. જ્યારે હંસ બીજા ઉપર ખરાબ વસ્તુ ઉડાડે નહીં અને ખરાબ વસ્તુમાં ચાંચ નાંખે પણ નહીં. દુર્જન સામે દુર્જન ન થવાય આ અંતરાત્મભાવવાળાનો હિસાબ છે વિષયોની જે રમણતા અને તુચ્છ વિચારોની રમણતામાંથી બહાર નીકળી તાત્ત્વિક વિચારણા – તાત્ત્વિક વાત અને તાત્ત્વિક વસ્તુને મગજમાં રમાડવી જોઈએ. દા.ત. વિષયોનાં વિચાર ચાલે છે, આ મકાન – ફ્લૅટ કેવાં સારા, આપણે કેવી રીતે બાંધવા આ બધી વિચારસરણી અતાત્ત્વિક છે એને દૂર કરીને વિચારસરણીને તીર્થોમાં, ભગવાનનાં મંદિરમાં લઈ જાય આ તાત્ત્વિક વિચારસરણી છે. નકામા

ફોફા ખાંડવાથી શું મળે ? એમ ખોટી વાતો કરવાથી શું મળે ? એનાં કરતાં સિદ્ધગિરિ સમેત શિખરજી વગેરેની યાત્રાનાં વિચારો ન કરે ? અને ક્રમશઃ આગળ વધતાં કચરાપટ્ટી વિચારો દૂર થાય. અંતરાત્મરૂપ થવું છે તો તુચ્છ – ફિઝુલવિચારો – વિષયોનાં વિચારો ન કરતાં તીર્થનાં વિચારો ભગવાનનાં બિંબનાં વિચારો કરે. એક પછી એક આદેશ્વર ભગવાનનાં દર્શન ક્યાં ક્યાં કર્યાં, પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન ક્યાં ક્યાં કર્યાં આનો વિચાર કરે, પછી કચરાપટ્ટી વિચારો ક્યાં ઊભા રહે ?

## શાલિભદ્ર - ગજસુકુમાલ આદિના દૃષ્ટાંતો

બીજી લાઈન છે મહાપુરુષોનાં જીવનનો વિચાર કરે, એમનાં પરાક્રમોના વિચાર કરે. થાવચ્ચાપુત્રનો વૈરાગ્ય કેવો ? એમણે શું કામ કર્યું ?

શાલિભદ્રનો વૈરાગ્ય – ત્યાગ કેવો ? એમનો ત્યાગ એટલે ? કમાવાની ચિંતા નથી, બાપનો મોટો વારસો મળેલો છે ઉપરાંત દેવતા રોજ ૯૯ પેટી મોકલે છે. આ બધું હોવા છતાં 'નહીં મંગતા હૈ' કરીને ઊભા થઈ ગયા. મા કહે, કનૈયા – આ દુનિયામાં એક છોકરો તો બતાવ કે જેને દેવ ઋદ્ધિ વગર માંગે આપતો હોય ? છતાં શાલિભદ્ર 'નહીં મંગતા હૈ' કરીને નીકળી ગયા. વિચારો ! હૈયું કેવું હશે ? વૈરાગ્ય અને ત્યાગ કેવો હશે ? આ ત્યાગ કરી ભગવાનનાં શરણે જવામાં ભગવાન પરની શ્રદ્ધા કેવી હશે ? અલી નવાણું પેટીઓ અને બધી અપ્સરાઓ તમે કોણ ? એનાં કરતાં મારા મહાવીર વધારે. અનંતા કાળમાં આ બધું અનંતીવાર મળ્યું. તમે પહેલીવાર મળ્યા, એટલે શું ભગવાનને છોડીને આ બધાને હવે વળગ્યો રહું ? અનંતા ભવોમાં અનંતીવાર આ બધી વસ્તુઓને વળગ્યો છતાં એજ વસ્તુઓએ

મને લાત મારી. અનંતા કાળમાં વહાલા વીર તમે પહેલીવાર મળ્યા, આપની આગળ આ પેટીઓ શું વિસાતમાં છે, ! અને ભગવાનનું શરણું લીધું. શરણું લીધા પછી કાયાનું તેલ કાઢી નાંખ્યું; અને હું કાયાની મરામત કરી કરીને આત્માનું તેલ કાઢી રહ્યો છું. એ શાલિભદ્રનો ત્યાગ કેવો ?

**આત્માની મરામત કરવી હોય તો કાયાનું તેલ કાઢવું જોઈએ.**

એમ ગજસુકુમારની સહિષ્ણુતા ને ક્ષમા. નવજુવાન પઠ્ઠા જેવા હતા, સોમિલ સસરો તો ડોસા જેવો હતો. એક લાત તેની ફાંદ ઉપર મારી હોત તો ડોસાને ૩ ગુલાંટ ખવડાવી દેત. માથે સગડી મૂકવી છે ? છતે બળે અને છતી ઇજ્જતે બધું સહન કરવા એનો ઉપસર્ગ વધાવી લીધો. ઘી કેળા તો વધાવાય, માન સન્માન તો વધાવાય પણ માથે સગડી શી રીતે વધાવાય ? જ્યારે તમે તો વધાવી લીધા.

જૈન શાસનનાં સિતારાઓ કેવા ? શું કામ કરી ગયા ! **ખંધકને ઝાંઝરિયા મુનિ.** ખંધક મુનિની ચામડી ઉતારવા મારાઓ આવ્યા તો માને છે કે આ તો સખાઈ મળ્યો અને ઝાંઝરિયા મુનિનું ડોકુ કાપી નાખવા રાજા આવ્યો તો વિચાર્યું, મહાન ઉપકારી મળ્યો આ એકલું ડોકુ નહીં પણ જન્મ જન્મનાં પાપ કર્મોનાં ડોકા કાપી રહ્યો છે. મોક્ષે જવાની જાણે ઉતાવળ થઈ રહી છે. આ જૈન સિતારાઓનાં પરાક્રમ એક પછી એક જોવા મળે તો પછી વિષયનાં વિચારો ક્યાં ઊભા રહે ?

સામે આવે **સ્થૂલભદ્ર** – રાજા કહે લો આ મંત્રીમુદ્રા. એક નાની સોસાયટીમાં સેક્રેટરી પદ માટે શું શું કરે ? અને આ પાટલીપુત્રની મંત્રીમુદ્રા લેવાની વાત ઉપર પણ વિચાર કરવા લાગ્યા. મંત્રી મુદ્રિકા રાજા સાંમે ચડીને આપે છે ત્યારે સ્થુલભદ્ર વિચારવાની વાત કરે છે મંત્રી મુદ્રિકાની લલચામણ નથી કે મોમાંથી લાળ નથી છુટતી. પોતાનાં બાપને મારવાની ભૂલની ક્ષમા માંગીને રાજા પ્રેમથી મુદ્રિકા અર્પણ કરેછે છતાં સ્થૂલભદ્ર વિચાર કરે છે. ૧૨/૧૨ વર્ષ કોશાને ત્યાં રહ્યા

ને વિચાર નથી કર્યો. અને અહીંયા વિચાર કરે છે. એક જ મિનિટમાં વિચાર કરીને માથે લોચ કરી રાજાને ધર્મલાભ આપી ચાલી નીકળ્યા. પેલી પ્રાણપ્યારી કોશાને છોડીને ચાલ્યા. એની તુલના કરે તો મેળ ન જામે. કોશાને ત્યાં રાહ જોવાય છે, હમણાં આવશે, હમણાં આવશે, મોડું થયું તો મેડી ઉપર ચડીને જુએ છે. જે કોશા સ્થૂલભદ્ર સૂઈ જાય તો ખડે પગે ઊભી રહેતી, કઢેલા દૂધનો પ્યાલો હાથમાં તૈયાર રાખતી ને જગાડતી. સ્વાગત – સન્માન સાથે બધું જ મળતું હતું એ જ સ્થૂલભદ્ર હવે દીક્ષા લઈને સાધુવેશમાં ચાલ્યા. કોશાને કહેવા પણ ન ગયા કે તારા મારા સંબંધ પૂરા થયા. પેલી બિચારી રાહ જોતી હતી. વલખા મારતી હતી. મેડી પર ચડીને જોયું તો સાધુવેશમાં આવતા જોયા – નીચે ઉતરી આવે એટલે વધાવી લઉં એમ કોશાનાં મનમાં થયું. પણ આ તો સાધુ થયેલા – હવેલી કે કોશાની સામું પણ કોણ જુએ. શાસ્ત્રે લખ્યું છે કે, મરેલી કુતરી ગંધાતી હોય ને ત્યાંથી પસાર થવાનું હોય તો કઈ રીતે ચાલે ? ઝટપટ ત્યાંથી ચાલે. એજ રીતે સ્થુલભદ્રજી કોશાને જોયા વગર ઉતાવળે પગલે ત્યાંથી ચાલ્યા. આવા પરાક્રમી આપણા મહાપુરુષો હતા.

બહિરાતમ તજ ને અંતરાત્મ થા. એટલે બહિરાત્મ મટી જા ને અંતરાત્મ રૂપ થા. બહિરાત્મ રૂપ એટલે શું કરે છે ? પૌદ્‌ગલિક આનંદ ને આગળ કરે છે. એ આનંદ કેટલો ? એ બહિરાત્મ ભાવનું લક્ષણ છે. અંતરાત્મ ભાવમાં આવવું હોય તો આત્મિક આનંદ લેવો જોઈએ. પૌદ્‌ગલિક ને આત્મિક આનંદમાં ફરક શું ? એનો નમૂનો મળે છે. શાસ્ત્ર કહે છે કે, જીવ જ્યારે પ્રથમ સમ્યક્‌ત્વ પામે ત્યારે તેને અપૂર્વ આનંદ મળે છે અપૂર્વ એટલે પૂર્વે કદી નહીં થયેલો ? તો પૂર્વે સાતસાત નરકમાં ગયેલો ત્યાંથી છુટ્યો ત્યારે એવો આનંદ નહીં થયેલો ? સમ્યક્‌ત્વ પામે છે ત્યારે એવો આનંદનો અનુભવ કરે છે કે જે પૂર્વે થયો જ નહોતો. તીર્થંકરોનાં કલ્યાણક વખતે આનંદ થાય છે એમનો

પ્રભાવ તો અદ્ભુત છે. એવા અદ્ભુત પ્રભાવથી થનાર આનંદ પણ અદ્ભુત હોય. એ પણ વિસાતમાં નથી કેમ કે એ આનંદમાં પણ પૌદ્ગલિકપણાનો અંશ છે. કોઈ ઠોકતું હોય ને પેલો બૂમાબૂમ પાડતો હોય તે વખતે કોઈ છોડાવે તો આનંદ થાય છે. એમ નરકમાંથી છૂટે ત્યારે માત્ર પૌદ્ગલિક આનંદ હતો. વાસ્તવમાં આનંદનું તત્ત્વ નહીં. એટલે કલ્યાણકનો આનંદ પણ કંઈક અંશે પૌદ્ગલિક – કેમ કે, ઔદયિકભાવની શાતા પ્રસરાવે છે. જીવ માત્રને સુખ શાતા થાય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે એને આધ્યાત્મિક આનંદ થાય છે. એ આનંદ કેવો ! એને બીજા દર્શનવાળા 'ભવ કારાગૃહ પલાયન કાલઘંટા', એવો શબ્દ પ્રયોગ કરીને ઓળખાવે છે. જીવને જ્યારે પહેલું આત્મદર્શન થાય છે ત્યારે એને એવો અનહદ આનંદ થાય છે. સમ્યગ્દર્શનમાં શું અનુભવ થાય ? તો કહે આત્મ દર્શન થાય છે. કેદી કારાગારમાં હોય જેમાંથી છુટવાની આશા મૂકી દીધી હોય અને મુખ્ય રાજપુત્રનો જન્મ થાય ત્યારે કાલઘંટા વાગે. જે સાંભળીને બધા કેદી પલાયન થઈ જાય. બધાને છુટ્ટી મળી જાય. અને એને આનંદ કેવો થાય ! એમ આત્મદર્શન થતાં વિવેક આવે એટલે ભવરૂપી કારાગૃહમાંથી પલાયન થવાની કાલઘંટા વાગે છે એટલે જીવને અતિશય આનંદ થાય છે. શમ સંવેગાદિ ગુણો આવે છે. શમસંવેગાદિ ગુણો એટલે જીવ અત્યાર સુધી મૂર્છિત હતો દુ:ખમાં, પણ હવે એને ભાન થયું આ સંસાર કારાગાર છે, આ સમ્યગ્દર્શન બતાવે છે. આશ્રવ સંવરને તું ઓળખી લે. પછી એનો પ્રયોગ કરજે. આ આશ્રવ સંવર એવાં છે કે, એકવાર ઓળખ થઈ ગઈ પછી ભવસ્થિતિ વધારે રહે નહીં. આશ્રવનાં આટલાં સ્થાન છે એને છોડવાનાં અને સંવરનાં આટલા સ્થાન છે એને આરાધવાના. આ બધુ જાણ્યા પછી વધારે ભવસ્થિતિ ન રહે. આ આનંદ છે અને પછી એકાદવાર નરક કે અનુત્તર મળે તો પણ દુ:ખ કે આનંદ ન આવે. બધી જ પાપાચારની

વેઠ બંધ અને અનંતી ભવભ્રમણની પરંપરાનો અંત આવે છે. હવે અંતરાત્મામાં સ્થિર થઈ ગયા છે.

**મરુદેવા માતાએ** આ કર્યું. દીકરો મને બોલાવતો નથી એટલે વિચારે છે કે, મને બોલાવવી હોત તો ઘરમાં ન બેસત. આમ અંતરાત્મામાં સ્થિર થયા તો કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા. બહિરાતમ તજ એટલે પુદ્‌ગલિક આનંદને પડતો મૂક. પડતો નથી મૂકાતો તો એને ઓળખી લે. પછી એનું દુઃખ નહીં થાય. આજે મીઠાઈ મળી ને કાલે ન મળી તો દુઃખ નહીં. નહીંતર દુઃખ થશે. બહરાતમ તજ એટલે એનો પક્ષપાત મૂકી દે. આનંદ તો આત્મિકભાવનો, ત્યાગનો, નિસ્પૃહતાનો, તો અંતરાત્મ રૂપ થાય. પૌદ્‌ગલિક આનંદનો પક્ષપાત મૂકી આત્મિક આનંદનાં, ત્યાગનાં આનંદનાં પક્ષકાર થાય તો અંતરાત્મ રૂપ થાય. જ્યાં સુધી કાયાને આત્મા માનતો હતો ત્યાં સુધી કાયાની લાભ હાનિને પોતાની લાભ હાનિ માનતો હતો.

**કાયાની લાભહાનિમાં પોતાની લાભહાનિ માને, દેખાડે એ બહિરાત્મ ભાવ છે.** બાહ્યલાભ દેખાય ત્યાં વિકસે, તૃષ્ટિ પુષ્ટિ માને આ બધો બહિરાત્મભાવ છે. આ છોડવાનું એટલે આત્મિક દૃષ્ટિએ લાભહાનિ જોતો જા. કાયાની દૃષ્ટિએ લાખ રૂપિયા મળ્યા તો 'હાશ' થાય આત્મિક દૃષ્ટિ એવું હોય તો 'હાય' થાય.

**આત્મિક દૃષ્ટિએ લાભ, હાનિ જોવી હોય તો કાયાનાં લાભમાં હાય અનુભવે અને કાયાની હાનિમાં હાશ અનુભવે,** આ હિસાબ ઊભો કરવાનો છે. આત્મિક લાભ ઊભો થતો હોય ત્યાં મન વિકસ્વર થાય. દાન-તપ વગેરેનું સુકૃત કરવાનું મળે છે બહુ સરસ. આચાર્ય જાહેર કરતાં હતા કે, શિખરજી ઉપર સંલેખના કરવા જવું છે જેને આવવું હોય તે આવે તો આધ્યાત્મિક સાધુઓ આ સાંભળી વિકસ્વર થયા કેમ કે અંતરાત્મરૂપ બની ગયા હતા.જેમ પુંડરિક સ્વામી સાથે પાંચક્રોડ મુનિઓ, પાંડવો સાથે ૨૦ લાખ મુનિઓ, દ્રાવિડ -

વારિખિલ્લજીની સાથે દશ ક્રોડ મુનિઓ સિદ્ધિગિરિ ઉપર અનશન કરવા ગયા.

સિદ્ધગિરિમય ક્યારે થવાય ? ખાન – પાન કાયાની મરામત આ બધું છોડી દઈએ તો સિદ્ધગિરિમય થવાય. આવો અપૂર્વ આનંદ અનુભવ્યો હશે તો સાધુઓ અનશનમાં ઝુકી પડ્યા. અનશન પાર પાડ્યા તો ભવનાં આ કિનારેથી મોક્ષનાં કિનારે પહોંચી ગયા.

બહિર્ભાવમાં રતિ – અરતિ, રાગ – દ્વેષ બધું છે. પુદ્ગલાનંદ છે. આ બધા બહિરાત્મભાવનાં ખેલ છે. અંતરાત્મરૂપ થવું છે તો ઉદાસીનભાવ રાખ. નરસિંહ મહેતાને કોઈએ આવીને કહ્યું – મહેતા, તમારી ઘરવાળી મરી ગઈ. એટલે મહેતાએ કહ્યું –

'ભલું થયું ભાંગી જંજાળ,
સુખે ભજશું શ્રીગોપાળ.

આ એક વેઠ હતી તે ગઈ. અંતરાત્મરૂપ થવું હોય તો રાગ – દ્વેષ – રતિ – અરતિ વગેરે તજવું પડે. અવધૂ સદા મગનમેં રહના, અવધૂ = પોતાનો આત્મા. સદા = સંપત્તિ કે વિપત્તિમાં બધા પ્રસંગમાં આનંદમાં રહેવું. આ હિસાબ હતો મહાપુરુષોનો, ઉપસર્ગ આવ્યા તો માને કે પડોશીને ત્યાં આવ્યા. મારા પર ક્યાં કાંઈ છે ? આ હિસાબ ગજસુકુમારનો હતો. જે બળે છે તે મારું નથી ને મારું છે તે બળતું નથી અંતરાત્મ ભાવ હતો.

અનંતાકાળનાં બંધનને ઉખેડવા માટે આત્માને હાલતાને ચાલતા ઉદાસીન ભાવ કેળવવા સમજાવાનો છે.

**સંન્યાસી** હતો, ક્ષમાશીલ હતો. ક્ષમામાં બહુ વખણાયો હતો. એક જણાને પારખુ કરવાનું મન થયું. પારણું કરવાનું નોતરું આપ્યું અને સંન્યાસીને ઘરે બોલાવ્યા. સંન્યાસી આવ્યો એટલે પગ ધોયા, પાણી માથે લગાડ્યું. ખૂબ પ્રેમથી જમવા બેસાડ્યા. સારામાં સારું

પીરસ્યું અને જ્યાં એક કોળિયો મોંમા મૂકવા જાય છે ત્યાં જ પેલાએ કહ્યું – હરામખોર, ભીખારડા, અહીં ખાવા બેઠો છે ? ઊઠ, ઊભો થા અને સંન્યાસી શાંત ચિત્તે ઊભો થઈ ગયો અને ચાલવા લાગ્યો. ૪–૫ ડગલા ગયો ત્યાં પેલા આવી ને કહે ભાઈસા'બ, માફ કરજો; મારું દિમાગ આવું છે, પાછા પધારો. સંન્યાસી પાછો ગયો. જમવા બેસાડ્યો, જ્યાં બીજો કોળિયો મૂકવા જાય છે ત્યાં પાછી પેલાએ ગાળો શરૂ કરી. સંન્યાસી વિચારે છે કે એને તરંગ આવતાં હશે એટલે બેઠો છે, એટલે પેલો ગુસ્સે થઈને કહે છે, બાવડું પકડીને ઊભો કરે છે, એટલે સંન્યાસી પાછો ચાલવા મંડે છે. ૮–૧૦ ડગલા ગયો હશે ત્યાં પાછો પેલો ગયો અને કહે માફ કરના, પાછો પરાણે લઈ ગયો જમવા બેસાડ્યા અને જ્યાં ત્રીજો કોળીયો મૂક્યો કે પાછી ગાળા–ગાળી પેલાએ શરૂ કરી અને હવે તો બે તમાચા મારી દીધા, સંન્યાસી ઊભો થઈને ચાલવા લાગ્યા. વિચારે છે કે ચાલો આજે પારણુ થઈ ગયું. હવે પાછા ફરવું નથી. થોડે ચાલ્યો ત્યાં પેલો પાછો આવ્યો, પગમાં પડ્યો સા'બ માફ કરજો, મેં આપને ત્રાસ પમાડ્યો, ગાળો આપી, પણ મેં માત્ર આપની પરીક્ષા કરવા માટે જ આ નાટક કર્યું હતું. હવે મને થાય છે કે ક્રોધ વિનાનું પણ જીવન જીવી શકાય છે. તમે ખરેખર આ રીતે ક્ષમા રાખી શકો છો. પધારો. અને સંન્યાસી કહે. અવધૂ – સદા મગનમેં રહના. ઉદાસીન ભાવથી રહેવું. મારી કોઈ બડાઈ નથી. જગતની રીત ભાત ચાલે છે, જમવામાં આગ્રહ આ બધી જગતની રીતભાત છે, પછી ગાળ આપી તો પણ એજ ખાતામાં, જગતની રીતભાત આવી છે પર્વતમાંથી પાણીનો ધોધ છૂટે, ધમધમ કરતો જાય પછી સુકાઈ જાય તો તળીયું પણ ભીનુ ન હોય, સૂર્ય બપોરનાં મધ્યાહ્‌ન સમયે કોઈની મજાલ નથી કે એની કે એની સામું જોઈ શકે, અને સાંજનો સૂર્ય – જુએ તો સાવ ગરીબડો થઈ ગયેલો દેખાય. આ બધું જગતની રીતભાત છે. ચાલ્યા કરે, એમ જડપુદ્‌ગલોમાં

પણ આ બધું જગતની રીતભાત છે. ઉદાસિન રહેવાનું, મન ઉપર કાંઈ લેવાનું નહી, આ અંતર આત્મરૂપ થયું કહેવાય.

અમદાવાદ છોટાભાઈ શ્રાવક. રોજ સવારે સમયસર વ્યાખ્યાને આવે. એક દિવસ મોડા પડ્યા. વ્યાખ્યાન પછી મહારાજે પૂછ્યું - આજે કાંઈ મોડા. હા, સાહેબ, મહેમાનને જરા વળાવવા ગયો હતો. મહારાજે આ સાંભળી મન વાળી લીધું. પણ બાજુવાળા શ્રાવક કહે સાહેબ, ! આ મહેમાન બીજો કોઈ નહીં, એમની પેઢી ચલાવનાર એમનો દિકરો ૨૫-૩૦ વર્ષની ઉંમરનો. ટાઈફોઈડ તાવમાં ગુજરી ગયો એટલે સ્મશાને ગયા હતા. મહારાજ કહે, છોટાભાઈ ! ધન્ય તમારી સમતા ! સાહેબ ! જન્મ થયો ત્યારથી હિસાબ માંડેલો કે પરદેશથી કોઈ મહેમાન આવ્યો છે. મરજી હશે ત્યાં સુધી રહેશે પછી ચાલતો થશે. પણ તમને કાંઈ ફિકર ચિંતા નથી કે આ પેઢી કોણ ચલાવશે ? સાહેબ કર્મસત્તા જે કાંઈ સગવડ-અગવડ આપે છે તેની સાથે શું સુકાવું ને કરમાવું ! 'જગતની રીતભાત છે', ઉદાસીન ભાવમાં રહેવું. ચાલ્યા કરે. આપણે દૃષ્ટા બનીને રહેવું.

એ રીતે બહિરાતમભાવ તજ. અંતરાત્મરૂપ થા અને આ રીતે પરમાત્મભાવને સિદ્ધ કરવો એ સુમતિ ચરણ કજે આતમ અર્પણા, એ રીતે પરમાત્મભાવને સાધવો એટલે અંતરાત્મ સ્વરૂપમાં સ્થિર થવાનું. જેમ જેમ અંતરાત્માભાવમાં સ્થિર થઈએ તેમ તેમ પરમાત્માની નિકટ અવાય. તે માટે ૫-૭ વિચારણાઓ છે કે જેમાંથી અંતરાત્મભાવમાં સ્થિર થવાય.

## અંતરાત્મભાવમાં સ્થિર થવા વિચારણા

**(૧) ઉદાસીનભાવ** - જગતમાં જડ કે ચેતન પદાર્થો પ્રત્યે આસક્તિભાવ છે તો માલ - મિલક્ત સગા - વહાલા આદિ પ્રત્યે

ઉદાસીન ભાવ ઊભો કરવો જોઈએ એટલા પરમાત્માભાવની નજીક અવાય છે. જેમ બાહુબલીજી એ બહિરાત્મભાવ છોડ્યો. 'યુદ્ધભૂમિ ઉપર ભાઈને મારવાનો વિચાર કર્યો હતો. પણ પછી એક જમીનના ટુકડા ખાતર આ યુદ્ધ' – ને અંતરાત્મભાવ આવ્યો. મારી જમીન છે જ નહીં. મારું રાજ્ય પણ નથી હવે રાજ નથી જોઈતું – બહિર્ભાવ છોડ્યો, હવે તેઓએ શું કર્યું ? અંતરાત્મભાવમાં આવ્યા. યુદ્ધભૂમિ ઉપર જ ઉદાસીનભાવ પામી ગયા, માલ – મિલકત, રાજ્ય, પરિવાર આદિ કશું ન જોઈએ. જગતનાં પદાર્થો સાથે મારે કોઈ નિસ્બત નથી. મારે કોઈ સંબંધ નથી. ઉદાસીનભાવ કેટલો વધાર્યો ? દૃઢ નિર્ણય લઇને ઊભા. – જડ – ચેતન ઉપરનો મોહ છોડ્યો. છોકરા ઝગડશે, મારું નહીં માને, બધા પ્રત્યે ઉદાસીન ભાવ. હવે કેવલજ્ઞાન લઇને જ જવું છે ! આ નિર્ધાર છે. ભૂખ લાગે, શરીર થાકે આ બધાની સામે ઉદાસીન ભાવ કેટલો જોરદાર કે શરીર અને ખાનપાન સાથે મારે કોઈ લેણાદેણી નથી. ઉદાસીન ભાવ એવો વધાર્યો કે ૧૨ મહિનામાં તો ખીચડી પાકી ગઈ. બ્રાહ્મી – સુંદરીના એક બોલ ઉપર બુઝ્યા, પગ ઉપાડ્તા કેવલજ્ઞાન. આ અંતરાત્માભાવની સ્થિરતા કરી હતી. ૧૨/૧૨ મહીના ખડા ખડા રહ્યા, કોઈ વાત વિસામો નહીં, કોઈ ડાફોળિયું નહીં. બધા તરફ ઉદાસીન ભાવ એવો વિકસાવ્યો; ઋષભદેવ ભગવાને જોયું – ગાડી હવે નાકે આવી ગઈ છે, હવે સિગ્નલ આપી દો. પરમાત્મભાવની નિકટ આવી ગયા છે એટલે બ્રાહ્મી – સુંદરીને મોકલી અને કેવલજ્ઞાન પામી ગયા.

(૨) વીતરાગ દર્શનની ઝાંખી – આપણે દર્શન કરીએ છીએ એ સરાગ દર્શન. જોતાં જ સારા – ખરાબનાં લેબલ લગાવી દઈએ છીએ. દર્શન રાગ યુક્ત જ થાય છે. રસ્તે જતાં ગટર આવી બહુ ખરાબ છે અને બગીચો આવ્યો બહુ સરસ છે, હવે વીતરાગદર્શનની ઝાંખી થવી જોઈએ, તેનો આછો અનુભવ કરવો જોઈએ.

વીતરાગદર્શનની ઝાંખી સગર ચક્વર્તીએ કરી. ૬૦ હજાર પુત્રોને દેવતાએ બાળી મૂક્યા, એનો આઘાત લાગ્યો પછી તરત વીતરાગદર્શન તરફ વળી ગયા. આ સંસારનાં અનંતાકાળપટ ઉપર મારા તો આવા અનંતા ચિતરામણ થઈ ગયા છે તો પછી છોકરા સાથે શો સંબંધ ? રાજ ગયા, દુશ્મન ચડી આવ્યા, જેમ ગયા ભવ સુધીનાં સાથે મારે કોઈ સંબંધ નથી તો પછી આમાં ક્યાં ચીટકી પડું. એમ વીતરાગ દર્શન કર્યું. હવે રાગથી જોવાનું માંડી વાળ્યું. રાગથી વિચારવાનું માંડી વાળ્યું. છોકરાની લાઈન જુદી છે મારી લાઈન જુદી છે. છોકરાઓ તીર્થરક્ષામાં હોમાઈ ગયા. સમુદ્રમાં ભરતી આવે ને જાય, એમાં કાંઈ નવાઈ નથી. ભરતી આવે તો કાંઈ ખુશ થતો નથી અને ઓટ આવે તો કાંઈ લેવાઈ જતો નથી. આમ વીતરાગ દર્શન થયું પછી ચારિત્ર લઈ મોક્ષે ગયા.

## ઢંઢણઋષિનું વીતરાગ દર્શન કેવું ?

ભગવાને કહ્યું 'તમારે ગોચરી મળવાનો અંતરાય છે.' સાંભળીને 'મારી લબ્ધિથી ગોચરી મળે તો લેવી' એવો અભિગ્રહ કર્યો. નહિ મળે ત્યાં સુધી મારા અંતરાય તૂટશે. નિયમ લઈને રોજ ગોચરી જવા લાગ્યા. અંતરાય હતા જોરદાર. કૃષ્ણનાં લાડીલા ભાઈની ઓળખાણ– નેમનાથ ભગવાનનાં બંધુ, આમ બીજાની ઓળખાણથી ગોચરી મળે છે તે લેતા નથી ૪/૪ મહિના પસાર થઇ ગયા. તેમણે કામ શું કર્યું ? વીતરાગ દર્શનનું. મને ગોચરી નથી મળતી, જોઈએ છે ખરી પણ તેનાં પર આસક્તિ ભાવ કરવાની જરૂર નથી. રાગ ઉઠાવી દીધો, રાગ હોય તો રોવું પડે. જેના પર પ્રેમ ન હોય તેને મળવામાં તે ન મળે તો રોવું ન આવે. ઢંઢણમુનિ રોજ ગોચરી જતાં – આહાર વિના પાછા આવતા. ગોચરી વિના પાછા આવતાં પણ રડતા ન હતા. નથી

મળતું માટે અંતરાય તૂટ્યો એમ માનતા. એમ કરતાં છ મહિનાનાં છેવાડે ગોચરી મળી. એમને લાગ્યું આ મારી લબ્ધિથી મળ્યું – એમ માની લાડવા વહોર્યા ને આવ્યા ભગવાન પાસે. ભગવાનને કહે, પ્રભુ આજે મારી લબ્ધિની ગોચરી મળી. ત્યારે નેમનાથ ભગવાન ના કહે છે, કે આ તારી લબ્ધિથી નહીં પણ કૃષ્ણની લબ્ધિથી મળ્યું છે. પ્રભુ એ કઈ રીતે ! ત્યારે ભગવાને કહ્યું તું ગોચરીએ જતો હતો તે વખતે કૃષ્ણ રાજાએ તને હાથી પરથી ઉતરીને વંદન કર્યું. આ જોઇને એને થયું જેને કૃષ્ણ પણ વંદે છે તે કેવા મોટા સાધુ ! એ જોઈને તમને વહોરવા માટે બોલાવ્યા ને તમને ભિક્ષા વહોરવી માટે કૃષ્ણની લબ્ધિનું થયું. રોજ ભૂખ્યા રહેવું પડે છે છતાં ખેદ નથી. દિલમાં કોઈ આશ્વાસનનો વિચાર જોઈએ કે નહીં ! રોજ કોઈનાં ટોણાં મેણા સાંભળવા પડે અને આપણે મન બગાડવું નથી તો આશ્વાસન જોઈએ – વિચારણા જોઈએ. ઢંઢણઋષિએ વિચાર રાખેલો કે, ગોચરી એ આપણી ચીજ નથી એ તો કલેવર લઈને બેઠા માટે જોઈએ, તે ચીજ તો આ કલેવરની મારી નહિ. જંગલમાં જઈને લાડવા પરઠવતા ભાવનામાં ચડ્યા. અનાસક્ત ભાવ એટલો બધો વધી ગયો કે, આ ચીજ એવી કોઈ નથી જે મારા આત્માનાં જ્ઞાન –દર્શન – ચારિત્રને વધારે... અરે ! આ કાયા પણ મારી ચીજ નથી. કાયા પણ જ્ઞાન દર્શન ચારિત્રમાં સહાય કરનાર નથી. આ કાયા છે માટે ઘણી ઉપાધિ છે, કાયા છે માટે ગોચરી લેવા જવું પડે, પેટને ભાડું આપવું પડે. કાયા છે માટે ભણવાનું ભૂલાવે છે; કાયા એ જ્ઞાન, દર્શન, ચારિત્રમાં બાધક છે માટે એની આસક્તિ તોડી નાખું – 'હું જેવી કોઈ ચીજ નથી. હું કોણ ? હું તો અનંતા કર્મથી કચરાયેલો છું' અનંતા કર્મથી મેલો દાટ થયેલો છું અને અનંતી વાસનાનાં વળગાડવાળો છું. હું સાધુ–બાધુ કોઈ નહિ, પણ કર્મનો ગુલામ છું. એમ વીતરાગ દર્શન પર ચડી ગયા. શુક્લ ધ્યાન આવ્યું ને કેવલજ્ઞાન પામી ગયા.

કૃષ્ણ મહારાજા ગંધાતી કૂતરી પાસેથી પસાર થયા. બીજા બધાએ નાકે ડૂચા લગાવ્યા પણ કૃષ્ણ મહારાજાએ દુર્ગંધ પ્રત્યે સદ્વેષ દર્શન ન કર્યું પણ વીતરાગ દર્શન કર્યા. એનાં દાંત કેવા સુંદર છે. સારું જોયું. ખરાબ નહીં. હલકાઈ ન જોઈએ ત્યારે વીતરાગ દર્શનનો અભ્યાસ થાય.

**(૩) ક્ષમાદિ ગુણોનું અનુભવ જ્ઞાન** – ક્ષમાદિ ગુણોનું અનુભવ જ્ઞાન જેમ જેમ કરતાં જઈએ તેમ તેમ અંતરાત્મભાવમાં સ્થિર થવાય. એટલે શું કરવાનું ? મહાપુરૂષોએ – ભગવાને પ્રસંગ પ્રસંગે જે ક્ષમા કેળવી એ ક્ષમા મારામાં કેમ આવે ! મારામાં લાવવા માટે એનું કલ્પના ચિત્ર ખડું કરવું જોઈએ. ભગવાન રાત્રે કાઉસગ્ગ ધ્યાનમાં હતા, સંગમ એકદમ રાત્રે આવી તૂટી પડ્યો. ચલો અહીંથી ચાલતી પકડો. વેતાલ – વાઘ – વરુ, અજગર, આખા શરીરે કીડીઓ, ધીમેલો, વિકુર્વી. વરસાદ વરસાવ્યો આ બધું ભગવાને સહન કર્યું. આપણે કલ્પના ચિત્રથી – ગલીમાંથી પસાર થઈએ છીએ, ને ગુંડો છરી લઇને આવ્યો, બોલ્યો, ક્યાં જાય છે ? તું ભાઈ થકી ભલેરો, તારે જે કરવું હોય તે કર, હું અહીં ઊભો છુ. ક્ષમાની કલ્પના કરવાની, ક્ષમાનો અનુભવ કરવાનો. આ ક્ષમાનું અનુભવજ્ઞાન. એ જ પ્રમાણે નિર્લોભતાનું અનુભવજ્ઞાન – ભગવાનની ભક્તિમાં લીન થઇ ગયો છું. બાહ્યસંપત્તિ મારી કોઈ ચીજ નથી. કોઈ દેવતા કરોડોની વૃષ્ટિ કરે તો તેને કાંકરા સમાન ગણે.

રાવણ અષ્ટપદ પર્વત ઉપર ભગવાનની ભક્તિમાં એકતાન થઈ ગયા છે. મંદીરની બહાર આવ્યા, ધરણેન્દ્ર ખુશ થઈ ગયો છે માંગ – માંગે તે આપું. પણ રાવણનો નિઃસ્પૃહતા ભાવ – ભક્તિમાં બદલે મારે કાંઈ ન જોઈએ. દેવપાલ – ભક્તિ ફળી – ચક્રેશ્વરી દેવી આવ્યા, કહે માંગ પણ દેવપાલ કહે મારે કાંઈ ન જોઈએ.

**(૪) નિરભિમાનપણાનું અનુભવજ્ઞાન** – મહાપુરૂષોએ અવસરે અવસરે કેવું નિરાભિમાનપણું રાખ્યું. ગોવાળીયો ને ગોશાળો – હાલી – મવાલી વગેરે જે કોઈ આવ્યા છતાં પણ અહં ન કર્યો. સહન કર્યા. દુનિયાનો દુબળામાં દુબળો માણસ કોઈ આપણને દબડાવા આવે તો – આવા સમયે તેવો અનુભવ કરવાનો છે.

**(૫) બ્રહ્મચર્યનું અનુભવજ્ઞાન** – સ્થૂલભદ્રજીની સામે વેશ્યા નાચતી હતી છતાં આંખ ઊંચી કરવાની ફુરસદ નહોતી, કરુણ ગીતગાન ગાય, માથા પછાડે છતાં આંખ ઊંચી કરવા તૈયાર નથી. મારે કોઈ એવો પ્રસંગ આવ્યો હોય તો પેલી ખાંડ ખાય, સારી કે નરસી બંને ચીજમાં ઉદાસીન ભાવ. સુદર્શન શેઠ પર અભયા રાણીએ ઘણા ઉપદ્રવો કર્યા પણ અભયા સુદર્શન શેઠ આગળ ખાંડ ખાય છે.

**અનુભવજ્ઞાન પર વિચારણા** – ક્ષમાની વાત કરી ભગવાને કેવા દુષ્ટો ઉપર પણ ક્ષમા રાખી; એમ નમ્રતાનો અનુભવ – મહાપુરૂષોએ નમ્રભાવ કેવા રાખ્યા. વાલિમુનિને અષ્ટાપદ સાથે દરિયામાં ફેંકી દેવા રાવણે પ્રયત્ન કર્યો અને પર્વતને જરા ઉપાડ્યો કે પર્વત કંપ્યો – એટલે મુનિને ધ્યાનમાં ભંગ થયો. આ શું ? અવધિજ્ઞાનથી જોયું, મને દરિયામાં ફેંકી દેવા તૈયાર થયેલો ગાંડો રાવણ અષ્ટાપદને દરિયામાં ફેંકી દેવા તૈયાર થયો છે. મને એનાં પર દ્વેષ થતો નથી. એ ક્ષમાદિનો અનુભવ કેવો કર્યો હશે ! ક્ષમા – નમ્રતા આત્મસાત્ કેવી કરી હશે ! મને એનાં પર ગુસ્સો થતો નથી પણ આ તીર્થનો નાશ અને અસંખ્યજીવોનો નાશ થશે. છતી શક્તિએ તીર્થનો નાશ જોતો રહે તો એ મહાપાપી છે. મને જો ઉંચકીને દરિયામાં ફેંકી દેત તો હું સામનો ન કરત પણ આ તો તીર્થને ફેંકી દેવા તૈયાર થયો છે એટલે જરાક એને શિક્ષા કરું. આ તો ખરેખર પ્રસંગ બન્યો. પણ આપણા જીવનમાં ન બન્યો હોય તો કલ્પનામાં શું વિચારે ? આ બધા બાહ્ય સર્જનો એ કર્મના ઘરનાં છે. એ બિચારો કર્મને પરાધીન

છે. દ્વેષ કરવો હોય તો એનાં કર્મ ઉપર કરવો જોઈએ એમાં પણ દયા જ જોઈએ. એ અનુભવજ્ઞાન. એવાં જેટલાં મહાન ગુણો છે એનો અંતર અનુભવ કરતાં રહેવું જોઈએ. પણ એ અનુભવ વાંઝિયો ન જોઈએ. કાલ્પનિક અનુભવ કરવા માટે પણ જીવનમાં કેટલો ક્ષમાદિનો અભ્યાસ જોઈએ ! ક્ષમાદિનું અનુભવજ્ઞાન. એવાં જેટલાં મહાન ગુણો છે એનો અંતર અનુભવ કરતાં રહેવું જોઈએ. પણ એ અનુભવ વાંઝિયો ન જોઈએ. કાલ્પનિક અનુભવ કરવા માટે પણ જીવનમાં કેટલો ક્ષમાદિનો અભ્યાસ જોઈએ ! ક્ષમાદિનું અનુભવજ્ઞાન એટલે નાની નાની વાતોમાં ક્રોધાદિને દેશવટો દઇ દેવો જોઈએ. એજ પ્રમાણે નિર્લોભતા લાવવી જોઈએ. સામા ગમે તેવાં સારા પદાર્થો પર મારે લોભ નહિ કરવાનો. ભાણામાં સારી ચીજ આવે તો ત્યાગ કરે.

પાલિતાણામાં સં.૨૦૦૬ મુમુક્ષુ પાઠશાળા ચાલતી. બધા શિખરજીની યાત્રાએ ગયા. ત્યાંથી કલકત્તા આવ્યા. એમાં એક નાનો મુમુક્ષુ પણ હતો. મુમુક્ષનાં હિસાબે બધેથી જમવાનાં નોતરા આવે. એક જગ્યાએ બધાએ જમવા જવાનું હતું. બધા ત્યાં જમવા ગયા, બાબુ લોકોની રસોઈ એટલે મિષ્ટાન્ન ને ફરસાણ બનાવેલ. આ લોકોએ ત્યાં જોયું ને તે વખતે સારી સારી વસ્તુઓનાં ત્યાગનો અભિગ્રહ કરી લીધો. બધાનાં મોં ઊંચા થઈ ગયા. આ અનુભવજ્ઞાન સાચું લાવવું હોય તો આવા અખતરા કરવા જોઈએ. તો પરમાત્મભાવની નિકટ અવાય.

(૪) અધિકાધિક મૈત્રી આદિ ભાવ કેળવવા જોઈએ.

મૈત્રી = सर्वसत्त्वेषु स्नेहपरिणामो मैत्री । જીવમાત્ર ઉપર સ્નેહ પરિણામ–કોઈનાં ઉપર પણ દુશ્મનાવટનો ભાવ નહીં એનું નામ મૈત્રી. કરુણા એટલે દુ:ખીનાં દુ:ખ દૂર કરે એનું નામ કરુણા. અજ્ઞાન, કષાયવશ, પાપમાં રક્ત, મિથ્યાત્વવાળો એ દુ:ખી છે. કષાયી, પાપી, અધર્મી બધા દુ:ખી છે એમ હૈયામાં થવું જોઈએ.

અજ્ઞાનતા, વિષયલંપટતા, અધર્મ, પાપ – કષાય – અનાડીપણું આ બધા આત્માનાં ભાવ દુ:ખ છે. ભૂખ – તરસ – રોગ – પરાધીનતા – મારપીટ આ બધા દ્રવ્ય દુ:ખ છે. આની કરુણા કરવાની છે, માત્ર દયા ચિંતવવાની નહીં પણ દયા આચરવાની. મારું ચાલે તો એને પાપથી મુક્ત કરાવું. વ્યસન – અધર્મ છોડાવું. આવું કાંઈક કરે તો એના પ્રત્યે કરુણા કરી કહેવાય.

મૈત્રીમાં ભાવના છે, સામો સુખી થાવ, પાપ જાવ, દુ:ખ જાવ. પણ હું એનાં દુ:ખ દૂર કરું એ કરુણા ભાવ છે. દા.ત. આપણા પર કોઈ ગુસ્સે થતો આવ્યો, સામો જવાબ આપવાથી એ વધારે ગુસ્સો કરશે. મારું ચાલે તો એના ગુસ્સાને હું ઠારું, મિચ્છામિ દુક્કડમ્ દઉ અને કહે ભાઈ કર્મથી તો દબાયેલો છું. આવા બે શબ્દો કહે તો પેલાનાં ક્રોધનો પારો ન વધે.

સાસુ-વહુને ઝગડો રોજ થાય. સામાજિક કાર્યકર ત્યાં ગયો. જે વહુનાં ગામનો હતો. બે દહાડા ગયા ને કાર્યકરભાઈ જવા તૈયાર થયા એટલે વહુ દોડતી આવીને કહે ભાઈ, જરાં મારી સાસુને કંઈ કહેતા જાઓ ને, રોજ મારા માથે છાણા થાપે છે. આ કાર્યકર કહે, બેન મારે હમણા તો ગાડીનો સમય થયો છે. એક મહીના પછી આવું ને કહું તો ચાલશે ને ? વહુ કહે સારું. ત્યારે કાર્યકરભાઈ કહે, તમે એક કામ કરો, તમને જ્યારે પણ તમારી સાસુ કાંઈ કહે ત્યારે તમારે બીજા જવાબ નહી આપવાનો પણ એટલુ કહેવાનું, '**બાઈજી જેવી છું તેવી છું તમારે મને નભાવવાની છે**. હું એક મહીના પછી આવીશ ને તમારી સાસુને કહીશ, સારું અને આ કાર્યકર ભાઈ ગયા અને ત્રણ દિવસમાં તો ચમત્કાર થયો સાસુ ગમે તે કહે, વહુ આ એક જ સૂત્ર કહે છે. ને ૪થે દિવસે ઝગડો બંધ. સાસુ તો હવે બધે કહેતી ફરે છે કે મારે ત્યાં તો વહુ દેવી જેવી છે. એક મહીના પછી સામાજિક કાર્યકરભાઈ આવ્યા અને પછી વહુને કહે

બોલો, તમારા સાસુને કંઈ કહેવું છે ? ત્યારે વહુ કહે ના, હવે તો મને હથેળીમાં રાખે છે.

કરુણા પૈસા આપીને પણ થાય. એનાથી લોભ ઓછો થાય. સુવ્રતશેઠને ત્યાં ચોર ચોરી કરવા આવ્યા. રાજાનાં નોકરો પકડી ગયા, ને રાજાએ ફાંસીએ ચડાવવા કહ્યું, સવારે શેઠ નજરાણાનો થાળ લઈ રાજા પાસે ગયા, કહે, રાજન્ ! આ જે ચોરોને આપે પકડ્યા છે તેને છોડી મૂકો મારે ગઇકાલનો ઉપવાસ છે. એને છોડશો પછી જ પારણું થશે. પૂર્વનાં રાજાઓ પણ આસ્તિક હતા, શેઠના વચને છોડી દીધા. શેઠ ચોરોને પોતાનાં ઘરે લઈ ગયા ને કહે, તમારે આવો ધંધો કેમ કરવો પડે છે ! પેટ કરાવે વેઠ' આ થેલીઓ લઈ જાઓ ને સારો ધંધો કરજો અને જરૂર પડે તો પાછા અહીં આવજો, પેલા ચોરો પગમાં પડી ગયા, ભાઈસાબ માફ કરો. થેલી વગેરે કાંઈ જોઈતું નથી, અને આજથી જિંદગીભર માટે હવેથી ચોરી નહીં કરીએ એવી પ્રતિજ્ઞા લઇએ છીએ.

અંતરાત્મભાવમાંથી પરમાત્મભાવમાં જવા માટે આ કરુણાભાવ કેળવવાનો છે.

પરમાધામી પણ નજરે (કલ્પનામાં) આવી ગયો તો પણ એના પર દ્વેષ નહીં. એ જીવદળ એવું છે. તમે શા માટે તમારું હૈયું બગાડો છો ! પાપીમાં પાપી ઉપર પણ તમને દ્વેષ કરવાનો અધિકાર નથી, એટલે મૈત્રી – કરુણાભાવનો વધારો કરવાનો. જ્યાં છે ત્યાં ઊભા નહીં રહેવાનું, આગળ વધવાનું. શી રીતે ? નવી નવી શુભ કલ્પનાના તરંગો ઊભા કરે ને મૈત્રીભાવ ઉછાળે. માતાને બાળક પર સ્નેહ થાય, મારું બાળક છે, તેમ આ જગતનાં જીવો એ મારા છે, જીવ તો બહુ ભલા છે. આ મૈત્રી ભાવ વધારવાનો અવસરે ભોગ પણ આપવાનો. દુ:ખીના દુ:ખ ટાળવાનો પ્રયત્ન કરુણા, એ ભાવ વધારવાનો છે એટલે કરુણા કરવાની તક ક્યાં મળે છે એ જોવાનું, જ્યાં સુધી આંખ ખુલ્લી છે ત્યાં સુધી આ કરુણા – મૈત્રી કમાવાની

મળશે. આંખ મિંચાઈ ગયા પછી એ નહીં થઈ શકે. કરુણા તન-મનને ધનથી થઈ શકે.

(૫) **અનાસક્તતા** – આ ઊંચી ક્વાલીટીનો ઉપાય છે. અનાસક્તતાને કેળવવી કઈ રીતે ? જેમ બાહુબલીજીએ કેળવી. યુદ્ધભૂમિ ઉપર સાધુ થઈને ઊભા. ૧૨ મહીના સુધી ઊભા રહ્યા, અનાસક્ત ભાવ કેળવતા ગયા. ૧૨ મહીને એવા સ્ટેજ સુધી પહોંચી ગયા, હવે માત્ર સહેજ ધક્કો લાગે એટલી જ વાર. પોતાની કાયા, અહંત્વ, જેટલું બાહ્ય છે તે બધા પર સંપૂર્ણ અનાસક્તતા આવી. પાપી પાલકની ઘાણીમાં પિલાતા સાધુઓએ અનાસક્ત ભાવ કેળવ્યો. હું પદ ઉપર પણ અનાસક્તતા લાવ્યા, આવી અનાસક્તતા બાહુબલીજીએ વધારી દીધી. બ્રાહ્મી સુંદરીએ આવીને એક ધક્કો લગાવ્યો. હું પદ તજીને આગળ વધવા ગયા ને કેવલજ્ઞાન પામી ગયા.

આ અનાસક્તતા જેમ મૃગાવતીસાધ્વીજીએ કેળવી. સમોવરણમાંથી મોડા આવ્યા – ચંદનબાળા ગુરૂણીજીએ જરા ઠપકો આપ્યો કે, હે ભદ્રે ! આમ મોડા આવવું તમને શોભે નહીં, ગુરૂણીજી તો આમ કહી સૂઈ ગયા અને આ અનાસક્તભાવમાં ચડ્યા. પહેલો અનાસક્તભાવ પોતાની હોશિંયારી પર લાવ્યા. પોતાનાં ડહાપણની, હોશિયારીની બધી અસાક્તિ કાઢી નાંખ. સગાઇનાં હિસાબે પોતે માસી છે ને ગુરૂણીજી ચંદનબાળા ભાણેજ છે. ગમે તે હો આ ગુરૂએ મને ભવકૂપમાંથી બહાર કાઢી છે અને એમને મેં ચિંતામાં મૂક્યા. અશાતા કરાવી ! ગુરૂણીજી ક્યારનાં ચિંતા કરતાં હશે ? ગુરૂને સેવા આદિથી શાતા આપવાની કે એમને ચિંતા કરાવી અશાતા આપવાની ? પોતાનાં ઉપર ગુરૂનો જે ઉપકાર છે એની આગળ હું કોણ ? અનાસક્તભાવમાં ચડ્યા. આવી ભૂલ મારાથી કેમ થઈ ? જરૂર, પૂર્વે મેં એવા કોઈ પાપ કર્યા હશે ? કે જેથી જ્ઞાનનું આવરણ આવવાથી સમયનું મને ભાન ન રહ્યું. ઓહો ! આ જ્ઞાનાવરણની પાછળ મેં કોઈ

દુષ્કૃતો એવા કર્યા હશે. હવે આ શરીર જ ગોઝારું છે જે ઊંધે રસ્તે લઈ જાય છે. આમ અનાસક્તભાવમાં વધતાં કેવલજ્ઞાન પામ્યા.

**આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિ દોષ, સુજ્ઞાની**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંઘન રસ – પોષ. સુજ્ઞાની...૬**

પરમાત્મામાં આપણા આત્માનું અર્પણ કરતાં મતિનો ભ્રમ ટળે છે. બહિરાત્મરૂપ મટી અંતરાત્મ રૂપ થઈએ એટલે બાહ્યભાવનો ત્યાગ ને અંતરભાવને ઊભો કરતાં બધા ગણિત – વિષય – ભાવ ફરે છે. બાહ્યભાવનાં અને અંતરભાવનાં ગણિત જુદા છે. બાહ્યભાવનાં લેખા – ભ્રમણા છે. આંતરભાવના લેખા ભ્રમણાને દૂર કરવાનાં છે. ખરેખર આતમ અર્પણ લાવીએ એટલે બાહ્યભાવ જાય.

બાહ્યભાવમાં પ્રાણાયામ આદિ અલગ છે.

પાતંજલ યોગમાં પ્રાણાયામ અને યોગદષ્ટિ સમુચ્ચયમાં પણ પ્રાણાયામ બતાવ્યા છે, યોગની ૪થી દષ્ટિમાં ભાવ પ્રાણાયામ કહ્યો છે. એક એક યોગ સાધતા જવાનો. અહિંસાદિ યમ સાધો પછી નિયમ, શૌચાદિ પછી આસન એટલે સ્થિરતા સાધો અને પછી પ્રાણાયામ કરો.

પાતંજલ યોગમાં પ્રાણાયામ એ બાહ્ય છે. શ્વાસ કાઢો એ રેચક, શ્વાસ લો એ પૂરક અને શ્વાસ સ્થિર રાખવો એ કુંભક. આ બધા દ્રવ્ય પ્રાણાયામ છે.

જૈન દર્શન એથી આગળ જાય છે. બાહ્ય પ્રાણાયામ નહીં પણ ભાવપ્રાણાયામ.

કુંભક = અંતરભાવમાં સ્થિર થવું.

પહેલાં બાહ્યભાવને કાઢો એ રેચક. અંતર્મુખભાવ લાવો એ પૂરક અને પછી અંતરભાવમાં સ્થિરતા એ કુંભક. આ કરે તો યોગની ૪થી દષ્ટિ આવે.

અહીં પણ એજ કહે છે કે, બહિરાતમભાવ તજ અને અંતર આતમ ભાવમાં સ્થિર થા એટલે પરમાત્મભાવની નજીક જઈએ. જેટલાં બાહ્યભાવની નજીક એટલાં ભગવાનથી દૂર ખસ્યા. બંગલો સારો આ ભાવ આવ્યો એટલે ભગવાનથી દૂર ખસ્યા બંગલો સારો શું અને ખોટો શું ?

**આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિ દોષ."**

આત્માનું પરમાત્મામાં સમર્પણ કરવું એ શું છે ? બાહ્યભાવ છોડતાં જવાનું અને અંતરભાવમાં સ્થિર થવાનું. એથી શું થાય ? જીવની ઘણી ભ્રમણાઓ ટળી જાય.

## ભ્રમણા શું છે ?

**(૧) ખાય એ ધાય** – આ ભ્રમણા છે. તો પછી જીંદગી સુધી ત્યાગ, તપ ન આવે. એટલે ખાય ખાય એ ધાય નહિ પણ જેટલો એ ત્યાગ કરતો આવે, તપ કરતો આવે એટલો આત્માની ઉન્નતિમાં આગળ વધતો આવે.

**(૨) બહુ દાન દેતા ચાલીએ તો ખાલી થઈએ આ ભ્રમણા.** આને ટાળવા શું કરવાનું ? જેટલું દાન દેતાં જઈએ તેમ સુકૃત વધતું જાય, પરભવની મૂડી વધતી જાય. આત્માને હિતકારી શું એ જોવાનું. કાયાને હિતકારી શું એ નહીં જોવાનું (૩) **'સાપનાં દાંત ન હોય છતાં પણ ફેણ ઉંચી કરીને રોફ** બતાવે. એમ પાવર વિનાનાં હોય તો પણ બહાર રોફ બતાવવા જોઈએ' આ ભ્રમણા છે એટલે કોઈ દિવસ નમ્રતા – મૃદુતા – સહૃદયતા – સહાનુભૂતિ આવે જ નહીં. એટલે નમે એ સૌને ગમે એમ નહિ પણ **નમે એ પ્રભુને ગમે.**

આપણે નમતા જઈએ તો પ્રભુને ગમતા થઈએ, આત્મા અર્પણ વસ્તુ વિચારે તો જ આવે.

એવી એક ભ્રમણા છે કે (૪) થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ' સામો દબાવે તો એને દબાવવો જોઈએ આ બહિર્મુખતા છે એમાં એકલો કષાય પોષાય છે. ભલે ગામ વચ્ચે રહેવાતું હશે પણ જ્ઞાનીઓની મંડળીમાંથી બહાર નીકળી જઈએ. ભંગી સામે ભંગી કે ધોબી સામે ધોબી ન થવાય એટલે એવાં અનાડી માણસ ભેટે તો વિશેષ સાવધાન થવું જોઈએ. આંતરમુખતાનો સિદ્ધાંત આ છે, જેટલું બને એટલું ખમીએ તેટલું કમાયા. જેટલા સામનો કર્યો એટલું ખોયું આ એક માનવભવ જ એવો છે કે તમે સહન કરતાં ચાલો તો પ્લસમાં છો, જમા પાસુ જ વધે છે. અહીંયા સમજ છે તો અંતર્મુખ થવાય. તિર્યંચનાં ભવમાં એ સમજ નહીં મળવાની. સોક્રેટીસ હતા – તેમની પત્નિ ગુસ્સાખોર અને પોતે ઠંડગાર હતા તેથી પત્નિનો ગુસ્સો વધી શકતો નહીં.

સામનો કરીએ તો ગુમાવીએ આ અંતર્મુખતાવાળાનો સિદ્ધાંત જેનાંથી જીંદગી ભરનું ભંડોળ ભેગુ થાય.

મેઘકુમારનો જીવ પૂર્વભવમાં હાથી હતો. એક સસલાને ખાતર અઢી દિવસ પગ ઊંચો રાખી સહન કર્યું. ભગવાને મેઘકુમારને અવસર આવ્યો ત્યારે કહ્યું. સસલા ખાતર અઢી દિવસ પગ ઊંચો રાખ્યો તો સાધુનાં પગની રજથી શું કામ ગભરાય છે ? સાધુ તો પૂજ્ય છે. તેમનાં પ્રત્યે તો ભક્તિ જોઈએ. જીવન દયા ખાતર તેં ખમ્યું તો કુદરતેં તને શું ઈનામ આપ્યું ? એક તુચ્છ જીવની દયા ખાતર તેં ખમ્યું તો કુદરતે તને શું ઈનામ આપ્યું ? એક તુચ્છ જીવની દયા ખાતર તે ખમ્યું તો एवं खलु भो मेहा । ताए पाणानुकम्पाए परित्तीतओ ते संसारो ખરેખર હે મેઘ ! એ જીવની દયાથી તે તારા સંસારને મર્યાદિત કરી નાંખ્યો. ૩ ભવમાં–ઈન, મીન ને તીન ભવમાં સીમિત કરી નાંખ્યો ઈન = આ મેઘ કુમારનો ભવ, મીન = દેવલોકનો ભવ અને તીન = મહાવિદેહનો ભવ. તને શું નુકશાન થયું ? થાય તેવાં થઈએ તો ગામ

વચ્ચે રહીએ એ ભ્રમણા છે તો સાચુ જ્ઞાન શું ? જેટલું સહન કરીએ તેટલું કમાયા. સામનો કર્યો તો ગુમાવ્યું.

(૫) વળી ભ્રમણા શું ? સારું ખાવાનું આવ્યું – વધારે ખાધું. માંહી પડ્યું તે મહાસુખ માણે ! આ મહાસુખ નહિ પણ મહાદુ:ખ થાય, આ બાહ્યભાવ છે અંતર્મુખ હોય તો વિચારે આ મહાસુખ નહીં મહાતોફાન છે સારું સારું ખાવાથી વિકારો વધશે. એટલે હવસ વધારશે તો માર્યો જઈશ ! બહિર્મુખમાં ફેંકાઈ જઈશ. આપણું શું ? આપણું પુન્ય વધે, આપણું સત્ત્વ વધે, છોડવામાં સત્ત્વ વધે છે. ભોગવવામાં સત્ત્વ હણાય છે આ અંતરાત્મભાવનો હિસાબ છે.

(૬) એમ એક ભ્રમણા છે. વસુ વિનાનો નર પશુ. પૈસા છે તો ભાવ પૂછે નહિતર ઘરવાળી પણ પશુ જેવો ગણે. આ ભ્રમણા. કેમ ? જ્ઞાનીનો હિસાબ છે જેમ અલ્પ ઉપધિ ને અલ્પ પરિગ્રહ એ ભગવાનને વધુ પ્યારો, એ શાંતિથી ભગવાનને ભજી શકે. ઉપાધિ જેમ વધે તેમ ભગવાન ઓછા ભજાય. એટલે જેટલી ઉપધિ, ઉપાધિ અને પરિગ્રહ ઓછા એટલી માનવતા – ઊંચા વિચાર આદિ વધે. અંગ્રેજીમાં કહેવત છે, Plain = Simple living & High thinking. સાદુ જીવન એ ઊંચી કોટીની વિચારસરણી ઊભી કરે છે. આ સિદ્ધાંત બાંધી રાખીને અવસરોચિત ઘણાં સુકૃત ગુમાવે એટવે વસુ વિના નર પશુ એમ નહીં. પણ સુકૃત વિનાનો નર પશુ. સુકૃત ગુમાવીશ તો સુકૃતનો સંચય નહિ થાય એનાંથી આગળ સુકૃત કરતાં પણ તારા મન ઉપર પૈસાની કિંમત વધુ જશે.

(૭) બીજું પૈસા તે ધર્મમાં ખર્ચ્યા તે ખોવાઈ ગયા માને છે. ઓચ્છવમાં વધારે પૈસા ખર્ચાઈ ગયા એમ માને છે વાસ્તવમાં સુકૃત વધારે કર્યું તો વધારે મૂડી ભેગી થઈ. અંધેરીમાં ૨૦૦૪માં હતા તે વખતે પાકિસ્તાની થઈ. પંજાબથી એક કુટુંબનાં ૫-૬ પંજાબીઓ આવેલા. રડતા હતા. કેમ શું થયું ? સાહેબ પૈસા તો ઘણા હતા.

એટલે થયું શરાફમાં પૈસા મૂકીએ તો વ્યાજ ધાર્યું ન આવે એટલે પૈસા હતા એની બિલ્ડીંગો બંધાવી. પૈસા બધા એસ્ટેટમાં રોક્યા, વાંધો ન આવે. પણ પૂણ્યનાં અધૂરા. આ પાકિસ્તાની સર્જાઈ તો બધુ મૂકીને ભાગી આવવું પડ્યું, જીવ સાથે નાસી આવ્યા. એસ્ટેટમાં સારા સારી હોય એમ માનતા, આમાં બધી મૂડી રોકવી સારી છે આ ભ્રમણા છે. પૈસા ઓછા નથી થયા પણ પૂણ્યની મૂડી વધી. કેમકે અંત કાળે આશ્વાસન કોણ આપે ? ૧૦ લાખની મૂડી આશ્વાસન આપે કે ૧૦ લાખનું સુકૃત કરેલું હોય તે ? આનો વિચાર કરવાનો છે. કેમ ખુશમાં ? સાધવાનું સાધી લીધું છે, તપશ્ચર્યા આદિ કરી છે, આ બધુ બતાવે છે કે, પૈસા ધર્મમાં ખર્ચ્યા એ સુકૃતની મૂડી કરી લીધી, સુકૃતને ખર્ચા ન ગણું – પરભવ માટે સોલીડ એસ્ટેટ સુકૃત છે, ભવાંતર સદ્ધર કરશે. પછી આવા સુકૃતમાં પૈસા જાય તો વધારે સુખ થાય.

**(૮) પહેલો મારે તે કદી ન હારે. આ પણ ભ્રમણા છે.** પહેલા જરા ભલાભાઈની રીતે વાત કરવા બેસે તો સામો ચડી જાય પણ પહેલેથી જ મોટા અવાજ, ગુસ્સાથી કહીએ તો પેલો દબાઈ જાય એટલે જ્યાં જાય ત્યાં આજ સૂત્ર લગાડે; પછી ઉપકારી માતા–પિતા ભાઈ ગુરૂ જે કોઈ હોય તેની સામે લગાડે. જીંદગી ભર કષાયનાં પોષણનાં સિદ્ધાંતો જ આવે અને પછી પરભવમાં શું લઈ જાય ? કષાયના સંસ્કાર.

**ચંડકોશિયા જેવું થાય ?** બધાને પાડ્યા, માણસો, પશુપંખી, ઝાડ બધાને પાડ્યા. હવે કોઈ નથી, અંદર ધુંધવાય છે. આ તો ભગવાને બચાવ્યો, નહિતર અનંતા જન્મોનાં કષાયનાં આંધણ લઈને જાત. પહેલો મારે કદી ન હારે, એ વાત ઉપર જૈન શાસન શું કહે છે કે, પહેલેથી જે કષાયને મારે, કષાયનો નિગ્રહ કરે તો જીવન જીતી ગયા. પહેલેથી જ કષાયની શરૂઆત કરી તો જીવન હારી ગયા. આંતર ચોરો એવા છે સહેજ પગ ઠામ આપો તો પછી અંદર ચડીને

પગ પહોળા કરે. એક એક ભ્રમણાને આતમ અર્પણ વસ્તુથી વિચારી કાઢી નાખો તો જીવન ઉજ્વલ બને.

**(૯) એક આપણા ભ્રમણા છે, જીવ્યા કરતાં જોયું ભલું, એમાં** શું ખોટું છે ? આ ભ્રમણા એટલા માટે છે કે 'જગતનું જે જુએ તે રૂવે', ને જોવાથી મગજમાં ઉથલપાથલ થશે. જગતનું જોવા ગયો એ કેમ રડે છે ? સામસામી વાત આવશે એટલે સામા પર ગુસ્સો થશે. મનમાં વ્યથાપણ થશે શાંતિથી બેઠો હતો ને જોવા ગયો એટલે મગજમાં ઉથલ પાથલ થઈ માટે તો ન બોલવામાં નવ ગુણ, તેમ ન જોવામાં નવસો ગુણ છે. જગતનું જોવાનું માંડી વાળે તો તે અંતરાત્મભાવમાં વધારે રમે. દા.ત. મંદીરમાં જાય ત્યારે વિચારે કે મારા ભગવાન કેવાં ? વીતરાગ કેવી રીતે થયા ? જગત ઉપર એમણે કેટલો ઉપકાર કર્યો ? તેમણે કેવી કેવી સાધના કરી. દર્શન કરવા જાય તો આ જુએ, ત્યાં આડા અવળા ફોફા ન ખાંડે. જગતનું જોવા જવામાં નવસો અવગુણ છે ; માટે મનને સમજાવી દેવું કે હવે તો તું તૃપ્ત થા ! હવે હું જગતનું જોઈ જોઈને થાકી ગયો છુ. જગતનું જોવા જવામાં મારે ખોટું  કુટાવવું પડે છે. **પ્રસન્નચંદ્ર રાજર્ષિ** – પરદેશી દૂતનું વચન સાંભળ્યું તો સાતમી નરકનાં પાપ બાંધ્યા પણ તેમાંથી મન પાછુ વાળ્યું તો આંતરભાવનું જોમ વધી ગયું. મારે શું રાજ ? મારે શું દિવાન ને છોકરો ? હું તો ભગવાનનો શિષ્ય છું. આ વિચાર આવતાં પહેલાં સાધનામાં જોમ હતું તે વધી ગયુ પરિણામ સારું આવ્યુ. પણ 'જીવ્યા કરતાં જોયું ભલું' આ સૂત્રનું ખંડન કરી નાંખ્યું.

**આતમ અર્પણ વસ્તુ વિચારતા, ભરમ ટળે મતિદોષ...**

પરમાત્મામાં આપણા આત્માનું અર્પણ કરતા મતિનાં દોષ ટળે છે.

ભગવાન તમને સમર્પિત છું ને આખો દિવસ બહિર્ભાવમાં રાચ્યો માચ્યો રહે એ ઢોંગ ધતૂરો છે અંતરાત્મભાવમાં જાય એટલે લૌકિક માન્યતાઓ છે તેને છોડે, જાતિનાં દોષ ટળે એટલે શું થાય ?

ભ્રમણા ટાળવા માટે સામે આલંબન રાખવું જોઈએ. વળી ભ્રમણા શું છે ?

(૧૦) शरीरमाद्ये खलु धर्मसाधनम् = ખરેખર શરીર એ ધર્મનું મુખ્ય સાધન છે. એટલે શરીરને સાચવીને કામ કરવું. આ ભ્રમણા એની સામે શરીર કામ માટે, આરાધના માટે મળ્યું છે બેસી રહેવા માટે નહીં.

(૧૧) मुखमस्ति इति वक्तव्यम् - બોલે એનાં બોર વેંચાય આ ભ્રમણા છે. બોલે એ બોળે. ઘણું બોલવામાં અતિશયોક્તિ જુઠાણું આવે. સ્વાભિમાન આવે, બીજાની નિંદા આવે, એટલે 'બોલ્યો એણે બોળ્યું' એટલે પોતાનું પુન્ય પાણીમાં નાંખે છે. શાસ્ત્ર કહે છે કે, બીજાની નિંદા - જુઠાણું - સ્વોત્કર્ષ, સ્વાભિમાન કરે તે પોતાનાં પુન્ય કર્મની સ્થિતિનો હ્રાસ કરે છે. એટલે બહુ બોલવામાં બોળવાનું થાય છે. કવિ ઋષભદાસજી એ પણ કહ્યું, 'મુખ બોલ્યો મીઠી વાણી, ધન કીધું ધૂળ ધાણી. જીતી બાજી ગયો હારી' બીજાને સારું લગાડવા એને ગમતું બોલ્યો એટલે ! દુનિયાને શું ગમતું છે ? બીજાની કાપણી કરે એ. એ ગમે તેવાં ધર્માત્માનું કાપો તે બીજાને ગમે છે. સાંભળવું ગમે છે એટલે આ બધી મીઠીવાણી. એટલે શું કર્યું ? પોતાનું જે પુન્યધન લઈને તેમજ સુંદર વચન શક્તિ લઈને આવેલો તે બધી ધૂળધાણી કરે. 'જે વચન શક્તિથી મહાપુરૂષોનાં ઉમદા ગુણગાન કરી શકાય, પ્રભાવક સ્તોત્રો ગણી શકાય એનાંથી લખલૂટ પુણ્ય વધે, એ વચનશક્તિ બીજાને મીઠું લગાડવામાં ગટરમાં ફેંકી રહ્યો છે.' આ રીતે પુણ્યશક્તિ - પુન્યધન બેઉને વેડફી રહ્યો છે. સરવાળો શું આવ્યો ? જીતી બાજી ગયો હારી, જે બાજી જીતમાં હતી તે હારી ગયો. એકેન્દ્રિયપણામાં કર્મનાં માર સહન કર્યા, બાજી જીત્યો ત્યાંથી વિકલેન્દ્રિયપણામાં આવ્યો, વળી આંડુ અવળું કરવા ગયો તો બાજી હારી ગયો. પાછો એકેન્દ્રિયમાં ગયો, વળી બાજી જીત્યો આગળ વધ્યો. જેમ જુગારી દાવમાં હાર જીત કર્યા કરે એમ કરતાં કરોડો

કમાય એટલે ઊભો થવા જાય ત્યારે બીજા જુગારી કહે એય, એમ ન જવાય. આ કરોડની સામે બે કરોડ રમે. તે વખતે પાસા કેવાં નાંખે ? મોટી જીતેલી બાજી હારી ન જવા માટે. બાજી ખેલવામાં કેવો સાવધાન હોય ? એમ આપણે છેક નિગોદમાં હતા ત્યારે મીંડામાં હતા. ત્યાંથી બાજી જીતી આગળ વધ્યા. ત્યાંથી હાર જીત કરતાં કરતાં આર્ય દેશ, જૈનકુલ – માનવ અવતારમાં આવ્યા. કરોડોની બાજી હાથમાં આવી. હવે જીતતા જો ન આવડે તો બાજી હારીને ક્યાં જાય ? છેક એકેન્દ્રિયમાં પણ ઘુસાડીદે.

**સમરાદિત્યનાં ચરિત્ર**માં આવે છે. બે ભાઈ, એક ભાઈ સંપત્તિની મૂર્છામાં મરીને એક પર્વત ઉપર નાળીયેરી તરીકે થયો, અને એના ઉપરથી લટકતા પાંખડામાંથી એક પાંખડુ છેક પર્વતની તળેટીમાં ઊંડા ગયાં. ભગવાનને વંદન કરવા જતાં બીજા ભાઈનાં જીવે આ જોયું ને ભગવાનને પૂછ્યું. પ્રભુ આમ કેમ ? ત્યાં શું છે ? ભગવાને કહ્યું, ત્યાં ૭ લાખ સોનૈયા દાટ્યા છે, પ્રભુ કોણે ? ત્યારે ભગવાને કહ્યું, એક અવસરે તું અને આ નાળિયેરીનો જીવ બંને ભાઈ હતા. આ નાળિયેરીનાં જીવ ભાઈએ દગો કરી તને કુવામાં ફેંકી દીધો. આ સાંભળી બીજો ભાઈ ચોંકી ગયો, જીતી બાજી ગયો હારી, સંસારમાં એવા પાપો ઊભા કર્યા કે જીતી બાજી હારી ગયા.

**(૧૨) ‘બોલે એનાં બોર વેંચાય’** – આ પણ ભ્રમણા. લોકોને બોલાવે, તો સારા લાગે પણ એની સમાજમાં કિંમત શી ? બહું બોલે તે તણખલાને તોલે. જે ઓછું બોલે, ગંભીરતા રાખે તેની સમાજમાં કિંમત હોય છે. બહુ બોલે આત્મઘરમાંથી બહાર ગયો. બોલવાનું દુનિયાની ચીજ વસ્તુ પર, કાંઈ ધર્મ કે આત્માનું નહીં બોલે ! એ બોલે એટલે અંદરથી બહારમાં ગયો. આત્મ ઘરમાંથી બાહ્યમાં ગયો. આવી ઊંચી જીંદગી બહારમાં ભટકવામાં કાઢવાની એ તો અનાર્યો ને મ્લેચ્છો પણ કરે છે, એટલે અંદરમાં ઠર ને

બહારમાં જવાનું બંધ કર. અંદરમાં ઠરવું હોય તો બહારનું બોલ બોલ કરવાનું બંધ કરવું પડે. બોલે એના બોર વેંચાય – આની સામે એક મૌન અને બીજું સૂત્ર – સ્તોત્ર બોલવાનું એનો પાઠ કરવાનો. એ ઉપરાંત

**(૧૩) ગુરૂ શા માટે કરવાનાં ?** બહિરાત્મભાવવાળો એમ વિચારે કે જે આપણને સાચવે, સંભાળ રાખે, બહું શાંત સ્વભાવી હોય, તેને ગુરૂ કરવા. આ બધી ભ્રમણા છે. આનાંથી ગુરૂ પાસે જે લેવાનું છે, કમાવાનું છે, એ બધું ચુકી જાય. જૈન શાસન ગુરૂ શાને કરવાનાં ? એના માટે કહે છે કે ગુરૂની સેવા માટે ગુરૂ કરવાનાં. અત્યાર સુધી ઘણાં લેભાગુની સેવા કરી, કોઈએ કશું પરખાવ્યું નહીં, હવે આ ત્યાગી સંયમી ગુરૂને સેવી લઉં તો ન્યાલ થઇ જાઉં.

**કાલિકાસૂરિ મહારાજ**

વિનયરત્નને દીક્ષા આપી. હરામખોર હતો, પણ કાલિક સૂરિ મહારાજ અંજાઈ ગયા, ઓળખી શક્યા નહીં. રાતના બે વાગે આંખ ઉઘડે એટલે પેલો હાથ જોડીને ઊભો હોય, કેમ ઉંઘવું નથી ? ત્યારે આ વિનયરત્ન કહે, પ્રભુ ! નિગોદમાં ઘણું ઉંઘ્યો, આપની સેવા ક્યાંથી ? ગુરૂ કરવાનાં સેવવા માટે, આ અંતરાત્મ ભાવનો વિચાર છે. જ્યાં મળે ત્યાં ગુરૂની સેવા ગોતતો ફરે, ગુરૂ ગરમ હોય ત્યારે આપણે શાંત રહીએ તો ગુરૂને શાતા રહે, ગરમની સામે ગરમ થઈએ તો ગુરૂને અશાતા વધે. સેવા માટે તન તોડી નાંખવાનું અને મન મોડી નાંખવાનું. એટલે મનનાં બધા હિસાબ – કિતાબ હેઠા મૂકી દેવાનાં. મારું કોઈ માન – ઇચ્છા–માન્યતા નથી. જે બધું ગુરૂનું છે એ બધું મારું છે. ભ્રમણા ટળે તો આ ભાવ આવે.

શ્રાવક પોતાના ગામમાં લઈ જવા કહે, સાહેબ પધારો, અને તમે પૂછો કેટલું થાય ? તો કહે સાહેબ પાંચથી સાડાપાંચ માઈલ, અને જો ૮ માઇલ નીકળે તો શું થાય ? શ્રાવકે ઠગ્યા, અને ઠગ્યા

નહીં પણ વધુ નિર્જરાનો લાભ આપ્યો, ઉપકારી માનવો જોઈએ. આ અંતર્મુખતા હોય તો સીધા હિસાબ માંડે અને બહિર્મુખ હોય તો ઊંધા વિચાર માંડે અને કંઈ પાપ બાંધે. શ્રાવકની પણ આશાતના ટાળવા કહ્યું છે એનો પણ મિચ્છામિ દુક્કડમ્ માંગવાનો છે.

**(૧૪)ભગવાન ભાવનાનાં ભૂખ્યા છે** આ ભ્રમણા છે. કાયા હલાવવાની નહિ, પૈસા જોખવાનાં નહીં, કષ્ટ કરવાનું નહીં, માત્ર ભાવ ચોકખા રાખીએ એ ભ્રમણા છે. ભગવાન ભાવનાનાં ભૂખ્યા એ વાત લૌકિકમાં સાચી. પણ દ્રવ્યનાં ભૂખ્યા છે કેમકે દ્રવ્યમાંથી ભાવ વધવાનો – કરવાનો છે; રસપુરી ઉઠાવતો જાય ને આ તો પુદ્ગલ છે, પુદ્ગલ – પુદ્ગલને ખાય, આપણે અંતરથી ન્યારા, એ કાંઈ આપણું બગાડે સારું કરે એ આપણે માનતા નથી. માત્ર ભાવ ચોકખો રાખો, આ ભ્રમણા છે. બહિર્ભાવમાંથી અંતરાત્મભાવમાં આવવા ખૂબ પ્રયત્ન હોય તો આ ભ્રમણાઓ ટળે.

**(૧૫) વળી આ પણ એક ભ્રમણા છે કે અભિમાન કરવું હોય** ત્યારે માણસ બોલે કે મને ૪૦–૫૦ વર્ષ થયા છે. તારામાં કેટલી અક્કલ છે એ મને ખબર છે. ભ્રમણ શું થઈ, ૫૦ વર્ષ થયા એ કહ્યાં પણ હાય. મારા ૫૦ વર્ષ એમને એમ ગયા. ગુજરાતીમાં કહે છે તારા કરતાં ઘણી દીવાળી જોઈ છે. જ્યારે અંગ્રેજીમાં કહે છે. I have seen more summers then you આમ એક માણસે કહ્યું, ત્યારે વકીલ હતો તેણે સામો જવાબ આપ્યો That is why your telents are burnt. તેથી જ તમારી બુધ્ધિ સેકાઈ ગઈ છે. આ પણ ભ્રમણા.

**(૧૬) મરીને ધર્મ ન થાય,** – આ પણ એક ભ્રમણા. ઉપવાસ એટલે છતે ભોજને મરવાનું ? મરીને ધર્મ ન થાય. એક ઉપવાસમાં મરવાનું લાગે છે. આ ભ્રમણા છે એટલા માટે કે, ધર્મ માત્ર કષ્ટ ઉપાડીને થાય, કષ્ટ ઉપાડીને કરે તો મજા આવે છે. મરીને ધર્મના થાય તો પછી મરીને દુનિયાનાં ઘણાં કામો કેમ થાય છે ? વૈતરું કેમ કરવું પડે છે ?

**(૧૭) આપણાથી ખોટું સહન ન થાય.** આ પણ ભ્રમણા. ખરેખર જોઈએ તો ઘણું કર્મનું ખોટું સહન કરે છે. કર્મે મનુષ્ય જન્મ સુધી લાવીને મૂક્યા. હવે એજ કર્મ જોઈએ એવાં પૈસા નથી આપતું, ખાવા પણ પૂરતું નથી આપણું. કંઈક લપ આવીને પડે છે, એને નથી કહેતો કે, આપણાંથી ખોટું સહન ન થાય; પણ કોઈએ કાંઈ કહ્યું હોય તો કહે ભાઈ આપણાથી ખોટું સહન ન થાય એમાં શું તને ઘા માર્યો. વાસ્તવમાં સહન કરવા માટે જ જનમ છે. જેટલું સહન કરીએ એટલાં કર્મ ખપે. સામનો કરીએ એટલાં કર્મ વધે, સહન કરનાર ફાવી ગયા, સામનો કરનાર હારી ગયા. અહીં માત્ર પુણ્યાઈ વટાઈ ખાવાની. પુણ્ય ભોગવે છે ને સરવાળો પાપમાં છે, આ ભ્રમણા ટાળો, સહન કરીએ એટલું જીતીએ, સામનો કરીએ એટલું હારીએ, આ યાદ રાખો.

**(૧૮) ઘર કુટુંબ સરંજામ મારો.** આ ભ્રમણા છે. તારા બાપ–દાદા–દાદાનાં દાદા વગેરે કેટલીએ પેઢી ચાલી ગઈ પણ બધાં મારું મારું કરીને, મૂકીને ગયા. એટલે આ વાક્ય અધૂરું છે. **ઘર કુટુંબ સરંજામ મારો પરલોક બગાડનાર છે**, આમ વાક્ય પૂરું કરો; આ યાદ આવે તો બધો મોહ ઓછો થાય. મારા તો દેવ – ગુરુ – ધર્મ – ઉપાશ્રય – ત્યાગ – તપ બાકી બીજા બધા તો પરલોક બગાડનાર છે.

બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં જીવ આવે તો ભ્રમ છે તે ટળી જાય. ટળી જાય એટલે શું થાય ? અસત્ માન્યતાઓ જે ચાલતી હતી તેની સામે સત્ માન્યતાઓ નિશ્ચિત થાય. જેમ કે,

**(૧૯) ધર્મિને ઘેર ધાડ,** આ પણ ભ્રમણા – આ માન્યતા થઈ તો તરત જ એમ થાય કે આ ધર્મિને ત્યાં ધાડ આવી. વાસ્તવમાં ધર્મીને ત્યાં ધાડ નથી આવી. સંઘ કાઢ્યો. દેવાળું નીકળ્યું. આથી માન્યતા થાય છે. વાસ્તવમાં અબજ રૂપિયાનું દેવું ૧૦ હજારમાં પતતું હોય તો પતાવે કે નહીં ? ૧૦ હજાર આપતા અબજ રૂપિયાનું દેવું પતી જતું હોય તો એને ધાડ આવી કહેવાય ? ના. એમ ધર્માત્મા સમજે છે કે અહીં જે

આફત આવી છે તે તો થોડામાં નિકાલ થઈ જાય છે માટે મનમાં ફીકર ન હોય, સંકલેશ ન હોય. એટલે ધર્મીને ઘેર ધાડ નહીં પણ દીવાળી છે, મોટી આપદામાંથી ટૂંકમાં બચે, શૂળીની સજા સોયથી પતે.

ધર્મિને ઘેર ધાડ – આ એક ભ્રમણા. આનો અર્થ એ કરે છે કે, ધર્મ નહીં કરનાર બધા સુખી છે અને કરનારને કેટલું દુઃખ છે ! અધર્મીને ઘેર ધાડનો પાર નથી. પરદેશમાં યાદવાસ્થળી ચાલે છે. ધર્મીને ઘેર ધાડ નથી. ધાડ છે એ તો પૂર્વનો અધર્મ છે પણ ધર્મ કરે છે એને આશ્વાસન આપે છે. ધર્મી હશે તો આશ્વાસન લઈ શકશે.

## સાઇકોલોજીસ્ટ ડૉક્ટર

ફોરેનમાં એક **સાઇકોલોજીસ્ટ** ડૉક્ટર થઈ ગયો. એણે **Return to Religion** નામનાં પુસ્તકમાં લખ્યું છે કે, હું ૨૫ વર્ષ પછી ધર્મમાં પાછો કેમ ફર્યો ? જ્યાં સુધી મારા બાપા જીવતા હતા ત્યાં સુધી રોજ ચર્ચમાં જતો, પણ છેલ્લા ૨૫ વર્ષથી મેં ચર્ચમાં જવાનું બંધ કર્યું. કેમ આમ ? આ શું એક સરખી ટ્યુનમાં બોલવાનું **Oh Lord !** એક જણ બોલે ને બધા સાંભળે. આના કરતાં ઓરકેસ્ટ્રામાં જવું સારું. આમ લગભગ ૪૫ વર્ષની મારી ઉંમર થઈ. પછી પાછો હું ચર્ચમાં જતો થયો. માંદો પડ્યો – આરામ કરતાં કોઈનાં ઘરે બેસું. ચર્ચમાં જતો હું કેમ થયો ? પૈસા ખૂટી ગયા માટે નથી જતો. કેમ કે મારી પાસે પૈસા તો ઘણા છે ઘરમાં ક્લેશ કંકાશ ? ના, પત્ની પણ સારી છે **I, my wife three children are very happy** ઘરડા થયા એટલે ? ના, હજી તો હું યુવાન છું બધી વાતે સુખી છતાં હું કેમ પાછો ફર્યો ?

હું સાઇકોલોજીસ્ટ ડૉક્ટર છું. સાઇકોલોજીનાં આજસુધી મેં લગભગ ૪ હજાર કેસ તપાસ્યા. બધામાં સફળતા મળી. કરોડપતિને

પણ માનસિક વ્યથા હોય. આ બધાને ટ્રીટમેન્ટ આપીને સુખી કર્યા. એક વાર એક બાઈ આવી. અને કહે, જુઓને ડૉક્ટર, હું મારા ધણીની કેવી સેવા કરું છું. સવારથી સાંજ સુધી બધું એનું કામ કરું; પણ હું એમને ગમતી નથી. બીજી બાઈઓ સાથે વાતો હસી ખીલીને કરે છે મારી સાથે હસીને વાત પણ કરતાં નથી. મેં એનો આખો કેસ સાંભળ્યો. બધી જાતની એની સાથે વાતચીત કરી, એને પૂછ્યું, તમે ક્યારે જાગો છે ? ક્યારે સૂઈ જાઓ છો ? શું કરો છો ? મે દર્દ જોઈ લીધું. એટલે પૂછ્યું, કોક અવસરે ભૂલ થાય તો તમે એને કાંઈ કહો છો ? ત્યારે બાઈએ કહ્યું, ક્યારેક આ પ્રમાણે બોલી જાઉં છું કે, 'આ તો હું છું તમને નભાવું છું. બીજી કોક હોત તો ખબર પડત !' બસ નાડ પરખાઈ ગઈ. આ એક જ વાત ઉપર આ બાઈ પાણી ફેરવી નાંખે છે. એટલે મેં એને કહ્યું, હવે તમારે હું કહું એમ બોલવાનું. એમની ભૂલ હોય તો કાંઈ બોલવાનું નહીં અને જો તમારી કો'ક ભૂલ થાય ને ચડી બેસે તો તારે કહેવાનું કે 'આ તો તમે છો તો મને નભાવો છો બીજું કો'ક હોત તો ડાયવોર્સ આપત કે કાઢી મુકત.' અને આ બાઈ આ પ્રમાણે કરવા લાગી. એક મહિના પછી આવીને કહે, ડૉક્ટર સાહેબ, કોન્ગ્રેચ્યુલેશન કરવા આવી છું. હવે તો હું મારા ધણીને એટલી ગમું છું કે એ મને છોડીને બીજે ક્યાંય જતાં નથી. માત્ર ઑફિસે જવું પડે એટલે જાય. આ એક જ સૂત્રે ચમત્કાર સર્જયો. આવા તો કંઈક કેસ મેં સુધાર્યા. એટલે મને મારી બુદ્ધિ પર અભિમાન હતું. એક દિવસ ઑફિસમાં બેઠો હતો, કોઈ કામ નહોતું. અને કોઈએ ધર્મગ્રંથનું પુસ્તક મારા ટેબલ ઉપર લાવીને મૂક્યું હતું. આમ તો મને કોઈ રસ નહોતો, છતાં પણ સમય પસાર કરવા ધર્મગ્રંથનાં પાના હું ઉથલાવા લાગ્યો અને મારી આંખ પહોળી થઈ ગઈ. મને અભિમાન હતું કે મારા જેટલી બુદ્ધિ કોઈનામાં નહીં હોય, એક એકનાં પ્રોબ્લેમ સોલ કરીનાંખતો આ મારું અભિમાન હતું.

અમદાવાદ–માકુભાઈ શેઠ મિલ માલિક હતા. એમના માટે કહેવાતું કે, મિલમાં જાય ને છત્રી ભાંગીને ન આવે તો આશ્ચર્ય. કારખાનામાં તપાસ કરવા નીકળે, કોઈને બેઠો જુએ ને ગુસ્સે થાય અને છત્રી ઠોકે. એટલે એમના માટે કહેવાતું કે રોજ એકાદ છત્રી તોડીને તો આવે. આ એક સાઇકિક દર્દ છે. આનાથી ઊલટું જ દેખાય. કદાચને કોઈ સાઇકોલોજી મળ્યો નહીં હોય, મળ્યો હોત તો કારીગરોને એમ કહેત કે તમે સારું કામ કર્યું – બહું ઝડપથી કામ કરો છો તમારી ગ્રેડ વધારવામાં આવશે.

આ સાઇકોલોજીસ્ટ ડૉક્ટરે ચોપડીમાં વાંચ્યું. ધર્મગ્રંથની કર્ણિકાઓ જોઈ થયું કે હું જે સલાહ આપું છું તે બધી સલાહ આમાં જ ભરી છે. જ્યાં જોઉં ત્યાં આજ બધી સલાહ. આગળ પાછળ પાના બધા ઉથલાવ્યા, અને આ વાત તો બે હજાર વર્ષ પૂર્વે લખાઈ છે. આ મેં અભિમાન કર્યું. દુનિયાને આ ધર્મની જરૂર છે અને મેં એની જ ઉપેક્ષા કરી ? ધર્મ નહીં કરનાર એટલે ચર્ચમાં નહીં જનારા ધર્મને નહીં માનનારા મારી પાસે સલાહ લેવા ઘણા આવતા, કેમ કે ધર્મ કરનાર સમજૂતી કરી લેતા. ધર્મ કહે એ પ્રમાણે કોમપ્રોમાઇઝ કરી લેતા, સમાધાન કરી લેતા. બજારમાં જાય, કેટલી હાડમારી એટલે સ્વભાવ જરાં ચડીને બોલવાનો છે, એ તો જરાં કમિશન છે. ધર્મ કરનારની સમાધાન વૃત્તિ હોય છે અને ધર્મ નહીં કરનારનો ચિડાઉ સ્વભાવ હોય છે. આમ જ્યારે મેં જાણ્યું ત્યારથી મારું બધું અભિમાન ઉતરી ગયું ને હું ફરી પાછો ચર્ચમાં જવા લાગ્યો. એટલે જ આ ભ્રમણા છે કે, ધર્મીને ઘેર ધાડ. ધાડ નહીં પણ આશ્વાસન, સમાધાન વૃત્તિ છે, ધાડ તો અધર્મીને ત્યાં આવે છે. આશ્વાસન – સમાધાન વૃત્તિ નથી, એવાને ધાડ રૂપ છે. ધર્મીને જગતની વચમાં રહેવાનું છે એને પણ એ જ સંયોગ છે, આટલી મોંઘવારી અસરકાર શું કરે ! સમાધાનવૃત્તિ ધર્મી પાસે છે માટે ચિત્ત સ્વસ્થ છે. નોકરી ચાલી ગઈ, કાંઈ નહીં, હોય એ તો, સમાધાન કરી લે. કસોટીનો અવસર આવ્યો

છે ભગવાન તમારી દયા છે – તમે મને બધું સરખું આપતા હતા એટલે હું નિઃસત્ત્વ બની ગયેલો. જ્યારે જે જોઈએ તે મળે છે એટલે હવે મારે સત્ત્વ કેળવવાનો અવસર આવ્યો છે. ભગવાન તમારી દયા છે. પુણ્યાઈ હોય એટલે બધું મળે, જીંદગી જાય પણ સત્ત્વ કેળવવાનો અવસર ન આવે, ને હાડમારીમાં જે જીવન ગાળે છે તે સત્ત્વશાળી છે કેમ કે એમાં સત્ત્વ કેળવાય છે, મસ્ત રહે છે. આ સમાધાન વૃત્તિ આવે છે.

ક્યાં ક્યાં આપણને બહિરાત્મભાવ નડે છે તે આ બધી ભ્રમણાથી! છતો થાય છે.

(૨૦) આ પણ એક ભ્રમણા છે. ખપ એનો શોષ નહીં – જેનો વારંવાર ખપ પડતો હોયએની અફસોસી શી કરવાની ! આ ભ્રમણા છે. સંસારી માણસને પૈસા સગાસ્નેહીઓનો ખપ પડે છે એમાં એ કહે પૈસા ખોટા છે, સંબંધી માયાજાળ છે, એવી અફસોસી ખોટી છે. ખપ રોજ પડે તો શોક રોજ કરે. બીમાર માણસ હોય રોજ દવા લેવી પડે, કપાળે હાથ મૂકે કે ક્યાં સંસાર લાગ્યો છે ! પૈસા એ પાપ છે, વેપાર ધંધો એ પાપ છે, માયા – મહોબત એ પાપ છે, રોજ અફસોસી હોય એટલે લાભ શું થાય ? એટલે શું રોજ બળ્યા કરવાનું ? ના, એનાં ઉપર વૈરાગ્યભાવ કેળવવાનો. ને બહું સાચવવાનું.જેમ ઉસ્તાદ મદારી ઝેરવાળા સાપને પણ રમાડે. અમદાવાદમાં મિલમાં ૧૬ વર્ષનો ભૈયો – ગમેતેવાં સાપ ને સામેથી પકડીને ખીસામાં મૂકી દે. મોઢું એવી રીતે પકડે કે તેનું મોં દબાઈ જાય, ને પકડતાં પૂર્વે જ સાવધાન રહે. ગમે તેમ પકડે તો ડંખ મારી દે. એ પ્રમાણે બધી સંસારની હેય ચીજો સાથે વર્તાવ સમજ વગર કરે, તો તો બળી બળીને હૈયું ખાખ થઈ જાય ? જેટલાં પ્રમાણમાં સાંસારિક પદાર્થો ઉપર વૈરાગ્ય વધારે તેટલી દેવ – ગુરુ – ધર્મ ઉપર મમતા વધારે થાય. પૈસા એ તો વચગાળાની વસ્તુ છે. સુલસાએ કહી દીધું, કે બીજા – દેવ – દેવલાઓની માનતા શા માટે કરું ? મારે તો અરિહંત જ આપનારા

છે સારું થશે તો આનાંથી જ થશે, જિનભક્તે જે નવિ થયું – અન્યથી તે નવ થાય.

લોકો કહે છે (૨૧) **દામ કરે કામ.** આ પણ ભ્રમણા છે, પાસે પૈસો હોય તો કામ થાય, ન હોય તો શેખચલ્લીનાં વિચાર જેવું થાય. દામ કરે કામ નહીં પણ દામ કરે કુકામ. પૈસાથી સારા કામ કેટલાં કરે ને પાપનાં કામ કેટલાં કરે ? ઘરે મોટર રાખે તો દેરાસરે જવામાં કેટલો ઉપયોગ ને બાકીનાં સમયે શું ઉપયોગ ? એટલે દામ કરે કામ ખોટું છે. દામ સત્કાર્ય કરશે એનાં કરતાં પાપનાં કામ વધારે કરશે માટે ઇતરનાં ઋષિઓએ પણ દામની કિંમત કાઢી નાંખી છે. કહે છે ને કે મિયાંભાઈ મસાલા પર કૂદે.

દામ કરે કામ આમ કહીને શું કરે છે ? પૈસાને મહત્ત્વ આપે છે આ લોકો આપણને કેમ માને છે ? લોકોને પૈસા આપીએ છીએ માટે. એક ગામમાં દરેક કાર્યમાં મારવાડીએ પૈસા આપવા માંડ્યા, લોકોને શું ખબર પડે કે મારી પાસે પૈસા છે ! તેને કામનાં મહત્ત્વ કરતાં દામનું મહત્ત્વ વધારે છે. પણ હવે ખરું આ બોલો – શ્રદ્ધા કરે કામ – દેવગુરુ – ધર્મ ઉપર શ્રદ્ધા કરે તો કામ થાય. આપણી શ્રદ્ધા એ મુખ્ય ચીજ છે. કદાચ તેટલું કામ ન થાય તો આપણું યશનામ કર્મ ઓછું.

(૨૨) **નબળા ને સૌ પીડે** – દુબળી ગાયને લોકો પીડે છે, હેરાન કરે છે, એ દૌર્ભાગ્ય નામકર્મ છે, માટે સૌભાગ્યનામકર્મ હોય તો તું બીજાની સેવા ન કરે છતાય વહાલો લાગે. શેઠાઈ કરવા છતાં પ્રિય લાગે. દૌભાગ્યનામકર્મ હોય તો સેવા કરે છતાં અપ્રિય લાગે. ઘરમાં ચાર વહુઓ હોય એ વહુ ખૂબ સેવાભાવી હોય,છતાં સાંનિધ્ય ન ગમે તો દૌર્ભાગ્ય કર્મ છે, એ તો કર્મનાં હિસાબ છે તેનાં ઉપર માપ ન કઢાય, આપણે જરાં ખબરદાર છીએ માટે વહાલા લાગીએ છીએ એમ નહીં પણ આપણે ગુણીયલ થઈએ તો વહાલા લાગીએ. ભ્રમણામાં

ને ભ્રમણામાં જિંદગી પૂરી કરે સબળા થવા માટે રોફ બતાવવા જાય. જિંદગી સુધી અભિમાન આપમતિ પોષે. બહિરાત્મભાવમાં જ રાચે. **બહારમાં બોલબાલા થાય છે પુણ્યથી અને આત્માની પ્રગતિ થાય છે પુણ્ય કાર્યોથી.** પૂર્વનું પુણ્ય હોય તેથી બહારની બોલબાલા થાય છે. એટલે આપણે ખમી ખાતા શીખો, બીજાનું કરી છુટો, વાણી મીઠી રાખો. મધુરવાણીમાં કોઈવાર આપણે પાછા પડવું પડે કેમ કે કદાચ કોઈ ચડી બેસે તેમાં આપણું પૂર્વનું પાપ કામ કરે છે એમાં હતાશા લાવવાની નહીં. **મનુષ્ય જન્મ પૂર્વનું પુણ્ય પુષ્ટ કરવાનો જન્મ છે પુણ્ય ખાવા માટે નથી.**

**(૨૩) પડતા ને સૌ પાટુ મારે** – તેમ નથી પણ આપણી માન્યતા જ મારે છે. આપણે મનમાં લેવાવાની જરૂર નથી, આથી તો પૂ. યશોવિજયજી મહારાજે મલ્લિનાથ ભગવાનનાં સ્તવનમાં કહ્યું કે, 'લોકરીઝે શું થાય ?' લોકોની રીઝ અસ્થિરછે. ઘડીમાં રાજી ઘડીમાં નારાજી. મારે તો સાહિબ તને રીઝવવા છે. પૂર્વનાં લોકો જમાડવામાં ઘી નો માલ ખૂબ ખવડાવે, એની પાછળ લાગણી કામ કરે. કીલો લોટમાં સવા કીલો ઘી નાંખે આ રીતે સાધર્મિકની ભક્તિ કરે. આજે લોકોની સામે જોવા જાય તો ફરસાણ બનાવવા પડે. તેથી લોક રાજી થાય, તેલીયુ ખાય પછી બીજે દિવસે ખોં ખોં કરે, આ બધી ભ્રમણાઓ ટાળવાની અને શાસનની વાત માનવાની ત્યારે પ્રભુ સાથે વાતચીત થાય. સ્તવન ગાતો જાયને આજુબાજુ જોતો જાય કે કોઈને ગમે છે ? આ સ્તવન ભગવાનને સંભળાવવા નહીં પણ લોકોને સંભળાવા ગાતો હતો. કોઈ ન દેખાય એટલે જલદી પૂરું કરી નાખે. આ બધો ઊંધો હિસાબ છે.

**(૨૪) આ પણ એક ભ્રમણા છે કે ફરે તે ચરે** – ફરતાં રહો તો માલ ખાવા મળે ઘરનાં ખૂણે બેસો તો કંઈ ન મળે. આ ભ્રમણા. કેમ ? ફરે છે એમાં શું કરે છે ? એ પૂર્વે અનાર્યનાં અવતાર મળેલાં, પશુનાં

અવતાર મળ્યા હતાં. એમાં જે વાજુ વગાડતો હતો તે હવે તાજુ કરી રહ્યો છે. દુનિયાનાં બાહ્ય ભાવ લઈને ફરવાનું એટલે શું ધંધા કરવાનાં ? જે પશુનાં ભવમાં અનાર્યનાં ભવમાં કરતો હતો તે જ કરવાનું. સાધુને દેશાટન એ પણ અધ્યયન છે. જૈન-શાસનની પ્રભાવના ક્યાં કેવી રીતે કરવી એનો વિશેષ ખ્યાલ આવે માટે સાધુને દેશાટન છે. એ કાંઈ ફરવા માટે જતો નથી એટલે ફરે એ ચરે એમ નહીં પણ મહાપુરુષોનાં જીવનને ખોતરતો રહે એ ચરે ! પામે. નવું નવું પામે. જાણે આ જીવનનું આ એક મહાન કર્તવ્ય બની જાય છે કે, પૂર્વ પુરુષોનાં જીવનનો ખૂબ અભ્યાસ કરો તો જીવનમાં સમ્યગ્ અનુભવ વધશે આ માનવ જન્મ બાહ્ય ભાવનાં અભ્યાસને ભૂંસવા માટેનો છે. એને બદલે ફરે તે ચરે એટલે એવાં સંસ્કારોને તાજા કરે છે. અહીં જ એવી જિજ્ઞાસા સંસ્કારને ભૂંસવાનું કર્યું હોત તો એ સંસ્કાર તાજા ન થાત. એટલે જગતની આતુરતાઓ - જિજ્ઞાસાઓ રોકશો તો ચિત્ત શાંત થશે.

(૨૫) **છાસમાં માખણ જાય ને વહુ ફુવડ કહેવાય** - આ ભ્રમણા. માખણ કેમ ગયું ? વાસ્તવમાં ફોગટમાં નથી ગયું પણ ઘર મોટું છે, ઉમદા ઘરની બાઈને તકલીફ આવી હોય એ જાણીને છાસમાં માખણનો લોચો નાંખી દે તો એને પરાર્થકરણનો લાભ મળે છે, એમાં ફુવડપણું નથી, દીલમાં પરાર્થવૃત્તિ છે, લોકોની દૃષ્ટિએ ઘેલછા - મૂર્ખાઈ કહે, પણ ડાહ્યા માણસની દૃષ્ટિએ સુકૃત છે એટલે આ ભ્રમ ટળી જાય તો સુકૃત કરવાનો લાભ મળે; એટલે અજ્ઞાની લોકોનાં બોલવા ઉપર આપણી સદ્ગતિ થતી નથી પણ આપણા સુકૃતો ઉપર આપણી સદ્ગતિ થાય છે.

(૨૬) **બાવો બેઠો જપે જે આવે તે ખપે** - આ પણ ભ્રમણા દેખાય કે બાવાજી જાપ કરી રહ્યા છે પછી ભક્તો ગમે તે ભેટ લઈને આવે તો પણ ખપે. આ ખોટું છે કેમ કે એમાં લોકોને ધર્મનો વિશ્વાસ આપીને ઠગવાનું થાય છે અને એનો બધો જાપ લોભનાં ચોપડે જમા થાય.

(૨૭) **મોં જોઈને ટીલું – કરવું** – જેવો માણસ હોય તેવો તેની સામે વ્યવહાર કરવો. આ પણ ભ્રમણા – મોં જોઈને એટલે સુખી માણસ આવે એટલે આવો શેઠ, આવો શેઠ કરે અને પછી સાદા કપડામાં કોઈ બારવ્રતધારી આવે તો એને આઘો બેસાડે. આમ મોં જોઈને ટીલું કરવા જાય તો અવગુણીની ઉપબૃંહણા થાય અને ગુણવાનની અવગણના થાય. મોં = ઉપલો ઝાકઝમાલ. કૃપણનાં સન્માન નહીં કરવાનાં – સમાજ ઉદાર ધર્માત્માનાં સન્માન કરે છે.

(૨૮) **લાંબા પાછળ ટૂંકો જાય મરે નહીં તો માંદો થાય** – એટલે આપણે ૮-૧૦ ઉપવાસ માસક્ષમણ કર્યું તો આપણે કરીએ એમ નહીં, આપણે એવાં શક્તિવાળા નથી એટલે આપણે એવાં ધર્મ કરનારની પાછળ દોડવું નહીં, એ તો ઠીક પણ કંઈક તો અભ્યાસ પાડવો જોઈએ ને ? એણે માસક્ષમણ કર્યું તો હું ૩૦ એકાસન બેસણા કરું. આમ વિચારે પણ જો પેલો જ વિચાર કરે તો જીવનમાં સત્કાર્યનો અભ્યાસ જ ન પડે.

(૨૯) **સ્વભાવનું ઓસડ નથી** – એમ કહેવાય છે આ પણ ભ્રમણા છે, કેમ કે પોતાનો ક્રોધનો – કૃપણતાનો સ્વભાવ હોય તો એ સુધરે નહીં આ ખોટું છે. એટલા માટે કે અનાદિ નિગોદમાંથી કોઈ સારા સ્વભાવમાંથી બહાર નીકળ્યું જ નથી તો પછી સુધર્યા કે નહીં ? સ્વભાવનું ઓસડ ન હોત તો સ્વભાવ સુધરત નહીં. એ બતાવે છે કે, સ્વભાવનું ઓસડ છે. સ્વભાવનું ઓસડ ભગવાનની વાણી છે આનાં પર વિચાર કરીએ તો બહિર્ભાવ ઓછો થાય.

શાસ્ત્ર ભણતાં હોઈએ અથવા કંઈ શંકા પડે તો વિદ્યાદાતા ગુરુને પૂછવા જવાનું મન થાય, એટલે

(૩૦) **પૂછવા જઈએ તો પૂછામણ પડે** – આ ભ્રમણા છે. પૂછામણમાં એમની ભક્તિ – વૈયાવચ્ચ કરવું પડે. ભ્રમણા કેમ છે ? પૂછામણમાં

હાડકા સાજા રહે. પૂછામણ નથી લેવું તો હાડકા હરામનાં થાય. સેવા – વૈયાવચ્ચ કરી પછી શંકાનું સમાધાન માંગે તો મળે એ હકનું ગણાય. નહીંતર બીન હકનું છે. આભ્રમણા કાઢી નાંખી હોય તો આ સૂઝે.

(૩૧) **મફતનું ખાવું ને મસ્જિદે સુવું** – ગમે ત્યાંથી માંગીને ખાઈ લેવું ને પછી મસ્જિદે સુવું. આનાથી હાડકા હરામના થાય છે. એનાંથી મોટું નુકસાન એ છે કે હાડકા હરામ કરવાથી સારા કામ માટે ની નાલાયકાત ઊભી થાય છે. સારું કામ સૂઝે નહીં એટલે સુકૃત સહન થાય નહીં. એટલા માટે જ કહેવત છે ને કે, વરનારનનું વરે ને ઘાંચજો પેટ બાળે, એટલે હરામીવેડા કરવામાં હરામનું ખાવામાં આ મોટો દોષ છે કે સુકૃત કરવાની શક્તિનો નાશ થાય છે.

પૂર્વનાં કાળનાં પુરુષો જરાં કોઈનું મફતનું ખાધુ હોય તો સામે તેને ચેન ન પડે. કોઈની એક કપ ચા પીધી હોય તો સામે ચાર કપ ચા પાય પછી જ ચેન પડતું. એટલે એનાંથી કૃતજ્ઞતાનો ગુણ ખીલે. સુકૃતની શક્તિ વધે. આ બધા મહાનલાભ છે. જ્યારે હરામ હાડકાથી આત્મામાં સુકૃતની અયોગ્યતા ઊભી થાય, તેનાંથી સુકૃતનો ક્ષય થાય એટલે એના જેવું બીજું નુકસાન કયું છે ?

(૩૨) **સલાહ સૌની લેવી પણ ધાર્યું મનનું કરવું** – આ ભ્રમણા. કેમ ? સલાહ સૌની લેવાથી બધાને વહાલો થાય પણ ધાર્યું મનનું કરે એટલે એમાં ધાપ ખાય. પોતાનાં મનની પહોંચ કેટલી ? એટલે કહેવાય છે કે અક્કલ ક્યાં રહે ? તો કહે પંચમાં. અક્કલ ખાય શું ? તો કહે, ગમ ખાય. પાંચજણની સાથે વસ્તુનો વિચાર કર્યો હોય તો એમાં તાગ નીકળે. એકલું મનનું ધાર્યું કરવા ગયા તો કંઈક ધાપ ખાઈ ગયા પુન્ય પહોંચતું હોય ત્યાં લગી ઠીક છે પછી નુકસાની થયા વગર ન રહે.

(૩૩) **હોઠ સાજા તો ઉત્તર ઝાઝા** – આ પણ ભ્રમણા. બોલવાની આવડત હોય એટલે તર્ક યુક્તિથી બોલી શકે, એટલે જે કોઈ સામો

આવે તેને તરત જવાબ દઈ દેવાનો. આમાં પહેલાં તો બોલીને બોળવાનું થાય છે. તર્કથી જવાબ શોધી બોલી કાઢે પણ વ્યવહાર એમાં ન સચવાય. ઘરના મેમ્બરની ભૂલ થઈ તરત ઠપકો આપે. વાત વાતમાં ઠપકો આપે એટલે સામાના દીલમાં સ્નેહ ને સદ્‌ભાવનાને ઠોકર લાગે છે.જેમ જેમ હોઠ સાજા ને ઉત્તર ઝાઝા કરતો જાય તેમ તેમ સામાનો સ્નેહ ગુમાવે. એટલાં જ માટે સાચું એટલું બધું બોલવાનું નથી, આજુબાજુનું વાતાવરણ વગરે જોઈને, એનું પરિણામ શું આવશે એ જોઈને પછી બોલવાનું છે, નહીંતર બોળવાનું થાય અને તેથી જ મોટા વડેરાઓ ઘણાંનું ખમી ખાતા હતા તો આખા કુટુંબનો સ્નેહ પામતા. પૂ. મોટા મહારાજ (પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.) સમુદાયમાં ઘણાનું ખમી ખાતા તો એ પ્રિય થઈ પડ્યા. ખમી ખાવું એ તો જીવનની મોટી મૂડી છે.

એટલે આવી બધી ભ્રમણાઓ ટળે તો પરમપદાર્થ સંપજે. બહિર્ભાવ ટળે ને અંતરાત્મભાવ આવે એટલે પરમપદાર્થ મળે. પહેલાં શું મળે ? (૧) સ્વાત્મબુદ્ધિ (૨) જગતનાં જડ માત્રમાં નિર્ગુણતાનું દર્શન. એનાંથી આત્મહીત લેવાનું. આ એક મહાન દર્શન છે. મોટી ચક્રવર્તીની સંપત્તિને પણ બહું કિંમતી ન સમજે. ચક્રવર્તીની ઋદ્ધિનાં વર્ણનથી સામાન્ય માણસનાં મોંમાં પાણી આવે પણ અંતરાત્મ બન્યો હોય તેને જગતની સમૃદ્ધિ માત્ર ઉપર નિર્ગુણતાનું દર્શન થાય. આ બધી સમૃદ્ધિ નિર્ગુણી છે. નગુણા માણસ ઉપર ગમે તેટલો ઉપકાર કરો કે સાચવો તો પણ એ પોતાનું પોત પ્રકાશ્યા વગર ન રહે, તેમ આ જગતની બધી સમૃદ્ધિને કેટલો મેળ ? એ મારા ઉપર કશો ઉપકાર નહીં પણ અપકાર જ કરે છે.

**પરમ પદારથ સંપત્તિ સંપજ, આનંદઘન–રસ–પોષ–સુજ્ઞાની**

જગતની સમૃદ્ધિ જીવને પોતાનું કર્તવ્ય ભૂલાવે. પરલોકનો વિચાર ભૂલાવે, ભગવાન ભૂલાવે, માટે એ નગુણી છે, અને અંતકાળે એના શોકમાં મરે તો નરકનાં દરવાજા દેખાડે.

અંતરાત્મભાવમાં રહે એટલે લોકની રીઝ પડતી મૂકી દે. ભગવાનની રીઝ સામે જોયા કરે. બહિરાત્મભાવ છોડી આત્મભાવમાં સ્થિર થાય એટલે પરમપદાર્થની સંપત્તિ પ્રાપ્ત થાય. આનંદઘન પોષ – આનંદઘન = નક્કર આનંદનો સમૂહ, એવાં પરમાત્માનાં મતને પોષનારી થાય. પરમાત્માનાં સિદ્ધાંતને પોષનારી થાય એટલે પહેલા જે સામાન્ય શ્રદ્ધા હતી તે વધી જાય, જેટલી વધારે શ્રદ્ધા તેટલું વધારે સુખદ રીતે જીવે. જીવન પૂરું થતાં ડૉક્ટર હાથ ખંખેરી નાંખશે છતાં, આનંદિત હશે. ભગવાન અને ભગવાનની શ્રદ્ધા લઈને ગયો માટે તે આનંદમાં જ હોય, જીવન જીતી ગયો એમ માને. પણ શ્રદ્ધાનું પોષણ ક્યારે થાય ? પરમ પદાર્થની સંપત્તિ પ્રાપ્ત થાય ત્યારે.

## પરમ પદાર્થ એટલે શું ?

**(૧) સર્વ ભૂતેષુ આત્મવત્** – જીવ માત્રમાં સ્વાત્મબુદ્ધિ. જીવ માત્રને તમારા પોતાનાં આત્મા તરીકે જુઓ. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે, जं तं हन्तु मिच्छति तं तं अप्पाणमेव जाणीहि જેને તું મારવા ઇચ્છે છે તે તારો પોતાનો જ આત્મા છે તેમ તું જાણ. છરી શાક ઉપર નથી ચલાવતો મારા પોતાનાં આત્મા ઉપર ચલાઉ છું. શાક કાપે, કાચા પાણીનો ઉપયોગ કરે તેને તું તારા આત્મા જેવો જાણ તો તને કંપારી આવશે. સૂક્ષ્મશરીર છે માટે તું એને હણે છે બિચારાનો શો ગુનો ? सर्वभूतेषु आत्मवत् કરવાથી ઘણાં પાપ ઓછા થઈ જાય. વિરાધનાઓમાં આત્માની નિષ્ઠુરતા આવી જાય. સાધુ જીવન છે એક ડગ માંડતા આ વિચાર હોય 'આ પગ નીચે જે કચડાઈ રહેલ છે તે તું પોતે જ કચડાઈ રહેલ છે. એ આવે એટલે અસત્ પ્રવૃત્તિ બંધ થઈ જાય. દા.ત. ચાલો પાંચ મિનિટ બહાર જઈ આવીએ. શું કરવા ? જીવ મરી જશે. આ જગત જીવોથી ખીચોખીચ ભરેલું છે સંપાતિત

જીવોથી ભરેલું છે, તે ક્યારેક શરીર ઉપર, ક્યારેક જમીન ઉપર બેસે, જીવાકુલ જગતને સમજીને જયણાપૂર્વક કામ કરવાનું. આત્મવત્ સર્વભૂતેષુ આ ભાવને કેળવવાનો કે, આ બધા જીવો મારા પોતાના જેવા છે. માટે અયતનાથી અટકવાનું કામ થાય, તેની કિંમત ઓછી છે પણ જયણા સચવાય તે મોટું છે. તેનાં સંસ્કાર પડવાથી તે આત્માની સગી થાય. પાણી પીવા કોઈને આપ્યું. જોઈ લે કોઈ જીવ તો નથી ને ? જીવો ઉપર દયાનો ભાવ જયણાનો ભાવ એ ઘણો ઊંચો ભાવ છે પછી સંયમજીવન હાથમાં.

**માસક્ષમણને પારણે – ધર્મરૂચિ અણગાર** કડવી તુંબડી વહોરી લાવ્યા. આચાર્ય મહારાજે કહ્યું પરઠવી આવો. એક ટીપું પડ્યું ત્યાં કીડી ચોંટી ગઈ અને ખલાસ થઈ ગઈ. ત્યાં વિચારેછે કે મારી જાતને બચાવવા આ બધાને મરવા દઉં ! મારા પેટમાં જ આને પધરાવી દઉં. આમ કહી પોતે જ વાપરી ગયા, રૂંવાડે લાય ઊઠી પણ મનમાં આનંદ થયો. મને રૂંવાડે રુવાડે બળતરા થાય તો જીવ ચીટકી જાય તેને કેટલી પીડા ? એવો જયણાનો ભાવ ખીલી ઊઠ્યો કે તેનાં ઈનામમાં અનુત્તરનું વિમાન મેળવ્યું. અનુત્તરનાં દેવો વીતરાગ પ્રાયઃ સમાન જેવા છે. જયણાએ કેવો પરમ પદાર્થ છે આવા આનાં કેટલાંક પરમપદાર્થ વિચારવાનાં છે. જે ઘણાં ઉમદા છે, સવ્વેપાણા પરમાહમ્મિઆ – જગતનાં બધા જીવો પરમ ધાર્મિક છે, પરમધર્મ શું ? સુખની ઇચ્છા એ... ધર્મ = સ્વભાવ, જીવમાત્રનો સ્વભાવ છે સુખનો રાગ થાય ને દુઃખનો દ્વેષ થાય. આ વિચારવાથી જીવ જયણાવાળો થાય.ઓછામાં ઓછી હિંસાથી ચાલે તેમ વિચારે. દા.ત. હાથ ધોવા ચકલીનો કોક ન ખોલે – ચાંગળા પાણીથી ચલાવે.

**(૨) વસ્તુમાત્રમાં સ્વાત્મહિત જોવું** – જે જડ – જુએ એમાં હિત દેખાય છે વૈરાગ્યનું. જગતનાં વિષયોને જોઈએ તો ખરેખર

વૈરાગ્ય થાય એવું છે. વિષયો, એનાં ગુણો, એનાં કાર્યો પલટાતા છે, એક સુખ – એક ખુશ થાય બીજાને દુ:ખ, શેઠને માટે લાવેલ ઠંડા પાણીનો ઘડો શેઠને ખુશી આપે જ્યારે કચરાપેટીની કીડીને દુ:ખ થાય. આ જગતમાં વિષયોનું સુખ વૈરાગ્ય પમાડે તેવું છે, અસારતા બતાડનારું છે. વિષયોને મનમાં નાંખો તેથી પરમાત્મા સંયમ – ચારિત્ર – શુભભાવનાઓ આદિ નીકળી જાય. **સંયમ રાખવું હોય તો વિષયોને મગજમાં પેસવા જ ન દો.** પાંચમો યોગ છે પ્રત્યાહાર – વિષય વિકારે ઇન્દ્રિય ન જોડે. વિષયનાં થતાં પલટા સાથે ઇન્દ્રિયોને ન જોડે. ત્યાં અટકીને ઊભો ન રહે. દા.ત. ગરમ ચા ઠંડી થઇ ગઈ તો મન અટકી ન જાય, વિષયોની અસર ન લે. પદાર્થ માત્રમાંથી સ્વાત્મહિત જોવું હોય તો તેમાં નિર્ગુણતા – અસારતાનું ભાન થવું જોઈએ. द्वेषांत् नैर्गुण्यं ज्ञातम् સંસારનાં વિષયોનું પહેલાં વાસ્તવિક દર્શન કરે. પછી તેનાં ઉપર અરુચિ થાય કેમ કે તેનામાં તેને નિર્ગુણતા દેખાય. તેને વધારે સેવવાથી તમારું વધારે અધ:પતન કરે. ભવનાં પદાર્થનું દર્શન તેના ઉપર નૈર્ગુણ્યની દૃષ્ટિ અને પછી તેનાં ઉપરનો વૈરાગ્ય ઊભો થાય રાખે. આ લક્ષણ અધ્યાત્મસારમાં કહ્યું, અર્થાત્ વિષયોની નિર્ગુણતા ઊભી રાખે. વિષયોની સામે ભગવાનની મૂર્તિ – તીર્થ આદિ તારક સ્થાનોમાં આત્માનું હિત જુએ, તે તારક સ્થાનો હિતભૂત છે. આ મનુષ્ય જીવનમાં તે જ સેવી લેવા જેવાં છે, તેમાંથી તત્ત્વદૃષ્ટિ ઊભી થાય છે તેનાં તરફ આત્માનો ઝુકાવ ઊભો થાય છે.

## જિનવચનનો રસ

જ્યારે બહિરાત્મભાવથી નીકળી અંતરાત્મભાવમાં આવ્યો ત્યારે પરમાત્મા ઉપર સ્હેજે દૃષ્ટિ જાય ત્યારે તે પરમાત્માની વાણીની

રુચિવાળો થાય ને રસ કેવો હોય ? જેમ દુનિયાનાં માણસને ખેલ - તમાશામાં રસ હોય છે તેમાં બધુ ભૂલી જાય છે. તેમ જિનવચન સાંભળવા ક્યાં મળે ? આ રસ એવો છે કે, જિનવચન સાંભળ્યા પછી મગજમાં રટણા તેની જ ચાલે ને પદાર્થ મગજમાં ઘુમ્યા કરે. મંત્ર - તંત્ર - વિદ્યા શિખ્યા પછી મગજમાં જ રહે દા.ત. ગુરુમહારાજ પૂ. પ્રેમસૂરિજી મ.સા. કહેતા હતા માળવાનો દગડું શ્રાવક - કમ્મપયડી ભણતો હતો, નવકારશી વાપરતાં વાપરતા વિચાર આવે કે, ૪થે ગુણઠાણે આટલી પ્રકૃતિ કેમ ? જ્યાં જવાબ આવે ત્યાં રટના એની જ ચાલે આ પરમ પદાર્થ છે તે બે કામ કરે છે.

(અ) ખરેખર જિનવચનનો રસ લાગી જાય તો વિષયોનો રસ સૂકાઈ જાય. ગમે તેવાં ખાન - પાન કપડા મળે તેની કિંમત ન લાગે. બાહ્યનો રસ સુકાવી નાખે. (બ) તેનાંથી તત્ત્વદૃષ્ટિ વિકસ્વર થાય અધ્યાત્મદૃષ્ટિ વધારે ને વધારે દૃઢ થાય, શાસ્ત્ર એકવાર વાંચ્યું એમ નહીં. ૧૦ વાર વાંચે, જેટલી વાર વાંચે એટલી વાર નવા નવા પદાર્થો મળે. ખરી સંપત્તિ આ છે કે, તે સંસ્કાર રૂપે આત્મામાં દૃઢ થાય છે, દુનિયાની વાતોનું સંભારણું નહીં. માત્ર લઈ જવામાં શું આવે ? માત્ર રાગ અને દ્વેષ જ આવે. દા.ત. આર્દ્રકુમારે પૂર્વભવમાં ભગવાન ઉપર ભગવાનની પ્રતિમા ઉપર કેવી માયા કેળવી હશે ? કે અભયકુમારે મોકલેલ પ્રતિમા જોતા સંસ્કાર જાગૃત થઈ જાય. એ આપણા હાથ વેંતમાં છે પણ આપણે ગુમાવી રહ્યા છીએ. કેવી રીતે ? શાસ્ત્ર વાંચતા રસ આવે પરંતુ પુસ્તક બંધ થતાં મગજ બંધ થઈ જાય છે. વાસ્તવમાં તે પદાર્થો મનમાં મગજમાં ચાલવા જોઈએ તેને સમ્યક્ત્વનું લિંગ કહ્યું છે. જિનવચનનો અત્યતં રાગ જોઈએ. તીવ્ર શુશ્રૂષા સાંભળવાની તાલાવેલીથી હૃદયરૂપી કૂવામાં જિનવચનનો બોધ આવ્યા જ કરે એટલે જીવનનો એક વ્યવસાય બની જાય. લાવ ! ભગવાનનું શાસ્ત્ર જોવા દે. દા.ત. વંદિતાની ટીકા જ જોયા કરે ગણધર ભગવંતે રચેલ છે -

જં બદ્ધ મિંદિએહિં ચઉહિં કષાયેહિં – જે કાંઈ ઇન્દ્રિયથી બાંધ્યા એ અપ્રશસ્ત કષાયો–વિષયો પર ગોઠવાતા–આત્માના હિતમાં ગોઠવાય તો પ્રશસ્ત કષાય કહેવાય. આ વારંવાર વિચારવાથી મન સ્વસ્થ બની જાય. આની ટેવ – અભ્યાસ – આદત પડી જાય તો જીવનમાંથી ઘણાં કચરા ઓછા થઈ જાય. પરમપદાર્થની અર્થાત્ આનંદઘન પોષની પ્રાપ્તિ થાય.

આનંદઘનનો પોષ ભગવાનનાં શાસનનું પોષણ કરનાર છે અહો ! જિનવાણીએ કેવાં કેવાં ઉપકાર કર્યા આ એ શ્રેષ્ઠ ઉપાય છે. જગતમાં જાણવા જેવું – મેળવવા જેવું આ છે. ડાંગરનાં ફોતરા ખાંડવાથી ૦। શેર ચોખા ન નીકળે. તેમ જગતનાં વિચારોથી કંઈ આત્મબોધ ન થાય. જે આત્માની સંપૂર્ણ અવસ્થા છે તેનાં ગુણો તેની યોગ્યતાનાં ગુણો આદિ પરમ પદાર્થ છે.

સમ્યક્ત્વનાં ૬૭ ગુણો, ચરમાવર્તમાં આવેલા જીવનાં અપુનર્બન્ધતાનાં ૩ લક્ષણ, આ આવ્યા પછી શ્રાવકપણાને યોગ્ય એવા ૨૧ ગુણો લેવાના. ઉદાર, રૂપવાન, ગુણવાન ઇત્યાદિ બતાવ્યા છે વાસ્તવિકતામાં ભાવગત ૧૭ લક્ષણ અને ક્રિયાગત ૬ લક્ષણ તરફ ધ્યાન જાય.

બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં આવે ત્યારે આ પ્રાપ્તિ થાય. આત્મા અંગેના ષટ્સ્થાનોનો વિચાર કરે. તેનાથી અન્ય દર્શનોનો વિચાર આવે. આમ કરવાથી આનંદઘન મત પોષ થાય. એ રીતે અંતરાત્મભાવમાં સ્થિર થા. અને પરમાત્મભાવને સિદ્ધ કર.

એમ બહિર્ભાવમાંથી અંતરાત્મભાવમાં આવે એટલે આત્માની ગુણ શ્રેણીનાં પગથિયા ચડવાનું મન થાય. દેશવિરતિ – સર્વવિરતિમાં જિનોપાસના મળે – શાસ્ત્રોપાસના મળે. આચાર્યાદિની ઉપાસના મળે. બાહ્યભાવમાં હતો ત્યાં સુધી બાહ્ય સામગ્રીની ઉપાસના કરતો હતો.

હવે અંતરાત્મભાવમાં આવ્યો એટલે આ બધી ઉપાસના કરે. આ પરમ પદાર્થ છે. અંતરાત્મભાવમાં આવે એટલે સાચી આરાધના થાય સમકિત વિણ નવ પૂર્વી અજ્ઞાની કહેવાય એને પરમપદાર્થ ન મળ્યો એટલે મૂળ પાયામાં બહિર્ભાવ ન કાઢ્યો. આત્મહિતની દૃષ્ટિએ અંતરાત્મભાવમાં આવીને ઉપાસના કરે તો પરમપદાર્થની પ્રાપ્તિ થાય. અંતરાત્મભાવ છે એટલે આત્મહિત તરફ જોનારો છે એટલે આ જે પરમપદાર્થ મળે છે એનો એને આનંદ છે.

જિનવચનની ઉપાસના એટલે જિનવચનની તીવ્ર શુશ્રુષા. જીવનમાં કરવા જેવું તો આ જ છે. શાસ્ત્રોની વાણી સાંભળવા જેવી છે. એની જ સેવા કરવા જેવી છે. જિનવચનનું વારંવાર પારાયણ કરે. બોલે–સાંભળે તો પણ શાસ્ત્રવચન. શાસ્ત્રો નથી ભણ્યો તો શ્રાવક વંદિતુ સૂત્ર આવડતું હોય તે બોલ્યા કરે, તેનો અર્થ વિચારે. સાધુને માટે એક પગામસજ્જાય ને પક્ખિસૂત્રનું પારાયણ – ઘણાં જુગાજુના માયાનાં બંધન એનાંથી ઉખડી જાય, કષાયોની પક્કડ છૂટી જાય, આ જિનવચનનું પારાયણ કર્યું. એ ધગશ હોય તો અવસરે જિનવચનનું દાન કરવાનું મન થાય. સ્તવનો સજ્ઝાયો એનાં ભાવ કહે, જિનવચનનાં પદાર્થોને ગુજરાતી ભાષામાં કાવ્યોમાં મૂક્યા એટલે એનું પારાયણ અને દાન – આ પણ આત્મહિતકારી ઉત્તમ ભાવ છે. આ ક્યારે આવે ? બહિર્ભાવ પડતો મૂકી અંતરાત્મભાવ ઊભો કર્યો હોય તો પછી તો જિનવચનની રટ લાગે. આ કેવો પરમપદાર્થ છે ! જેનાંથી લખલૂટ પુણ્ય સંપજે છે જિનવચનનું માત્ર સૂત્રથી પારાયણ કરે તો પણ લખલૂટ પુણ્ય ઉત્પન્ન થાય છે અને પરલોકમાં વૈમાનિક દેવગતિ નક્કી થાય છે. જિનવચનની રટ લાગી, તીવ્ર શુશ્રૂષા હોય, પારાયણ હોય, એનું દાન બીજાને હોય એ આત્મા નિયમા વૈમાનિકમાં જાય, કેમ કે એનું એ સમ્યક્તત્વ ઝળહળતું છે જિનવચનનો

આદરભાવ એ સમ્યક્ત્વ છે. જિનવચનની રટ પારાયણ - શુશ્રૂષા એ ઝવેરાતનો વેપાર છે. બીજી બધી ફિઝુલ વાતો એ કચરાપટ્ટીનો વ્યાપાર છે. દરેક પ્રવૃત્તિમાં જિનવચનને આગળ કરો, આદરભાવ કરો એટલે સમકીત નિશ્ચિત આવે. હોય તો ઉજ્વલ થાય. એ સંપત્તિ કેવી છે ? આનંદઘન મત પોષ, આનંદઘન એ પરમાત્મા છે. એમનાં મતને પોષનારી છે એમનાં શાસન પર અહોભાવ વધતો જાય એનું પરિણામ શું ? જીવનમાં બધી પ્રવૃત્તિમાં આ વણાયેલ રહે કે કેવાં પરમાત્મા, કેવું એમનું શાસન ! આ અહોભાવ રહે. ઘણી પાપ પ્રવૃત્તિથી બચાવી લે. અનર્થદંડ - પાપોપદેશ દુર્ધ્યાન, અધિકરણ આદિથી બચાવી લેવાની તાકાત છે. આ પરમપદાર્થની સંપત્તિ આવી છે એ જિન શાસનને પોષનારું છે.

સુમતિનાથ ભગવાનનાં ચરણકમળમાં આતમ અર્પણ કર્યું એનું પરિણામ છે ભરમ ટળે - મતિ દોષ ટળે ને પરમ પદાર્થ મળે. જેનાંથી આનંદઘનનાં મતનું પોષણ થાય.

**શ્રી અવધૂત યોગી આનંદઘનજી કૃત**
**પાંચમાં ભગવાનના સ્તવનનું વિવેચન પૂર્ણ.**

## શ્રી સુમતિનાથ ભગવાન ચરિત્ર

આ અવસર્પિણી કાળમાં ભગવાન ઋષભદેવના નિર્વાણ પામ્યાબાદ ચોથા આરામાં શ્રી અજિતનાથભગવાન શ્રી સંભવનાથભગવાન અને શ્રી અભિનંદનસ્વામી થયા. ત્યારબાદ પરમાત્મા સુમતિનાથભગવાનનો જન્મ થયો.

**પૂર્વભવની આરાધના**

પુષ્કલાવતી વિજયમાં વિજયસેન રાજા અને સુદર્શના રાણીને ઘણી માનતા અને દેવની આરાધના કરવાથી એક પુત્ર ઉત્પન્ન થયો. તે પુત્રનું નામ ‘પુરુષ સિંહ’ રાખવામાં આવ્યું.

અન્યદા યૌવન વયમાં તેણે વિનયનંદન નામના યુવાચાર્યને જોઈને વિચાર્યું કે ધન્ય છે આ સૂરિવરને, જેમણે નાની ઉંમરમાં સંસાર ત્યાગ કર્યો. પછી તે જ સૂરિજીની પાસે માતા-પિતાએ ના પાડી છતાં તેઓને સમજાવીને માતા-પિતાની મંજૂરી લઈ ચારિત્ર ગ્રહણ કર્યું.

સુંદર રીતે ચારિત્રનું પાલન કરી, વીશમાંથી કેટલાક સ્થાનકોની પણ આરાધના કરી કાળ પામી વૈજયંત વિમાનમાં અનુત્તર પણે ઉત્પન્ન થયો.

**સુમતિનાથચ્યવન**

આજ ભરતક્ષેત્રમાં વિનિતા નામની મહાનગરી હતી, જયાં ધર્મ અને ન્યાયનો વાસ હતો. ધન અને વૈભવ બેસુમાર હતો એવી તે નગરીમાં જગતમાં આનંદ આપનાર યાચકોને કૃતાર્થ કરનારો ઇક્ષ્વાકુવંશના આભૂષણ સમાન 'મેઘ' નામનો રાજા હતો.

તે રાજાને મહાલક્ષ્મી જેવી, લાવણમયી, રૂપવંતી અને ગુણવંતી શીલવાન મંગળા નામની રાણી અતિ પ્રીતિપાત્ર હતી.

ઇન્દ્ર જેમ ઇન્દ્રાણીની સાથે ભોગો ભોગવે તેમ મંગળારાણી સાથે ભોગો ભોગવતા મેઘ રાજા નો કાળ વ્યતીત થવા લાગ્યો.

હવે જે પુરુષસિંહનો જીવ જે દેવ બન્યો હતો તે ૩૩ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી શ્રાવણ સુદ-૨ના મઘા નક્ષત્રમાં ચંદ્ર આવતાં ચ્યવીને મંગળામાતાની કુક્ષિએ અવતર્યા. એ વખતે માતાએ તીર્થંકરના જન્મને સૂચવનારા ચૌદ મહાસ્વપ્નો જોયા અને માતા ગુપ્ત ધનની જેમ લોકના આધારભૂત ગર્ભને ધારણ કરવા લાગ્યા.

**વિચિત્ર પ્રસંગનો ન્યાય :**

આજે રાજસભામાં વિચિત્ર કિસ્સો આવ્યો. બે સ્ત્રીઓ એક નાનકડા બાળકને લઈને આવી ને બોલવા લાગી; ન્યાય...

ન્યાય... હે રાજન્ ન્યાય કરો. હે પ્રવીણ મેઘરાજા અમારો ન્યાય કરો.

રાજા કહે છે – પણ શું છે, તે તો કહો. શાનો ન્યાય છે ?

સ્ત્રી નં.૧ બોલી : હે દયાવતાર ! આ બાળક છે ને તે મારો છે. મેં એને જન્મ આપ્યો છે. ને આ મારી શોક્ય છે તે મારા બાળકને પોતાનું ગણે છે.

બીજી સ્ત્રી બોલી : રાજન્ ! જુઠા જુઠ. આ બાળક તો મારો છે. અમે બંને સ્ત્રીઓ અમારા પતિની સાથે પરદેશ ધન કમાવવા ગઈ હતી. પુષ્કળ ધન કમાવ્યા બાદ મને પુત્રનો જન્મ થયો અને પછી મારા પતિ વિશાળ સંપત્તિ મૂકીને મૃત્યુ પામ્યા. આ મારી શોક્યને હું બેન ગણતી અને એટલે જ મારો પુત્ર તેની પાસે જતો–આવતોને રમતો. અમે બંને સગીબેન જેવી રહેતી હતી. પણ મારા પતિનું મૃત્યુ થતાં પુત્ર અને ધન ઉપર એની દૃષ્ટિ છે. રાજન્ ! આપ ન્યાય કરો.

પહેલી સ્ત્રી બોલી કે રાજન ! આ પુત્ર મારો છે. મેં એને જન્મ આપ્યો છે. આ મારી શોક્ય જૂઠું બોલે છે એટલે પુત્ર અને ધન પણ મને જ અપાવો. રાજન્ ! ન્યાય કરો.

રાજા પણ વિચારમાં પડી ગયો કે હવે શું કરવું ! ત્યાં જ સભા બરખાસ્તીનો સમય થતાં પ્રધાન પુરુષોએ કહ્યું કે હે સ્વામી ! આ સ્ત્રીઓ ગામના આગેવાનો, નાયક અને મુખીઓ પાસે જઈ આવી છે. છ મહિનાથી એમનો ન્યાય કોઈ કરી શક્યું નથી. તો આજે મોડું થયું છે. માટે કાલ સુધી વિચારી લેજો શું કરવું ? ને કાલે તેમને નિર્ણય આપજો.

**મહારાણીને મતિ સુઝી સારી**

છેવટે બીજા દિવસ ઉપર આખી વાત મુલત્વી રાખીને સભા બરખાસ્ત કરવામાં આવી.

ઘણું મોડું થવાના કારણે રાણી મંગળાએ મહારાજાને કહ્યું સ્વામિનાથ ! આજે કેમ આટલું મોડું થયું ?

ત્યારે રાજાએ મહારાણીને કહ્યું કે આજે સભામાં આવો વિચિત્ર બનાવ આવ્યો એના ઉચાટમાં મોડું થયું. હવે શું કરવું ? એમ કહી મહારાજાએ સભામાં બનેલ તમામ હકીકત મહારાણીને કહી. સ્ત્રી બે ને બાળક એક. હવે શું કરવું ? બોલો મહારાણી, તમને કોઈ ઉપાય સૂઝે છે ! ત્યારે ગર્ભના પ્રભાવે સુ-મતિ ઉત્પન્ન થવાથી રાણી બોલી રાજન્ ! આ ઝઘડો સ્ત્રીનો છો માટે એનો ન્યાય પણ સ્ત્રી જ કરે. એટલે કાલે સભામાં હું આ નિર્ણય કરીશ. રાજાએ તે વાત માન્ય કરી.

બીજે દિવસે સભા ભરાઈ, બધાને ઉત્કંઠા હતી આનો નિર્ણય કેવો આવે છે ? આજે તો હકડે હઠ માણસો ભરાઈ ગયા છે. દૂર-દૂરથી માણસો આવ્યા છે. બંને સ્ત્રીઓ પણ બાળકને લઈને આવી ગઈ છે.

અને રાજાને કહે છે કે અમને ન્યાય આપો. મહારાજાએ મહારાણી તરફ જોયું. કોમળ ગર્ભના ભારથી નમી ગયેલા અંગોવાળી કોમલાંગી રાણી મંગળાએ સ્વામીની આજ્ઞા શિરોમાન્ય કરીને બંને સ્ત્રીઓને ઉદ્દેશીને કહ્યું કે મારા ગર્ભમાં અતિશય સંપન્ન, પરમ પુણ્યનો અવતાર એવા સર્વજ્ઞ પરમાત્મા છે. એ જ્યારે જન્મશે, ત્યારબાદ સંસાર ત્યાગ કરી દીક્ષા લેશે અને પછી કેવળજ્ઞાન પામી સર્વજ્ઞ બનશે એ વખતે તમારા સંશય ભેદાઈ જશે. તમારા બેમાંથી કોણ સાચું તે નિર્ણય મારો પુત્ર કરશે. ત્યાં સુધી તમે રાહ જુઓ. આમાં તો કાળક્ષેપ કરવો જ જરૂરી છે.

આ ખુલાસો સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા. ત્યાં જ પહેલી સ્ત્રી બોલી કે ઠીક છે આ ચુકાદો મને માન્ય છે. ત્યારે બીજી સ્ત્રી બોલી કે ના... ના... આટલો સમય હું મારા પુત્રનો વિયોગ સહન કરી શકું તેમ નથી. તમારો પુત્ર સર્વજ્ઞ બને ને ખુલાસો કરે એના

કરતા તમે પણ સર્વજ્ઞની માતા તો છો ને ? બસ, તમે જ નિર્ણય આપો ને આજે જ આપો.

તે વખતે મંગળામાતા વિચારવા લાગ્યા કે જે સ્ત્રી જનેતા હોય તેને જ આવી બળતરા થાય. મારો નિર્ણય સાંભળી પહેલી સ્ત્રી કાળક્ષેપ કરવા તૈયાર થઈ, માટે તે ખરી માતા જણાતી નથી. ખરી માતા તો પુત્રનો જરાય વિયોગ સહન કરી શકે નહીં. આમ વિચારીને માતા મંગળાદેવીએ આદેશ કર્યો કે બીજી સ્ત્રી જ આ બાળકની ખરી માતા છે. માટે ધન તથા પુત્ર બંને બીજી સ્ત્રીને જ મળવું જોઈએ.

આવો ચુકાદો સાંભળી સૌ આશ્ચર્ય ચક્તિ થઈ ગયા અને મહારાણીની બુદ્ધિપ્રતિભાને વખાણવા લાગ્યા. અને અપર માતા ખેદ પામતી અને ખરી જનેતા પુત્ર અને ધનને પામીને હર્ષાન્વિત બની સ્વગૃહે ગઈ.

આ બુદ્ધિપ્રતિભા પરમાત્માના ગર્ભ પ્રભાવે માતામાં આવી હતી.

**ગર્ભ પાલન**

માતા મંગળા ગર્ભનું સુખ પૂર્વ પાલન કરે છે. ગર્ભના પ્રભાવથી સારા-સારા દોહદો થાય છે. અભયદાન, સુપાત્ર દાન, શીલવ્રતનું પાલન, જિનમંદિરે મહોત્સવ આવા અગણિત દોહદો ઉત્પન્ન થતાં અને રાજાએ તમામ દોહદો પૂર્ણ કર્યાં.

**જન્મ મહોત્સવ**

ગર્ભકાળ નવમહિના અને સાડાસાત દિવસ પૂર્ણ થતા માતા મંગળાદેવીએ મઘા નક્ષત્રમાં ચંદ્રનો યોગ્ય આવતા વૈશાખ સુદ ૮ની મધ્યરાત્રિએ સુવર્ણની ક્રાંતિ જેવા પુત્રનો જન્મ આપ્યો. તે વખતે ક્ષણ ભર માટે સાતે નરકમાં પણ અજવાળા અજવાળા થઈ ગયા.

દેવ-દેવીઓના આસન કંપાયમાન થવાથી જુદી જુદી દિશાની ૫૬ દિક્કુમારીકાઓ આવી ને પ્રભુનું જન્મ સંબંધી કાર્ય કરે છે

અને પ્રભુ તથા પ્રભુની માતાને આશિષ આપી સ્વસ્થાને રવાના થાય છે.

ત્યારબાદ આસન કંપથી પરમાત્માનોજન્મ પ્રસંગ જાણી સૌધર્મેન્દ્ર 'નમુત્થુણં સૂત્ર'થી પ્રભુની સ્તવના કરી મહોત્સવ ઉજવવા તૈયાર થયો.

હરિણેગમેષી દેવ દ્વારા સુઘોષા ઘંટનો નાદ કરાવ્યો જેનો અવાજ ૩૨ લાખ વિમાનમાં ફેલાઈ ગયો.

સઘળાએ દેવોને ખબર પડી કે ભરતક્ષેત્રમાં પાંચમા સુમતિજિનનો જન્મો થયો છે એટલે સૌ ફટાફટ તૈયાર થઈ જન્મ મહોત્સવ કરવા જવાની ઉતાવળ કરવા લાગ્યા.

ત્યારબાદ નંદીશ્વર દ્વીપ ઉપર બધા દેવોના વિમાનો ઉતર્યા. ત્યાંથી થોડા દેવો સાથે ઇન્દ્ર પ્રભુના જન્મ સ્થળે જાય છે. બાકીના દેવો મેરુપર્વત ઉપર પહોંચે છે.

ત્યારબાદ સૌધર્મેન્દ્ર પ્રભુને અને પ્રભુમાતાને વિનંતી કરી, અવસ્વાપિની નિદ્રા માતાને આપી, પ્રભુના બિમ્બને માતાની પાસે સ્થાપીને, પ્રભુને લઈ મેરુપર્વત ઉપર આવે છે. ત્યાં ૬૪ ઇન્દ્રો, સેંકડો દેવો અને ઇન્દ્ર પાંચ રૂપો વડે પ્રભુને અભિષેક કરે છે.

અભિષેક કરીને કૃતાર્થ થયેલ ઇન્દ્ર પ્રભુને પાછા અયોધ્યા નગરમાં માતા મંગળાના ઉત્સંગમાં મૂકે છે અને પ્રભુને અંગુઠે અમૃત મૂકીને બિમ્બને સંહરી લઈ સ્વસ્થાને જાય છે.

**રાજા જન્મ મહોત્સવ કરે છે**

પ્રાત:કાળે પ્રભુના જન્મની વધાઈ પ્રિયંવદા દાસી દ્વારા મહારાજ મેઘાને મળે છે. રાજા ખુશ-ખુશ થઈને દાસીને અઢળક ધન, દાન તરીકે આપે છે. અને દાસીને ને દાસીપણાથી મુક્ત કરે છે.

ત્યારબાદ રાજા પુત્રનો જન્મ મહોત્સવ કરે છે. તે આ પ્રમાણે – ઘરે ઘરે તોરણ બંધાવે છે. ખુશાલીમાં તમામ કેદીઓને મુક્ત કરે છે. આખા નગરને શણગારે છે. આનંદ–કિલ્લોલ નાટકો વગેરેના પ્રોગ્રામો ગોઠવે છે.

પછી સગા સંબંધીને એકઠા કરી પ્રીતિ ભોજન આપી પુત્રનું નામ 'સુમતિ' રાખ્યું ! કેમ કે પ્રભુ જ્યારે ગર્ભમાં હતાં ત્યારે માતાને સુંદર મતિ ઉત્પન્ન થઈ હતી અને એટલે જ સુમતિનાથ સાચા સુમતિનાથ તરીકે ઓળખાય છે.

**અનુક્રમે યૌવન વય**

બાલ્યવયમાં અનેક ક્રીડાઓ કરતા, માતા–પિતાને ઠંડક આપતા, નયનોના ઉત્સવ સમા પ્રભુ બાલ્યવય વટાવી અનુક્રમે યૌવનવય પામ્યા.

પ્રભુનું શરીર સુગંધી હતું. શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધી હતો. ઉજ્જવળગુણ અને ઉજ્જવળ દૂધ જેવા લોહી અને માંસ હતા. એવા પ્રભુ ૩૦૦ ધનુષની ઊંચી કાયાવાળા જેવા જિનેશ્વરનો દેહ સુવર્ણકાંતિ જેવો હતો, ચરણતળ કોમળ અને રક્ત હતા. દશે નખ દીપશીખા જેવા હતા. પ્રભુનું શરીર સુડોળ હતું. હાથ–પગ છાતી વિગેરે સર્વ ગુણથી યુક્ત હતા.

**પાણિગ્રહણ**

યૌવનવયને પામેલા પરમાત્માને જોઈ માતા–પિતાએ અતિ આગ્રહ કરી અનેક રાજકુમારીકા સાથે પ્રભુના વિવાહ કરાવ્યા. પૂર્વે બાંધેલા ભોગાવલિ કર્મને ખપાવવા માટે પ્રભુ તેમની સાથે વિનોદ વિલાસ કરે છે.

**રાજ્યાભિષેક**

સુમતિનાથભગવાન જ્યારે ૧૦ લાખ પૂર્વ વર્ષના થયા ત્યારે મહારાજા મેઘે અતિ આગ્રહ કરી તેમનો રાજ્યાભિષેક કર્યો. રાજગાદી સોંપી મેઘરાજાએ ચારિત્ર લઈ આત્મ કલ્યાણ સાધ્યું.

સુમતિનાથના રાજ્યમાં સદા સુકાળ રહેતો હતો. મારિ–મરકી યુદ્ધ જેવા ઉપદ્રવો શાંત થઈ ગયા હતા. આ રીતે સુંદર સુરાજયને પાળતા–પાળતા પ્રભુને બીજા ૨૯ લાખ પૂર્વ (૮૪૦૦૦૦૦ × ૮૪૦૦૦૦૦ = ૧ પૂર્વ) ને ૧૨ પૂર્વાંગ વર્ષ (૮૪૦૦૦૦૦ વર્ષ = ૧ પૂર્વાંગ) પસાર થયા. એટલે કે પ્રભુની ૩૯ લાખ પૂર્વથી અધિક ઉંમર થતાં જીવ માત્ર ઉપર કરુણા વરસાવનારા. ૮૪ લાખ જીવાયોનિમાં ભટકતાં જીવોનું ચિંતન કરતાં, ચાર ગતિના પરિભ્રમણથી જીવોને મુક્ત કેમ બનાવવા, સ્વપરનું પરિભ્રમણ પણ અટકાવવું જોઈએ. જીવોને સન્માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો. આ બધું વિચારતાં ચારિત્ર લેવા ઉધામશીલ બન્યા.

**લોકાંતિક દેવોની વિનંતી**

એ જ વખતે પાંચમાં દેવલોકમાં વસનારા નવ લોકાંતિક દેવોએ પોતાના આચાર અનુસારે પ્રભુને વિનંતી કરી – હે ભગવાન ! તીર્થને પ્રવર્તાઓ. સર્વ જગતને હિતકારી એવું ધર્મ તીર્થ પ્રવર્તાવવાથી જગતના જીવોનું કલ્યાણ કરો. ‘જય જય નંદા જય જય ભદ્દા’ બોલતા બોલતા દેવો સ્વસ્થાને ગયા.

જોકે દીક્ષા અવસર પ્રભુ સ્વયં જાણતા હોવા છતાં લોકાંતિક દેવોનો તેવો શાશ્વત આચાર હોય છે.

**વરસીદાન**

દીક્ષા અવસર જાણી પ્રભુએ વરસીદાન દેવાનો પ્રારંભ કર્યા. ઇન્દ્રની આજ્ઞાથી કુબેર ભંડારીએ ચારે બાજુથી લાવીને ભગવાનની દાન શાળામાં ધનના ઢગલા કર્યા.

સવારથી માંડી પુરિમડ્ઢ સુધી દરરોજ પ્રભુ ૧ કરોડને આઠ લાખ સુવર્ણનું દાન કરતાં હતાં. એક વરસ પર્યંત ૩ અબજ, ૮૮ કરોડ, ૮૦ લાખ સોનામહોરનું દાન કર્યું.

પ્રભુ જ્યારે વરસીદાન આપતાં હતાં ત્યારે...

સૌધર્મેન્દ્ર હાથમાં દ્રવ્ય આપે.

ઈશાનેન્દ્ર દેવોને દાન લેતા રોકે.

ચમરેન્દ્ર ડાબી બાજુ અને બલિન્દ્ર જમણી બાજુ રહી યાચકોને ભાગ્યાનુસાર દાનમાં વધઘટ કરે. ભવનપતિ ચારેબાજુથી દાન લેવા માટે માણસોને લાવે, અને વાણવ્યંતર આવેલા માણસોને મૂકી આવે. જ્યોતિષ દેવો વિધાધરોને વરસીદાનનો અવસર જણાવે. આવા છ અતિશયથી યુક્ત પ્રભુનું વરસીદાન હોય છે.

**દીક્ષા કલ્યાણક**

આ પ્રમાણે એક વર્ષ સુધી વરસીદાન આપ્યા પછી પોતાના પુત્રને રાજ્ય સોંપી પ્રભુ દીક્ષા લેવા તૈયાર થયા. તે વખતે ૬૪ ઇન્દ્રો, નરેન્દ્રો વિગેરે દ્વારા સુગંધી જળથી અભિષેક થાય છે. તેમજ વિલેપન કરી નવા આભૂષણો ધારણ ધરાવે છે.

પછી પ્રભુ આભયંકરા નામની શિબિકામાં બેસી સુર, અસુર અને મનુષ્યોની સાથે સહસામ્ર નામના વનમાં આવ્યા.

ત્યાં શિબિકામાં નીચે ઉતરી માળા-વેઢ વિગેર અલંકારોનો ત્યાગ કરી ને વસ્ત્રનો પણ ત્યાગ કરે છે. તે વખતે ઇન્દ્ર પ્રભુના ખભા ઉપર દેવ દૂષ્ય વસ્ત્ર મૂકે છે.

વૈશાખ સુદ-૯ને મઘા નક્ષત્રમાં ચંદ્રનો યોગ થતાં મધ્યાહ્ન સમયે જેમણે 'એકાસણા'નો તપ કર્યો છે તેવા સુમતિનાથભગવાને પંચમુષ્ટિ લોચ કરી વાળ ઇન્દ્રને આપ્યા તે વાળ તત્ક્ષણ શીઘ્રગતિવાળા ઇન્દ્રે ક્ષીર સમુદ્રમાં પધરાવ્યા ને તત્ક્ષણ પાછા આવીને સૂર-અસૂર મનુષ્યોના ઘોંઘાટને બંધ કરાવ્યો.

પ્રભુની દીક્ષાનો અવસર જાણી બધાની નજર પ્રભુ ઉપર હતી. ત્યારે 'કરેમિ સામાઈયં' બોલવા દ્વારા ૧૦૦૦ રાજાઓ સાથે પ્રભુએ

દીક્ષા લીધી અને એ જ ક્ષણે પ્રભુને ચોથું મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું ! એ વખતે ત્રણે જગતમાં ઉદ્યોત–ઉદ્યોત થઈ ગયો.

**છદ્મસ્થકાળ**

દીક્ષા ગ્રહણ કર્યા પછી સુમતિનાથપ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા. રાજા તથા પ્રજા પ્રભુને જતાં અનિમેષ નયને જોઈ રહ્યાં. જ્યાં સુધી પ્રભુ દૃષ્ટિ ગોચર થયા ત્યાં સુધી બધા ત્યાં ઊભા રહ્યાં. પછી સૌ સ્વસ્થાને ગયા.

દેવ–દેવી પરિવાર સહિત ઇન્દ્રો નંદીશ્વર દ્વીપે જઈ અઠ્ઠાઈ મહોત્સવ કરી સ્વસ્થાને ગયા.

પ્રભુ ત્યાંથી વિહાર કરી વિજયપુર નગરમાં પધાર્યા. ત્યાં પદ્‌મરાજાના મહેલમાં પરમાન્નથી પારણું કર્યું. તે વખતે (૧) આકાશમાંથી સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ (૨) સુગંધી જળની વૃષ્ટિ (૩) સુગંધી પંચ વર્ણીય પુષ્પની વૃષ્ટિ (૪) દુંદભિનો નાદ (૫) અને અહોદાનં અહોદાનંની ઉદ્‌ઘોષણા એવા પાંચ દિવ્યો પ્રગટ થયા.

પ્રભુનું જ્યાં પારણું થયું છે એ સ્થાને પણ રાજા એ રત્નપીઠ બનાવી ચરણ પાદુકાની સ્થાપના કરી. ત્યારબાદ અપ્રમત ભાવે આવતા તમામ ઉપસર્ગોને સહન કરતાં–કરતાં અસ્ખલિતપણે પૃથ્વી ઉપર વિહરવા લાગ્યા.

રાગ–દ્વેષ રહિત, મમતારહિત સમભાવે ચિત્તને સ્થિર કરવા દ્વારા છદ્મસ્થપણામાં ૨૦ વર્ષનો સમય વ્યતીત થતા જ્યાં તેઓની દીક્ષા થઈ હતી તે અયોધ્યા નગરના સહસામ્ર વનમાં પુનઃ પધાર્યા.

**કેવળજ્ઞાન**

ચૈત્ર સુદ–૧૧ના મઘા નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો ત્યારે સહસામ્રવનમાં પ્રિયંગુ વૃક્ષ નીચે ધ્યાનમાં તત્પર, ક્ષપક શ્રેણી ઉપર

આરૂઢ થઈને અપૂર્વ કરણાદિ ગુણસ્થાનકનો સ્પર્શ પામી જ્ઞાનાવરણીય દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ રૂપ ઘાતિ કર્મનો સર્વનાશ કરીને કેવળજ્ઞાન પામ્યા. તે વખતે પરમાત્માએ છઠ્ઠનો તપ કર્યા હતો. તે ક્ષણે ત્રણ લોકમાં અજવાળા પથરાઈ ગયા.

**સમવસરણની રચના**

પ્રભુને કેવળજ્ઞાન થયું છે તે જાણીને ૬૪ ઇન્દ્રો પરિવાર સહિત ત્યાં આવે છે. વાયુકુમાર જમીનને શુદ્ધ કરે છે. મેઘકુમાર જળવૃષ્ટિ દ્વારા જમીનને સુગંધી અને કોમળ બનાવે છે. વ્યંતર દેવો મણી-રત્ન અને સુવર્ણની શીલાથી પૃથ્વી પીઠને બાંધે છે. ઋતુકુમારની દેવીઓ પંચવર્ણીય પુષ્પોની વૃષ્ટિ કરે છે. પછી ભવનપતિના દેવો પ્રથમ ગઢ ચાંદીનો બનાવે છે. કાંગરા સોનાના હોય છે. બીજો ગઢ જ્યોતિષ દેવો સોનાનો બનાવે છે. તેના કાંગરા રત્નના હોય છે. ત્રીજો ગઢ વૈમાનિક દેવો રત્નમય બનાવે છે. તેના કાંગરા મણીના હોય. દરેક ગઢના ચાર-ચાર દ્વાર હોય એક બાજુ ૨૦ હજાર પગથિયા હોય એટલે કુલ ૮૦ હજાર પગથિયા સમવસરણના હોય.

**૧૨ પર્ષદા**

ગણધરો-મુનિવરો, વૈમાનિક દેવીઓ અને સાધ્વીજીઓ એમ ત્રણ પર્ષદા, પૂર્વના દ્વારે પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણા દઈ પૂર્વ-દક્ષિણ વચ્ચેના અગ્નિ ખૂણામાં બેસે છે.

ભવન પતિની દેવીઓ, વ્યંતરની દેવીઓ અને જ્યોતિષની દેવીઓ દક્ષિણ દ્વારેથી પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણ દઈ નૈત્રત્ય ખૂણે બેસે છે.

ભવન પતિદેવ, વ્યંતર દેવ અને જ્યોતિષ્ક દેવ પશ્ચિમ દ્વારે પ્રવેશીને પ્રભુને પ્રદક્ષિણા દઈ ઈશાન ખૂણે બેસે છે.

વૈમાનિક દેવ, મનુષ્ય અને મનુષ્યોની સ્ત્રીઓ ઉત્તર દ્વારેથી પ્રવેશ કરી પ્રભુને પ્રદક્ષિણા દઈ ઇશાન ખૂણે બેસે છે.

આવી રહેલા મહર્ધિકદેવને પૂર્વે આવેલા દેવો પ્રણામ કરી આગળ બોલાવે છે. અને તે આવેલા મહર્દ્ધિક દેવો પણ પૂર્વે આવેલા દેવોને પ્રણામ કરવા પૂર્વક આગળ વધે છે. વચ્ચેના ગઢમાં તિર્યંચો બેસે છે. પરસ્પર જન્મ વૈરવાળા જેવા કે સાપ અને નોળિયો, ઉંદર અને બિલાડો, વાઘ અને બકરી, હાથી અને સિંહ, આવા હિંસક પ્રાણીઓ પણ પ્રભુના અતિશયથી વેર ભાવ ભૂલી જઈ એક બીજાને મિત્રનીજેમ ભેટે છે. ક્રીડા કરે છે અને પ્રભુ દેશના સાંભળી, સમજી, પુલકિત થાય છે. ત્રીજા ગઢમાં દેવો અને મનુષ્યોના વાહનો મૂક્વામાં આવે છે.

તે સમવસરણમાં પૂર્વ દ્વારથી પ્રવેશ કરીને એક કોશ ને ૧૬૦૦ ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણ કરીને સુમતિનાથપ્રભુ પૂર્વાભિમુખ સિંહાસન ઉપર બિરાજ્યા.

એટલે દેવતાઓએ બીજી ત્રણ દિશામાં પણ પ્રભુના પ્રતિબિંબો સ્થાપ્યા.

**ઇન્દ્ર સ્તુતિ**

ત્યારબાદ ઇન્દ્ર મહારાજાએ પ્રભુની આ પ્રમાણે સ્તવના કરી.

'હે ભગવાન ! આ અશોક વૃક્ષ ભમરાઓના ગુંજારવથી જાણે ગાતો હોય, ચલાયમાનપત્રોથી જાણે નાચતો હોય અને તમારા ગુણોમાં રક્ત (રાતો) થવાથી રક્ત થયો હોય એવો ખુશી થતો દેખાય છે.

આ દેવતાઓ, જેઓના બંધન (ડીંટ) નીચા છે એવા પુષ્પોને યોજન પ્રમાણ તમારી દેશના ભૂમિ ઉપર જાનુ પ્રમાણ વર્ષાવે છે. તમારો માલવકૌશી કી પ્રમુખ ગ્રામ તથા રાગથી પવિત્ર એવો જે દિવ્ય ધ્વનિ થાય છે. તેને મૃગલાંઓ પણ હર્ષ વડે ઊંચી ગ્રીવા કરીને પીએ છે. (સાંભળે છે) તમારી આગળ રહેલી ચંદ્ર જેવી ઉજ્જવળ આ ચામર શ્રેણિ જાણે તમારા મુખકમળની સેવા કરવા આવેલી હંસની પંક્તિ હોય તેવી શોભે છે.

સિંહાસન ઉપર બિરાજી તમે જ્યારે દેશના આપો છો ત્યારે મૃગલાઓ સિંહની સેવા કરવા જાણે આવતા હોય તેમ તે દેશના સાંભળવા આવે છે. જ્યોત્સનાથી વ્યાપ્ત એવા ચંદ્રમાં જેમ ચકોર પક્ષીને હર્ષ આપે છે તેમ કાંતિઓથી વ્યાપ્ત (એટલે ભામંડળયુક્ત) એવા તમે સર્વની દષ્ટિઓને પરમ હર્ષ આપો છો.

હે વિશ્વપતિ ! તમારી આગળ આકાશમાં ધ્વનિ કરતો દુંદભિ, સર્વ જગતમાં આપ્ત પુરુષોને વિષે તમારા મોટા સામ્રાજયને જાણે બતાવતો હોય તેમ જણાવે છે. પુણ્ય સમૃદ્ધિઓના ક્રમ જેવા અને ત્રણ ભુવન ઉપરના તમારા પ્રૌઢ પ્રભુપણાને બતાવતા આ ત્રણ છત્રો તમારા ઉપર શોભી રહ્યા છે.

હે નાથ ! આવી તમારી ચમત્કારી પ્રાતિહાર્ય લક્ષ્મીને જોઈને કયા મિથ્યા દષ્ટિઓ પણ આશ્ચર્ય ન પામે ?

(આ ઇન્દ્ર સ્તુતિમાં પરમાત્માના આઠ પ્રાતિહાર્યનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.)

**સુમતિનાથપ્રભુની પ્રથમદેશના**

ઇન્દ્ર સ્તુતિ કરીને વિરામ પામ્યા, એટલે પ્રભુએ દેશના આપવાનો પ્રારંભ કર્યો.

‘હે ભવ્ય જીવો ! આ જગતમાં કાર્યાકાર્યના જ્ઞાનની યોગ્યતાને પામેલા પ્રાણીએ પોતાના કર્તવ્યમાં મૂઢ રહેવું ન જોઈએ. પુત્ર, મિત્ર તથા સ્ત્રી વગેરેની અને પોતાના શરીરની પણ જે સત્ક્રિયા થાય છે, તે સર્વ પરકાર્ય છે, તેમાં કાંઈ પણ સ્વકાર્ય નથી. પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે. એકલો જ મૃત્યુ પામે છે, અને ભવાંતરે સંચિત કરેલા કર્મોને એકલો જ ભોગવે છે, તેમજ એકે ચોરીથી ઉપાર્જન કરેલ ધન બધા ભેગા મળીને ખાઈ જાય છે, અને તે ચોરી કરનારને એકલાને જ નરકમાં પોતાના કર્મથી દુ:ખ ભોગવવાં પડે છે.

દુ:ખ રૂપ દાવનળથી ભયંકર અને વિસ્તારવાળા આ ભવ રૂપ અરણ્યમાં કર્મને વશ થયેલો પ્રાણી એકલો જ ભટકયા કરે છે, તેમાં આ જીવને બાંધવ વગેરે કોઈ પણ સહાયકારી થતા નથી. જો શરીર સહાયકારી છે એમ કહીએ તો તે શરીર તો ઊલટું સુખદુ:ખના અનુભવને આપનારું છે. સુખદુ:ખ ના અનુભવને આપનારું શરીર સહાયકારી છે એમ કહીએ તો તે પૂર્વભવમાંથી સાથે આવતું નથી. અને આગલા ભવમાં પણ સાથે આવવાનું નથી. તેથી સંફેટમાં (હડફેટમાં) આવી મળેલી કાયાને સહાયકારી કેમ કહેવાય ?

'ધર્મને અધર્મ સહાયકારી છે' એમ જો માનીએ તો તે પણ સત્ય નથી. કારણ કે ધર્મ અધર્મની સહાયતા મોક્ષમાં બિલકુલ નથી તેથી આ સંસારમાં શુભ–અશુભ કર્મ કરતો પ્રાણી ભટકે છે. અને પોતાના શુભાશુભ કર્મને યોગ્ય શુભ–અશુભ ફળને અનુભવે છે. તેજ પ્રમાણે અનુત્તર એવી મોક્ષલક્ષ્મીને પણ એકલો જ ગ્રહણ કરે છે, કારણ કે ત્યાં પૂર્વોક્ત સર્વ સંબંધીઓનો વિરહ હોવાથી બીજા કોઈને સાથે રહેવાને સંભવ નથી. માટે સંસાર સંબંધી દુ:ખ અને મોક્ષ સંબંધી સુખને પ્રાણી એકલો જ ભોગવે છે. તેમાં કોઈ સહાયકારી નથી.

જેવી રીતે હાથ–પગ છૂટા હોય તેવો માણસ એકલો તત્કાળ સમુદ્રના પારને પામી શકે છે, પણ હૃદય હાથપગ વગેરેથી બાંધી લીધેલો માણસ તેનો પાર પામી શકતો નથી; તે જ પ્રમાણે જે ધન અને દેહ વગેરેની ઉપર આસક્તિવાળો હોય છે તે આ ભવસમુદ્રનો પાર પામી શક્તો નથી, પરંતુ તેની ઉપરની આસક્તિવિનાનો એકલો સ્વસ્થપ્રાણી હોય તે આ ભવસમુદ્રના પારને તત્કાળ પામે છે; માટે સાંસારિક સર્વ સંબંધને છોડી દઈને પ્રાણીને એકલાપણે શાશ્વત સુખવાળા મોક્ષને માટે પ્રયત્ન કરવો.'

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને ઘણા નરનારી પ્રતિબોધ પામ્યા અને ચારિત્ર ગ્રહણ કર્યું. તેમાંથી 'ચમર' વિગેરે ૧૦૦ ગણધરો થયા. પ્રભુ પાસેથી ત્રિપદી સાંભળી તેમણે દ્વાદશાંગીની રચના કરી.

પ્રભુની દેશના સમાપ્ત થયા બાદ ચમર ગણધારે દેશના આપી. ગણધર દેશના સમાપ્ત થયા બાદ સર્વ જણ સ્વ-સ્વ સ્થાને ગયા.

પ્રભુના શાસનમાં તંબરૂ યક્ષ ને મહાકાલી દેવી યક્ષ-યક્ષિણી શાસનદેવ અને શાસન દેવી તરીકે ખ્યાત થયા. વાણીના ૩૫ ગુણો. અને ૩૪ અતિશયોથી સંપન્ન સુમતિનાથભગવાન ઘણા કાળ સુધી પૃથ્વી ઉપર વિચર્યા. અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ્યા.

પ્રભુને ૩,૨૦,૦૦૦ (ત્રણ લાખ વીસ હજાર) સાધુ, વિમલમતિ વિગેરે પાંચ લાખ ત્રીસ હજાર સાધ્વીજી. ૨૪૦૦ ચૌદપૂર્વી, ૧૧,૦૦૦ અવધિજ્ઞાની, ૧૦,૪૫૦ મન:પર્યવજ્ઞાની, ૧૩,૦૦૦ કેવળજ્ઞાની, ૧૮,૪૦૦ વૈક્રિય લબ્ધિવાળા, ૧૦,૪૫૦ વાદ લબ્ધિવાળા, તેમ જ **સર્વવીર્ય રાજા** આદિ બે લાખ એક્યાશી હજાર (૨, ૮૧, ૦૦૦) શ્રાવકો અને **ગુણવતી રાણી** આદિ પાંચ લાખ સોળ હજાર (૫, ૧૬, ૦૦૦) શ્રાવિકાનો પરિવાર થયો.

કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ સુમતિનાથભગવાને ૧૨ પૂર્વાંગ ૨૦ વર્ષ ન્યુન એક લાખ પૂર્વ વર્ષ સુધી પૃથ્વી ઉપર વિહાર કર્યો.

વિહાર કરતાં-કરતાં પોતાનો મોક્ષ કાળ સમિપ આવ્યો તેમ જાણીને સમ્મેત શીખરજીના પવિત્ર પહાડ ઉપર પ્રભુ પધાર્યા.

દસ લાખ પૂર્વ વર્ષ કુમારપણામાં, ઓગણત્રીસ લાખ પૂર્વ અને ૧૨ પૂર્વાંગ પ્રભુ રાજયાવસ્થામાં રહ્યા. અને ૧૨ પૂર્વાંગ ન્યુન ૧ લાખ પૂર્વ દીક્ષામાં રહી કુલ ૪૦ લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું તે વખતે.

પ્રભુએ ૧ હજાર મુનિઓની સાથે અણસણ સ્વીકાર્યું એક માસના અંતે ભવોપગ્રાહી ચાર અઘાતિ કર્મોને ખપાવી ચૈત્ર સુદ-૯ના

પુનર્વસુ નક્ષત્રમાં ચંદ્ર આવતા ૧ હજાર મુનિઓ સાથે પરમાત્મા સુમતિનાથનિર્વાણ પામ્યા.

સર્વ ઇન્દ્રો તથા દેવોએ પ્રભુનો તથા અન્ય મુનિઓના શરીરનો વિધિપૂર્વક અગ્નિ સંસ્કાર કર્યા. અને નંદીશ્વર દ્વીપે જઈ પ્રભુના નિર્વાણપર્વનો મહોત્સવ કરી સ્વ-સ્વ સ્થાને ગયા.

સુમતિનાથચરિત્ર ત્રિષષ્ઠી સલાકા ચરિત્રના આધારે પ.પૂ. આ રત્નચંદ્રસૂરિ (ડહેલાવાળા) મ.સા. દ્વારા સાચા સુમતિનાથ પુસ્તિકામાંથી ઉદ્ધૃત કરવામાં આવેલ છે.

# ચૈત્યવંદન વિધિ વિભાગ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

(નીચેનું સૂત્ર બોલી એક ખમાસમણ આપવું)

### ઇચ્છામિ ખમાસમણ સૂત્ર (યોગ મુદ્રામાં)

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

(પછી નીચેના સૂત્રો ઊભા રહીને બોલવા)

### ઇરિયાવાહિયં સૂત્ર (યોગ મુદ્રામાં)

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ?

ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥

ઇરિયાવહિયાએ, વિરાહણાએ ॥ ૨ ॥ ગમણાગમણે ॥ ૩ ॥

પાણક્કમણે બીઅક્કમણે હરિયક્કમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ॥ ૪ ॥

જે મે જીવા વિરાહિયા, ॥ ૫ ॥

એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥ ૬ ॥

અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા

કિલામિયા, ઉદ્‌વિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ॥ ૭ ॥

### તસ્સ ઉત્તરી સૂત્ર (યોગ મુદ્રામાં)

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્‌ઠાએ, ઠામિ, કાઉસ્સગ્ગં.

### અન્નત્થસૂત્ર (યોગ મુદ્રામાં)

અન્નત્થઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ ॥ ૧ ॥

સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્‌ઠિસંચાલેહિં ॥ ૨ ॥

એવમાઇએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥

જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥

(પછી 'જિનમુદ્રા'માં એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી કાઉસ્સગ પાર્યા બાદ બે હાથજોડી પ્રગટ લોગસ્સ કહેવો.)

### લોગસ્સ સૂત્ર (યોગ મુદ્રામાં)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે,
અરિહંતે કિત્તઈસ્સં ચઉવિસંપિકેવલી ॥ ૧ ॥

ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ;
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥

સુવિહિં ચ પુપ્ફદંતં, સિઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ;
વિમલમણંતં ચ જિણં, ધમ્મંસંતિં ચ વંદામિ. ॥ ૩ ॥

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિ જિણં ચ
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. ॥ ૪ ॥

એવંમએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા;
ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥

કિત્તીય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમંદિન્તુ ॥ ૬ ॥

ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા,
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥

(પછી ત્રણ વાર ખમાસમણ દઈ, ડાબો પગ (ઢીંચણ) જમીન પર સ્થાપીને હાથજોડીને)

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! ચૈત્યવંદન કરું ?**

**ઇચ્છં કહી 'સકલકુશલ' કહી ચૈત્યવંદન કરવું. (યોગ મુદ્રામાં)**

**સકલ કુશલ વલ્લિ, પુષ્કરાવર્ત મેઘો,**
**દુરિત તિમિર ભાનુ : કલ્પવૃક્ષોપમાન :**
**ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતુઃ,**
**સ ભવતુ સતતં વઃ**
**શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ**

**શ્રી વાસુ પૂજ્ય જિન ચૈત્યવંદન**

સુમતિનાથસુહંકરૂ, કોશલ્લા જસ નયરી;
મેઘરાય મંગલાતણો, નંદન જિત વયરી... ॥ ૧ ॥
-ક્રૌંચ લંછન જિનરાજીયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાલીશ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણ-ગેહ... ॥ ૨ ॥
સુમતિ ગુણે કરી જે ભર્યાએ, તર્યા સંસાર અગાધ;
તસ પદ પદ્મ સેવાથકી, લહો સુખ અવ્યાબાધ... ॥ ૩ ॥

(અથવા આ ચૈત્યવંદન પણ બોલી શકાય)

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તલસે;
તુમ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે...૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે...૨
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય;
'જ્ઞાનવિમલ' પ્રભુ નજરથી, તે શું ? જે નવિ હોય...૩

### જંકિંચિ સૂત્ર (યોગ મુદ્રામાં)

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ. ॥ ૧ ॥

### નમુત્થુણં સૂત્ર (યોગ મુદ્રામાં)

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ॥ ૧ ॥

આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ॥ ૨ ॥

પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવર ગંધહત્થીણં. ॥ ૩ ॥

લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ॥ ૪ ॥

અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, શરણદયાણં, બોહિદયાણં ॥ ૫ ॥

ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મ વરચાઉરંત - ચક્કવટ્ટીણં. ॥ ૬ ॥

અપ્પડિહયવર - નાણ - દંસણધરાણં, વિયટ્ટ છઉમાણં ॥ ૭ ॥

જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥ ૮ ॥

સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ - મયલ - મરૂઅ - મણંત

મક્ખય – મવ્વાબાહ – મપુણરાવિત્તિ – સિદ્ધિગઈ – નામધેયં, ઠાણં સંપત્તાણં, (મસ્તક નમાવતાં) નમો જિણાણં, જિઅભયાણં. ॥ ૯ ॥

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસંતિણા ગએ કાલે;
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ॥ ૧૦ ॥

(નીચેનું સૂત્ર લલાટ ઉપર જોડેલા હાથે મુક્તાશુક્તિ મુદ્રામાં બોલવું)

### જાવંતિ ચેઈઆઈં સૂત્ર (મુક્તાશુક્તિ મુદ્રામાં)

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થસંતાઈં ॥ ૧ ॥

(નીચેનું સૂત્ર બોલી એક ખમાસમણ દેવું)

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

### જાવંત કેવિ સાહૂ સૂત્ર (મુક્તાશુક્તિ મુદ્રામાં)

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥ ૧ ॥

(નીચેનું સૂત્ર ફક્ત પુરુષોએ બોલવું) (યોગ મુદ્રામાં)

નમોઽર્હત્–સિદ્ધાચાર્યોપાધ્યાય–સર્વ–સાધુભ્યઃ ॥ ૧ ॥

(આ પછી નીચેનું સ્તવન બોલવું અથવા સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું અથવા ઉવસગ્ગહરં સૂત્ર પણ બોલી શકાય.

### શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન (નિલુડી રાયણ તરૂતળે)

પંચમ જગપતિ વંદિયે – સાહેલડીયાં,
સુમતિ–જિનેસરદેવ રે, ગુણવેલડીયાં
સુમતિતણો દાયક પ્રભુ – સાહે.
એહ સેવો નિતમેવ – ગુણ...(૧)
જેહને જનમ–મરણ નહિં–સા૦ આર્તધ્યાન નવિ હોય –ગુણ૦
દુર્ગતિ સનમુખ નવિ હોયે–સાહે૦ ભવદુઃખસામું ન જોય – ગુણ...(૨)

રોગ-શોગ નવિ એહને-સા૦ નહિ એહને સંતાપ-ગુણ૦
એહની કરો ઉપાસના-સાહે૦ જાયે જેહથી પાપ – ગુણ...(૩)
અષ્ટ કરમ-દલ છેદીને-સા૦ પામ્યા અવિચલ રાજ્ય-ગુણ૦
રત્નત્રયી પ્રગટ કરી-સાહે૦ સુખ વિલસે નિત પ્રાજય – ગુણ...(૪)
જિન-ઉત્તમ પદ-પદ્મને – સા૦ સેવ્યે સુખ નિરધાર -ગુણ૦
જેહથી અક્ષયપદ લહે-સાહે૦ અવ્યાબાધ ઉદાર – ગુણ...(૫)

### ઉવસગ્ગ-હરં સ્તોત્ર (યોગ મુદ્રામાં)

ઉવસગ્ગ-હરં પાસં, પાસં વંદામિ કમ્મ-ઘણ-મુક્કં;
વિસહર-વિસનિન્નાસં, મંગલ-કલ્લાણ-આવાસં ૧
વિસહરફુલિંગ-મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહ-રોગ-મારિ-દુટ્ઠ-જરા જંતિ ઉવસામં. ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજઝ પણામો વિ બહુ-ફલો હોઈ;
નર-તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં. ૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પ-પાયવ-બ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪
ઈઅ સંથુઓ મહાયસ !; ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ;
તા દેવ !, દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ! ૫
(બહેનોએ હાથઊંચા કરવા નહીં)
જોડેલા હાથલલાટે લગાડીને 'મુક્તાશુક્તિ' મુદ્રામાં નીચેનું સૂત્ર બોલવું.

### જય વીયરાય સૂત્ર (મુક્તાશુક્તિ મુદ્રામાં)

જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં ।
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠ ફલસિદ્ધિ. ...૧
લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણંચ;
સુહગુરુજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા. ...૨
(બાકીનું સૂત્ર બે હાથનીચે કરીને 'યોગમુદ્રા'માં બોલવું)

વારિજજઈ જઈવિ નિયાણ-બંધણં વીયરાય ! તુહ સમયે;
તહ વિ મમ હુજજ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ...૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજજઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં. ...૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ...૫

**અરિહંત ચેઈઆણં સૂત્ર (યોગ મુદ્રામાં)**

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરુવસગ્ગવત્તિઆએ ! ૨.

સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉગ્ગં.૩

**અન્નત્થસૂત્ર (યોગ મુદ્રામાં)**

અન્નત્થઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં,
જંભાઈએણં ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં,
ભમલીએ પિત્તમુચ્છાએ ॥ ૧ ॥
સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ-સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ॥ ૨ ॥
એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ
હુજજમે કાઉસગ્ગો. ॥ ૩ ॥
જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ,
તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ॥ ૪ ॥
(કહીને એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી બે હાથજોડીને)
નમોડર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥ ૧ ॥
(કહી થોય કહેવી)

**શ્રી પદ્મવિજયજી કૃત થોય**

સુમતિ સુમતિ દાઈ, મંગલા જાસ માઈ,
મેરુને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધા ઘાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિ ઉણીમ કાંઈ, સેવીયે એ સદાઈ... ॥ ૧ ॥

(પછી ખમાસમણ આપી પચ્ચક્ખાણ લેવું)

અને... છેલ્લે... ભાવપૂજાની પૂર્ણાહુતિ કરતાં... કરતાં... નીચેની ભાવવાહી 'સ્તુતિ' બોલી સુંદર 'ભાવના' ભાવવી.

આવ્યો શરણે તમારા જિનવર ! કરજો, આશ પૂરી અમારી,
નાવ્યો ભવપારમ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ ! આજે હરખ અધિકથી, પરમ આનંદકારી,
પાયો તુમ દર્શનાસેં ભવભય ભ્રમણા, નાથ ! સર્વે અમારી.
ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગુ છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી 'ઉદયરત્નની' વાણી.
જિને ભક્તિ જિને ભક્તિ, જિને ભક્તિ દિને દિને;
સદા મેડસ્તુ, સદા મેડસ્તુ, સદા મેડસ્તુ ભવેભવે.
ઉપસર્ગા: ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્નવલ્લય:
મન: પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે.
સર્વ મંગલ માંગલ્યમ્, સર્વ કલ્યાણ કારણમ્;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

## નિત્ય આરાધના વિધિ

**સવારે ઉઠતી વખતે...**

—'સૂતાં સાત ઊઠતાં આઠ' સવારે ઊઠતી વખતે આંખો બંધ કરી અંજલિબદ્ધ પ્રણામ (બંને હાથના અંગૂઠા સામ-સામા રાખી

જમણા હાથની આંગળીઓ ઉપર આવે તેમ બંને હાથની આંગળીઓ ભેગી કરવી) સાથે આઠ કર્મને દૂર કરવા આઠ નવકાર ગણવા.

– અંજલિને ખોલી સિદ્ધશિલા અને એની ઉપર બિરાજમાન ૨૪ તીર્થંકર પરમાત્માના દર્શન કરવા.

પુરુષોએ પહેલાં જમણો હાથ અને બહેનોએ ડાબો હાથ જોવો. સ્વર–શ્વાસ જોઈ જે સ્વર ચાલતો હોય એ પગ પથારીથી નીચે મૂકવો.

– ઈશાન ખૂણા સન્મુખ શ્રી સીમંધર સ્વામી પ્રભુને ત્રણ ખમાસમણા દઈ પ્રાર્થના કરવી...'હે પરમતારક દેવાધિદેવ પ્રભો ! અનાદિકાલથી આજ સુધી અનંતા ભવોમાં મારા જીવે જે કાંઈ હિંસા – જૂઠ – ચોરી – મૈથુન – પરિગ્રહ – ક્રોધ – માન –માયા–લોભ–રાગ– દ્વેષ–કલહ–અભ્યાખ્યાન–પૈશુન્ય–પરપરિવાદ–રતિ–અરતિ–માયામૃષાવાદ અને મિથ્યાત્વ શલ્ય એ અઢાર પાપ સ્થાનકો સેવન કર્યાં હોય, સેવન કરાવ્યાં હોય, કરતાં ને અનુમોદ્યા હોય. અનેરું જે કાંઈ વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ આચરણ કર્યું – કરાવ્યું – અનુમોદ્યુ હોય તેના માટે હું ત્રિવિધે મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું.'

હે પ્રભો ! પૂર્વે અનંતા ભવોમાંહિ મારા જીવે જે કાંઈ શ્રી અરિહંતો દેવો, ગુરુ ભગવન્તો, શ્રી જૈન ધર્મની વિરાધના કરી હોય, આશાતના કરી હોય, ઉત્સૂત્ર પ્રરૂપણ કર્યું હોય તો તેના માટે હું મિચ્છામિ દુક્કડં દઉં છું, મિચ્છામિ દુક્કડં દઉં છું. હે પ્રભો ! આપની ભક્તિના પ્રભાવે મને શ્રી સમ્યગદર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નની પ્રાપ્તિ થાઓ ! ભવોભવ આપના ચરણની સેવા મળે જેના પ્રતાપે હું જિન આજ્ઞા અનુસાર આરાધના કરવા પૂર્વક કર્મોનો નાશ કરી મોક્ષ સુખ પ્રાપ્ત કરું.

હે પ્રભો ! આપની કૃપાથી મને એવી શક્તિ પ્રાપ્ત થાઓ જે દ્વારા હું મારા કર્તવ્યો નીતિ – ન્યાય – અહિંસા – સત્ય – અચૌર્ય

– બ્રહ્મચર્ય – અપરિગ્રહ વ્રતોનું પાલન કરી શકું. પ્રાણિમાત્ર પ્રત્યે મૈત્રીભાવના, ગુણશીલ પ્રત્યે પ્રમોદ ભાવના, દીન દુ:ખી પ્રત્યેક કરુણા ભાવના, ધર્મ વિહુણા પ્રત્યે મધ્યસ્થભાવના ભાવનારો બનું.

**સર્વથા સહુ સુખી થાઓ, પાપ ન કોઈ આચરો,**
**રાગ–દ્વેષથી મુક્ત થઈને, મોક્ષ સુખ સહુ જગ વરો**

**રાત્રે સૂતી વખતે...**

સાત નવકાર ગણીને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી

શ્રી અરિહંત પરમાત્માનું શરણ હો, શ્રી સિદ્ધ પરમાત્માનું શરણ હો,

શ્રી સાધુ ભગવંતોનું શરણ હો, શ્રી કેવલી–પ્રરૂપિત ધર્મનું શરણ હો....

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણ સંજુઓ,
સેસા મે બાહિરાભાવા, સવ્વે સંજોગ લખ્ખણ...॥૧॥

એક મારો આત્મા શાશ્વત છે ! જ્ઞાન–દર્શન મારા ગુણો છે, તે સિવાય બધા પૌદ્‌ગલિક સંજોગો, સંબંધો, ધન, સ્ત્રી, કુટુંબ વિ. આત્માથી જુદા છે, સાથે આવ્યા નથી, આવશે નહીં, સાથે કેવલ એક શ્રી જિનેશ્વર દેવનો ધર્મ જ આવશે.

આહાર–શરીરને ઉપધિ, પચ્ચક્ખૂં પાપ અઢાર.
મરણ આવે તો વોસિરે, જીવું તો આગાર...॥૨॥

આજ દિવસ સુધી મારા જીવે જે કાંઈ પુદ્‌ગલો ગ્રહણ કરીને મૂક્યા હોય તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું, વોસિરાવ છું !

હે જગદ્વત્સલ ! ભવચક્રમાં આજ દિન પર્યંત મારા જીવે આપશ્રીની આજ્ઞા અનુસાર જે કાંઈ આરાધન કર્યું હોય, કારવ્યું હોય, કરતાનું અનુમોદન કર્યું હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું. આપશ્રીની આજ્ઞાનુસાર જ્યાં–જ્યાં આરાધના

થઈ હોય, થતી હોય, થવાની હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે અનુમોદન કરું છું, અનુમોદન કરું છું, અનુમોદન કરું છું.

હું સર્વજીવોને ખમાવું છું, સર્વે જીવો મને ખમાવે, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ હું આલોચન કરું છું, મારે કોઈની સાથે વેર વિરોધ નથી.

ચૌદ રાજલોકમાં પરિભ્રમણ કરતા સર્વે જીવો કર્મવશ છે, તે સર્વેને મેં ખમાવ્યા છે. તે સર્વે મને ખમાવે, જે જે મનથી, વચનથી, કાયાથી પાપ કર્યું હોય તે મિથ્યા દુષ્કૃત થાઓ (નાશ પામો)

રાત્રે સાત ભયથી મુક્ત થવા ૭ નવકાર ગણવા.

## શ્રી સુમતિનાથજિનેશ્વરના પૂર્વભવ, જન્મ, દીક્ષા-છદ્મસ્થકાળ વિગેરેના ૬૨ બોલ

| | |
|---|---|
| ૧. પૂર્વભવ દેવલોક | જયંત અનુત્તર વિમાન |
| ૨. પૂર્વભવ દેવ આયુષ્ય | ૩૩ સાગરોપમ |
| ૩. ચ્યવનકલ્યાણક | શ્રાવણ સુદ ૨ |
| ૪. સ્વપ્ન | ૧૪ સ્વપ્ન |
| ૫. ગર્ભકાળ | ૯ માસ સાડાસાત દિવસ (ક્યાંક છ દિવસ) |
| ૬. જન્મ કલ્યાણક | વૈશાખ સુદ ૮ |
| ૭. " દેશ | કોશલા |
| ૮. " નગરી | અયોધ્યા |
| ૯. " માતા | મંગલાદેવી |
| ૧૦. " પિતા | મેઘરાજા |
| ૧૧. "ગૌત્ર | કાશ્યપ |
| ૧૨. જન્મ વંશ | ઈક્ષ્વાકુ |
| ૧૩. " નામ | સુમતિનાથ |

| | |
|---|---|
| ૧૪. " લંછન | ક્રૌંચપક્ષી |
| ૧૫. શરીરવર્ણ | કંચનવર્ણ |
| ૧૬. શરીરમાન | ૩૦૦ ધનુષ |
| ૧૭. રાજકુમારાવસ્થા | – ૧૦ લાખ પૂર્વ વર્ષ |
| ૧૮. રાજ્યકાળ | ૧૨ પૂર્વાંગ સહિત ૨૯ લાખ પૂર્વ. |
| ૧૯. દીક્ષા કલ્યાણક | વૈશાખ સુદ ૯ |
| ૨૦. દીક્ષા તપ : | એકાસણું |
| ૨૧. દીક્ષા પરિવાર | ૧૦૦૦ રાજા સાથે દીક્ષા |
| ૨૨. દીક્ષા નગર | અયોધ્યા |
| ૨૩. દીક્ષા ઉધાન | સહસામ્રવન |
| ૨૪. દીક્ષા વૃક્ષ | અશોકવૃક્ષ |
| ૨૫. દીક્ષા જ્ઞાન | મન:પર્યવ જ્ઞાન |
| ૨૬. પ્રથમ પારણું | પરમાન્ન |
| ૨૭. નગર | વિજયપુર |
| ૨૮. દાતા | પદ્મરાજા |
| ૨૯. છદ્મસ્થકાળ | ૨૦ વર્ષ |
| ૩૦. કેવલજ્ઞાનતિથિ | ચૈત્ર સુદ ૧૧ |
| ૩૧. નગરી | અયોધ્યા |
| ૩૨. કેવલજ્ઞાન ક્યા | સહસ્રામ્રવન |
| ૩૩. "વૃક્ષ | પ્રિયંગુ |
| ૩૪. "તપ : | ષષ્ટ ભક્ત (છટ્ઠ) |
| ૩૫. પ્રથમ ગણધર | ચમર ગણધર |
| ૩૬. પ્રથમ સાધ્વી | કાશ્યપી |
| ૩૭. ભક્ત રાજા | સત્યવીર્ય |
| ૩૮. શાસનઅધિષ્ટાયક | યક્ષ તુંબરૂ |
| ૩૯. " "અધિષ્ઠાયિકા | યક્ષિણી મહાકાલી |
| ૪૦. ગણધર | ૧૦૦ |
| ૪૧. સાધુ | ૩,૨૦,૦૦૦ |

| | |
|---|---|
| ૪૨. સાધ્વી | ૫,૩૦,૦૦૦ |
| ૪૩. શ્રાવક | ૨, ૮૧, ૦૦૦ |
| ૪૪. શ્રાવિકા | ૫,૧૬,૦૦૦ |
| ૪૫. કેવલ જ્ઞાની | ૧૩,૦૦૦ |
| ૪૬. મન:પર્યવજ્ઞાની | ૧૦,૪૫૦ |
| ૪૭. અવધિજ્ઞાની | ૧૧,૦૦૦ |
| ૪૮. ચતુર્દર્શપૂર્વી | ૨,૪૦૦ |
| ૪૯. વૈક્રિયલબ્ધિધારક | ૧૮,૪૦૦ |
| ૫૦. વાદિમુનિરાજ | ૧૦, ૪૫૦ |
| ૫૧. ગૃહસ્થકાળ | ૧૨ પૂર્વાંગ અધિક ૩૯ લાખ પૂર્વ વર્ષ |
| ૫૨. કેવલ્યજ્ઞાન | ૨૦ વર્ષ ૧૨ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ વર્ષ. |
| ૫૩. દીક્ષા પર્યાય | ૧૨ પૂર્વાંગ ન્યૂન ૧ લાખ પૂર્વ વર્ષ. |
| ૫૪. સર્વ આયુષ્ય | – ૪૦ લાખ પૂર્વ વર્ષ – |
| ૫૫. નિર્વાણ તિથિ | ચૈત્ર સુદ ૯ |
| ૫૬. નિર્વાણ સ્થાન | સમ્મેતશિખર તીર્થ |
| ૫૭. નિર્વાણ આસન | કાયોત્સર્ગાસન |
| ૫૮. નિર્વાણ તપ : | માસક્ષમણ |
| ૫૯. નિર્વાણ વેળા | પૂર્વાહ્ન કાળ |
| ૬૦. નિર્વાણ આરો | ચોથો |
| ૬૧. યુગાંતકૃદ્ભૂમિ | સંખ્યાત<br>પુરુષ = પેઢી |
| ૬૨. પર્યાયાન્ત કૃદ્ભૂમિ | એક દિવસ |

પ્રભુની જન્મ કુંડળી



# અમારા પરમ ઉપકારી પૂજ્ય પિતાશ્રી વેણીચંદભાઈ પૂજ્ય માતુશ્રી લીલાબેન

**સુભાષભાઈ ઘોટીવાળા**

બનાસકાંઠાની ધીંગી ધરતીના પાલનપુર નજીકના ગોલા ગામના વતન દાદાશ્રી લલ્લુભાઈ ધંધાર્થે મહારાષ્ટ્રના ઘોટી ગામે સ્થાઈ થયા...ને શ્રી વેણીચંદભાઈનો જન્મ ત્યાંજ થયો.

પૂ. પિતાશ્રીએ ધંધાની સાથે સાથે ધર્મનો પણ બહુજ સુંદર વિકાસ સાધ્યો.

અઠ્ઠાઈ, નવપદજીની ઓળી, પાલિતાણામાં બે ચાતુર્માસ તથા જેસલમેર, શિખરજી, પાલીતાણા, ગિરનાર, દેલવાડા આદિ અનેક તીર્થોની યાત્રા પણ કરી છે.

એટલુંજ નહિ..પણ ધર્મકાર્યમાં સુંદર દ્રવ્ય વ્યય પણ કરેલ છે જેમકે...ટાંકેદ ગામમાં શ્રી આદેશ્વર ભગવાનની પ્રતિષ્ઠા, વિલ્સન ડેમના નૂતન જિનાલયમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથભગવાનની પ્રતિષ્ઠા, હીર સૂરિ સંઘ-મલાડમાં શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠાનો સુંદર લાભ લીધો છે. એ સિવાય અનેક ધાર્મિક અનુષ્ઠાનોમાં લાભ લઈ પૂજાનાં વસ્ત્રો પહેરતાં ૯૪ વર્ષની વયે સમાધિમૃત્યુને વર્યા.

પૂ. માતુશ્રી લીલાબેનની ધર્મભાવના દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી ગઈ. તેમણે અઠ્ઠાઈ, વરસી તપ, ૩ ઉપધાન તપ, ચૈત્રી પૂનમ, જ્ઞાન પંચમી, બીજ તેમજ નવપદની ઓળી, વિસસ્થાનકની ઓળી આદિ અનેક નાની મોટી તપશ્ચર્યા કરી છે. તેમજ સિદ્ધગિરીની છત્રછાયામાં ત્રણ ચાતુર્માસ કરી જીવન ધન્ય બનાવેલ છે. જેને આજે ૧૦ - ૧૦ વર્ષના વ્હાણા વાઈ ગાય..પૂ.માતુશ્રી પણ સુંદર મજાની આરાધના કરી જીવન સાર્થક કરી ગયા.

ભૂલો ભલે બીજું બધુ...   મા - બાપને ભૂલશો નહિ



સ્વ. પૂ. પિતાશ્રી વેણીચંદભાઈ



સ્વ. પૂ. માતુશ્રી લીલાબેન

## પ. પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ.સા. એ પૂજ્યશ્રીનાં સંકલિત કરેલ પુસ્તકોની યાદી

● યોગદૃષ્ટિ ભાગ ૧/૨/૩
★ પ્રીતમ કેરો પંથ નિરાળો
● પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા
● સૂરિ પુરંદર
★ યતિ હિતશિક્ષા
★ સ્વાધ્યાયનો સ્વાધ્યાય
● વાચના પ્રસાદી
★ ભવ અનંતમાં દરિશન દીઠું
● મીઠાં ફળ માનવભવના (૧-૨ આવૃત્તિ)
★ મનને મનાવી લે
★ દરિસણ તરસીએ...
● વાચનાનો ખજાનો
★ ધર્મનો રંગ વધે ઉમંગ
★ ધર્મ કીયે સુખ હોય
★ મળે જિને ચરણા, ટળે ભવ ભ્રમણા
★ મનને સંભાળી લે
★ વાચનાનો ધોધ, કરે આત્મપ્રબોધ
★ વાચના વૈભવ
★ પ્રભુ નામે સંતાપ શમે
★ સમાધિનો ખજાનો
★ દિલ અટકો તોરા ચરણ કમલ મેં
★ જીવનની ઔષધિ, મનની સમાધિ
★ ભક્તિની ભીનાશ, હૃદયની સુવાસ
★ જીવન બને ઉપવન
★ સંકલ્પ ભળે, સિદ્ધિ મળે
★ પ્રભુનાં ધ્યાને, પ્રભુતા પામે
★ સમતાની લહાણી, જીવનની કમાણી
★ તું તારું સંભાળ
★ બાંધો પ્રભુ સાથે પ્રીત
★ રહો નિત્ય પ્રસન્ન
★ વિરાગના ઉપવનમાં
★ જિનશાસનનું ઝવેરાત
★ બાંધો પ્રભુ સે પ્રીત (હિંદી)
★ ગુપ્ત ભંડારની ચાવી ૧-૨ આવૃત્તિ
★ અરિહંતનું નામ વિશ્રામનું ધામ
★ કંટાળશો નહિ જીવનથી, ડરશો નહિ મરણથી
★ નવરસમય નવકાર
★ કામક્રોધાદિ અટકે, ભવ વને નહિ ભટકે
★ તપનો મહિમા ભારી, ઉઘાડે મુક્તિની બારી

★ માનવજીવનની જડીબુટ્ટી
★ ઉન્નતિની ચાવી
★ કરીએ પાપ વિરામ, મેળવીએ મુક્તિધામ
★ લઈએ શરણ અરિહંતનું
★ પ્રભુને મળીએ, પ્રભુમાં ભળીએ
★ પર્યુષણનું આલંબન, દૂર કરે ભવના બંધન
★ પ્રભુનું નામ, શીતલતાનું ધામ
★ સુખ લહું ઠામોઠામ
★ સુખ અને સાત્વિકતાની અનુપમ ચાવી
★ પ્રભુનો પ્રસાદ, સુખનો આસ્વાદ
★ સદ્વિચારોની અનેક ચાવીઓ
★ પ્રતિક્રમણ મહાયોગ
★ કરીએ નિર્મલ ચિત્ત, મેળવીએ પ્રભુ પ્રીત
★ કરીએ મનનું જતન, પામીએ મનોરતન
★ ગુપ્ત ભંડાર કી ચાવી (હિંદી)
★ જીવનવિકાસની અનેક ચાવીઓ
★ સાધનાનો રંગ, અપાવે મુક્તિ અભંગ
★ જિંદગી જીવવા જેવી લાગે છે ?
★ સ્વામી તમે કાંઈ કામણ કીધું
★ વાતે વાતે આમ કેમ ?
★ દૃષ્ટિ બદલો - સૃષ્ટિ બદલે
★ પ્રભુ ગુણ પ્રેમસ્વભાવે, સેવકના દુઃખ શમાવે
★ ચાલો પાવન થઈએ
★ બ્રહ્મચર્યના તેજ લિસોટા
★ વધે ધર્મ તેજ, ઘટે મોહ તેજ
★ રોટલાની રામાયણ, કાંકરાએ સુધારી (વાર્તાઓ)
★ પ્રભુનું દર્શન, કરે પાપ વિસર્જન
★ આરાધનાની વાત ચાર, હૈયે હર્ષ અપાર
★ દરેક પ્રશ્ન આમ કેમ ?
★ તમને શું દુઃખ છે ?
★ વાર્તા વિહાર (વાર્તા)
★ આત્મવિકાસનો માર્ગ
★ ચોમાસી, આરાધના કરીએ ભાવે ઉપાસના
★ ભાગ્યશાળીને ભૂત રળે (વાર્તાઓ)
★ સદા છ કર્તવ્ય કરીએ
★ જીવન કેવું જીવશો ?
★ આમ કેમ ?
★ પ્રભુ ગમે છે ?
★ ધર્મ કેમ અને કેવો...

★ જિનવચનનો રાગ - બનાવે વીતરાગ
★ કરો ગુરુ સેવા - પામો મુક્તિ મેવા
★ લઈએ મહાપર્વનું આલંબન
★ આ પણ ટકવાનું નથી (વાર્તા)
★ જૈન ધર્મનું અજોડ કર્મ વિજ્ઞાન
★ દિશાથી અટકો... ભવમાં નહિ ભટકો...
★ ક્રિયામાં મસ્તી હટાવે મનની સુસ્તી
★ સાંકડું મન સંતાપનું કારણ
★ જિનની ભક્તિ આપે અનેરી શક્તિ
★ વ્રત-નિયમ ઉતારે ભવપાર
★ મન સાધ્યું તેણે સઘળું સાધ્યું
★ બ્રહ્મ સત્ય - ભોગ મિથ્યા
★ હવે પૂછો કે આમ કેમ ?
● જિનભક્તિના તાણાવાણા
★ શેઠની શિખામણ ઝાંપા સુધી (વાર્તા)
★ પૂછો કેમ ? જવાબ મળે એમ ?
● ગંગાપ્રવાહ
★ તુજ મુરતિ નિરખે સો પાવે
★ ટેન્શનમુક્ત કેમ બનાય ?
★ દર્શનની છ કલા ?
● વેરથી વેર શમે નહિ (વાર્તા)
★ પરિગ્રહનો તાપ - કરાવે બહુ પાપ
★ રાગનો અંધાપો યાને સુનંદા - રૂપસેન
● બદલો ભલા બુરાનો... (વાર્તા)
● રાગાદિ દોષોથી કેમ બચાય ?
● ચાલો, અરિહંતને ઓળખીએ
★ ભવનું ભ્રમણ યાને સંસારના પાંચ કારણ
★ નવકારમાં નવરસ
● પ્રભુનું દર્શન કરે મન પ્રસન્ન
● રાગ દ્વેષ કરાવે કલેશ
● ક્રોધાદિ કષાયો રોકવાની ચાવીઓ
● મક્કમ મનનો ધર્મ... તોડે કર્મોના મર્મ
★ ચાલો, જીવન સફળ કરીએ... શેઠનો બંગલો
● ભજ પ્રભુને ઘડી બે ઘડી
● અશુભ ભાવોના તોફાન
● પ્રભુદર્શનની આશ વધે પુણ્ય પ્રકાશ
● પ્રભુ ગુણ પ્યાલા પીએ મતવાલા
● શબ્દોનો ચમત્કાર (પ્રેસમાં)

આજના કાળે ઊભરાતા અશુભ સંકલ્પો-વિકલ્પોથી બચવા અને શુ
તથા જીવનમાં ઉદ્ભવતી જટિલ સમસ્યાનો ઉકેલ પામવા વૈરા
આરાધનાનો જોમ પૂરવા, દિવ્ય જ્યોતિર્ધરોનો પરિચય કરવાને જૈન
સમજણ મેળવવા તથા આત્મશુદ્ધિ અને શુભ ભાવોનું સતત સાતત્
દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પૂજ્યપાદશ્રીના લખાયેલાં પુસ્તકોને મે ...દ. ગુજરાત.


**દિવ્યદર્શન ટ્રસ્ટ C/o. કુમારપાળ વા. શાહ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા - ૩૮૭૮૧૦. જિલ્લો : અમદાવાદ. ગુજરાત.


(★ આ નિશાની અપ્રાપ્ત પુસ્તકોની છે.)